R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

VOL.68 ISSUE NO. 07 - OCTOBER 2025 - 60 PAGES - RS. 15/-

Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
**Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org**

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત
# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ
શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાઈક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯
૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

ક.વી.ઓ. સેવા સમાજનું દરેક ઘરે પહોંચતું અને વંચાતું નિષ્પક્ષ માસિક મુખપત્ર એટલે પગદંડી. રીતિ-રિવાજ, સમાજ સુધારા, રૂઢિઓ, છૂટાછેડા, આરોગ્ય, અભ્યાસ, દેશ વિદેશ, સમાજની સંસ્થાઓ, ચૂંટણીઓ, ધાર્મિક, રાજકારણ, દરેક સમસ્યા અને એના નિરાકરણને વાચા આપતી જાગૃતીની પ્રજવલિત મિશાલ એટલે પગદંડી. સમાજના વિચારવંત લેખકો અને વિવિધ સ્તરોના લોકોને જોડી રાખનાર કડી એટલે પગદંડી.

છેલ્લા સાત દાયકાથી વધારે સમયથી ક.વી.ઓ. સેવા સમાજ દ્વારા પ્રકાશિત પગદંડી, સમાજની આન, બાન અને શાન છે. ક.વી.ઓ જ્ઞાતિના શ્રેષ્ઠ તેમ જ વિચારશીલ લેખોથી સંપાદિત પગદંડી. આઠ હજારથી વધારે કુટુંબો નિયમતપણે વાચે છે. તે ઉપરાંત એની ડિજિટલ કોપી પણ સોશિયલ મીડિયાના માધ્યમથી અગિણત વાંચકોમાં લોકપ્રિય છે.

આપ આપના ધંધા, રોજગાર, દુકાન કે વિવિધ ઉત્પાદનની વસ્તુઓની જાહેરખબર પગદંડીમાં આપી, આપના દુકાન, પ્રોડક્ટની બ્રાન્ડને વધુ મજબૂત કરી શકશો. આપની જાહેરખબરથી આપના ધંધા, આપના પ્રોડક્ટ ઉપરાંત ક.વી.ઓ. સેવા સમાજની વિવિધ સમાજોપયોગી પ્રવૃતિઓને પીઠબળ મળશે.

| જાહેરખબરનો પ્રકાર | વાર્ષિક દર |
|---|---|
| બ્લેક એન્ડ વ્હાઇટ અડધું પાનું | રૂા. ૨૫,૦૦૦/- |
| બ્લેક એન્ડ વ્હાઇટ આખું પાનું | રૂા. ૫૦,૦૦૦/- |
| મલ્ટિકલર 100 GSM Art Paper (કવરપેજ - અંદરનું બીજું/છેલ્લેથી બીજું) | રૂા. ૯૦,૦૦૦/- |
| મલ્ટિકલર 100 GSM Art Paper (કવરપેજ - છેલ્લું પાનું) | રૂા. ૧,૦૦,૦૦૦/- |

**સંપર્ક - ૦૨૨ ૨૩૭૧ ૪૬૭૪; ૦૨૨ ૨૩૭૭ ૩૦૩૨; ૯૬૧૯૨ ૩૩૦૦૦**

**લી. તંત્રીઓ**

# પગદંડી

ઑક્ટોબર ૨૦૨૫

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી | | |
| ૧૦ મિનિટ - ડિલિવરી.................................... | સંજય ચંદનબેન વિસનજી છેડા...................... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ........................................................ | ચંદ્રકાંત મણિબેન નાનજી લાલન.................. | ૯ |
| EVER EVOLVING.................................... | ................................................................. | ૧૧ |
| પગ મેં ભમરી............................................................ | લીલાધર હાંસબાઈ માણેક ગડા 'અધા'......... | ૧૬ |
| ઑટિઝમ : લક્ષણો, કારણો અને સારવાર | | |
| 'કાગડો અને શિયાળ' ની વાર્તા મને નથી ગમતી......... | ગુલાબ પાનબાઈ રવજી દેઢિયા.................... | ૨૦ |
| પૂરે પચાસ સાલ.......................................................... | રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ................. | ૨૨ |
| ચાલો પાછા વળીએ.................................................... | પન્નાલાલ લક્ષ્મીબેન ખીમજી છેડા................. | ૨૯ |
| મૌન... સાયલન્સ...નિ:શબ્દતા... અને આપણે................ | પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિ:શબ્દ)...... | ૩૨ |
| આપણા સમાજની પ્રતિભા- કેવલ નીલમ હિરેન કક્કા.. | સંકલનઃ સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા.... | ૩૫ |
| કવીઓ છોકરીની છટણી (લેઓફ)ની વાર્તા................ | પ્રિયંકા નિરૂપા જયંતીલાલ શાહ...................... | ૩૯ |
| છૂટા-છેડા................................................................. | વસંત જેઠીબાઈ લીલાધર ગાલા ................... | ૪૩ |
| સાહિત્ય અમૃત ........................................................... | આલેખનઃ ચંદ્રકાંત હિરબાઈ શિવજી નંદુ....... | ૪૬ |
| ઉર્મિલહર.................................................................. | સંપાદન : વિશન પાનબાઈ દેવરાજ નાગડા... | ૫૦ |
| સેવા સમાજ - અપડેટ................................................ | ................................................................. | ૫૩ |
| સાંત્વન...................................................................... | ................................................................. | ૫૬ |
| મુખપૃષ્ઠ ચિત્ર ........................................................... | મહેશ સાકરબેન નાનજી શાહ....................... | ૧૫ |


**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા (રોહા) - ફોર્ટ) મોબાઈલ : ૯૮ ૩૩ ૫૪ ૧૦ ૪૦

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
शुभ नवरात्रि
Nine nights of devotion, celebration, and divine energy.
Wishing you a vibrant and blessed Navratri!

# તંત્રીસ્થાનેથી

## ૧૦ મિનિટ - ડિલિવરી

ઑફિસથી આવી સાંજે દીવાબત્તી કરી રહ્યો હતો. દીવો થઈ ગયો એટલે મેં હોમ મિનિસ્ટ્રીને કહ્યું, ''છેલ્લા બાકસની આ છેલ્લી દીવાસળી છે. આ વખતે માચીસ લાવવાના રહી ગયા. હવે કાલે ચૂલામાંથી દીવા માટે અગ્નિ લેવો પડશે''. ત્યાં દીકરો બોલ્યો, ''ઊભા રહો, હમણાં બ્લિન્કઈટ કરી દઉં છું. દસ મિનિટમાં આવી જશે.''

હું થોડો ગુસ્સે થયો. મેં કહ્યું ''હમણાં નીચે જઈ કરિયાણાની દુકાનેથી એક પૅકેટ લઈ આવીશ. એના માટે ઍપ શાને.'' Gen Z મને સમજાવી રહ્યો હતો, કે ''પપ્પા, કોઈનો વકરો થઈ રહ્યો છે, ઉપરથી કોઈને ડિલિવરીના પૈસા મળી રહ્યા છે, આપણને ઘરે બેઠા દસ મિનિટમાં વસ્તુ મળી રહી છે. તો એમાં ખોટું શું છે?''

ત્યારે તો હું વધુ કાંઈ દલીલ વિના ચંપલ પહેરી લિફ્ટનું બટન દબાવી ઊભો રહી ગયો અને એ બ્લિન્કઈટ મુવમેન્ટને એકવાર માટે ટાળી દીધી, પણ પછી લિફ્ટમાં વિચારે ચઢ્યો કે આ શું નવી સિસ્ટમ ચાલી રહી છે આખા દેશમાં. છાપાંઓમાં આખા પાનાની જાહેરાત અને મોટા ભાગની કંપનીઓની એક જ જાહેરાત. દસ મિનિટમાં ડિલિવરી અને ચીજ-વસ્તુઓ કેવી. એકદમ નાનામાં નાની વસ્તુની એ જ ભાવે દસ મિનિટમાં ડિલિવરી. (Blinkit માત્ર એક ઉદાહરણ છે. Zepto, Swiggy Instamart, Flipkart Minutes, Dunzo Daily, Amazon લગભગ દરેક ઈ-કૉમર્સ વેબસાઈટ / ઍપ આવી ફેસીલિટી થી આપણાં સૌની આદત બગાડી રહી છે.

Gen Zમાં ''૧૦ મિનિટ - ડિલિવરી'' માટે જબરો ક્રેઝ છે. ઍપ ખોલો, ઑર્ડર કરો અને થોડીક મિનિટમાં સિક્યુરિટીનો ઈન્ટરકોમ વાગે અને વસ્તુ આપણા હાથમાં. સુવિધા તો છે જ.

હાં, આ સુવિધાના ફાયદા પણ છે, જેમ કે દવા કે અન્ય જીવનજરૂરી વસ્તુની તાત્કાલિક જરૂરિયાત હોય ત્યારે આવી સુવિધા ખરેખર આવકારદાયક છે.

પણ આ સુવિધાના ગેરફાયદા ઘણા વધારે છે.

**૧. આયોજનની આદતનો અભાવ**

૧૦ - મિનિટ ડિલિવરીની સૌથી મોટી આડઅસર એટલે આપણા સૌમાં પ્લાનિંગ / આયોજન કરવાની ટેવ રહેતી નથી. એક સમય હતો જ્યારે દરેકના ઘરમાં/દરેક કરિયાણાની દુકાનમાં આખા મહિનાની ખરીદી માટે યાદીપત્રક પણ રહેતાં, જેથી આખા મહિનાનું આયોજન થઈ જાય અને છેલ્લી ઘડીએ કોઈ વસ્તુ લેવા માટે દોડવું ના પડે કે વધુ ભાવ ના આપવા પડે. પણ ૧૦ મિનિટ ડિલિવરીને કારણે લાંબા ગાળે ઘરમાં અઠવાડિયાની ખરીદી, ભોજનનો પ્લાન, બજેટ - બધું ''જોઈયે ત્યારે લઈ લઈએ'' પર આવી જાય છે.

**૨. ઈમ્પલ્સ/આકસ્મિક ખરીદી :** ''છૂટ થોડા સમય માટે જ'' કે પછી ''મફત ડિલિવરી માટે કાર્ટમાં આટલી ખરીદી'' ઉમેરો કે પછી'' ''બે ખરીદો અને ત્રીજું મફત મેળવો'' (ત્રીજું મફત મેળવવા આપણે જ્યાં એકની જરૂરત હોય ત્યાં બે ખરીદીએ.''. આ બધું આપણી આકસ્મિક ખરીદી વધારે છે. જો ૧૦ મિનિટ ડિલિવરીની લાહ્ય ના હોય તો આપણે આપણા આયોજન પ્રમાણે જ ખરીદી કરીએ.

**૩. છુપાયેલી કિંમત:**

ઝડપી ડિલિવરીમાં એ સ્પીડનું અલગ ''પ્રિમિયમ'' હોય છે. એ અલગ વાત છે કે વસ્તુના પોતાના ભાવમાં તમને બધુ કિફાયતી લાગે, પણ એના પછી surge fee, small-cart fee, packaging charge, પ્લાસ્ટિક કવર, ટિપ આ બધું મળીને દુકાનની કિંમતથી વધારે થાય છે.

વળી ઘણા યુવાનો 'બાય નાવ પે લેટર (હમણાં ખરીદો, પછી ચૂકવો)' અપનાવે છે. ચુકવણી માટે ડ્યુ ડેટ લાંબી હોય એટલે માણસ વધુ ખર્ચ પણ કરે અને પછી દેવાના ચક્રવ્યૂહમાં ફસાય અને એ બધામાં ક્રેડિટ સ્કોર પર પણ સાઈડ ઈફેક્ટ.

**૪. આ દસ મિનિટ ડિલિવરીમાં સમય બચ્યો ખરો ?**

''સમય બચાવીએ'' એ દલીલ મીઠી લાગે, પરંતુ પહેલા તો ઍપ સ્ક્રોલ કરી, વસ્તુઓની સરખામણી, એ પછી ડિસ્કાઉન્ટ કૂપનની શોધ, પછી ડિલિવરીની મુવમેન્ટ પર નજર, પછી ડિલિવરી બૉય માટે બિલ્ડિંગની સિક્યુરિટીના કૉલ રીસીવ કરો. આ બધામાં ફોકસ તૂટે છે. વળી એક દિવસમાં ૨-૩ આવા ઑર્ડર? એટલે કામમાં ધ્યાન કેટલું રહે ?

**૫. ઝડપી ડિલિવરીની આરોગ્ય પર એટલી જ ઝડપી આડઅસર**

ઝડપી ડિલિવરી સાથે ''ઝડપી ખોરાક'' આવતો હોય છે અને મોટા ભાગે એમાં તળેલું ફરસાણ, વેફર્સ, મીઠાં પીણાં, રાત માટે મંચિંગ, અને આ બધામાં વજન, ઊંઘ બધા

પર અવળી અસર, વળી ઝટપટ મળી જશે એટલે રસોડામાં હેલ્ધી ફૂડિંગની ટેવ પણ ઓછી થતી જાય.

**૬. પર્યાવરણ અને વેડફાટ**

દરેક નાના ઑર્ડર માટે અલગ પૅકેજિંગ પ્લાસ્ટિક, બબલ રેપ, ટેપ, એટલે ઘરમાં કચરો વધે. વળી ૧૦ મિનિટ ટાર્ગેટ માટે વધારાની ટ્રીપ, બાઇકનું વધારાનું ઈંધણ, કાર્બન ફૂટપ્રિન્ટ, ''એક-એક વસ્તુ માટે અલગ ઑર્ડર''ને બદલે જો એકસાથે મંગાવવામાં આવે તો ઓછી ટ્રીપમાં કામ થઈ જાય.

**૭. ડિલિવરી વર્કર્સ પર દબાણ**

૧૦-મિનિટમાં ડિલિવરીનું પ્રેસર ડિલિવરી કરનાર પર નકામું પ્રેસર સર્જે, જેના કારણે એ લોકો ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરે, ઝડપી અને જોખમી રીતે વાહન ચલાવી, અન્ય નાગરિકો માટે પણ જોખમ ઊભું કરે.

વળી કેટલીક ઍપમાં એવી ઑફર પણ હોય કે આટલા સમયમાં વસ્તુ ના મળે તો મફત, આવી ઑફરમાં મોડા પડનારા વાહનચાલકના કમિશન, ઈન્સેન્ટિવ પણ કપાય. આ બધું એમને વધુ જોખમી રીતે ચીજવસ્તુ પહોંચાડવા મજબૂર કરે, જે બિલકુલ બિનજરૂરી હોય છે.

**૮ એકાગ્રતા અને ધીરજનો અભાવ**

દસ મિનિટમાં ડિલિવરીનું કલ્ચર ધીરેધીરે માણસના વ્યક્તિત્વમાં વણાઈ જાય છે. ''હવે તરત જ જોઈએ''નો સ્વભાવ ધીમે ધીમે દરેક ક્ષેત્રમાં ઘૂસી જાય. અભ્યાસ, કામ, સંબંધો. યુવાનોમાં ધીરજ, આયોજન અને પોતાના પર નિયંત્રણ, આ ત્રણે ગુણ આ ૧૦-મિનિટ કલ્ચરમાં વિકસવાને બદલે નબળા પડવા માંડે.

૯ ડેટા પ્રાઈવસી અને લલચામણી વ્યક્તિગત ઑફર્સ ઍપ્સ તમારી ખરીદી, સ્થાન, સમય, ખાવાની ટેવ - બધું ટ્રેક કરે છે. પછી ''તમારા માટે ખાસ ઑફર''નો મારો થાય જેનો અર્થ છે વધુ લાલચ, વધુ ખરીદી.

**૧૦ મિનિટ ડિલિવરીના આ ટ્રેન્ડને રોકવા શું કરી શકાય?**

**૧. પ્લાનિંગ, એકઠો ઑર્ડર**

રોજબરોજની જરૂરી વસ્તુઓની યાદી બનાવી આયોજન સાથે ખરીદી કરો. આયોજન

હોય તો ડિલિવરી સ્લૉટ પણ તમે નક્કી કરી શકો અને કોઈ પણ આકસ્મિક કે બિનજરૂરી ચાર્જિસ પણ ટાળી શકો

**૨. ''૧૦-મિનિટ'' આવા બધા ઍપને ડિફોલ્ટ સ્કીમથી દૂર કરો.**
ઍપમાં ''ફાસ્ટ ડિલિવરી''નો ઑપ્શન બંધ રાખો. આવા ઍપ્સના નોટિફિકેશન અને એલર્ટ્સ બંધ રાખો જેથી લલચામણી ઑફર્સ દ્વારા Impulse buying ઘટશે.

**૩. ''૨ કલાક'' / ૨૪ કલાકનો નિયમ બનાવો**
કોઈ વસ્તુ ખરીદવાની જરૂર જણાય તો એને ૨ કલાક માટે ટાળી જુઓ. શક્ય છે કે ઘણી ખરીદી પોતે જ ટળી જાય. ગૅજેટ/મોંઘી વસ્તુઓ માટે ૨૪ કલાક વિચારવાનો બ્રેક લો. શક્ય છે તમે બિનજરૂરી મોટા ખર્ચથી બચી જાઓ.

**૪. સ્થાનિક દુકાનોને સપોર્ટ કરો**
નજીકની કરિયાણાની દુકાન પર યાદી લખી ખરીદી કરો. ઓછું પૅકેજિંગ, ઓછી ટિપ. વળી આ દુકાનોને પણ તમારી ખરીદીની જરૂર છે. વોકલ ફોર લોકલને અપનાવી આ લોકલ કરિયાણાની દુકાનને સ્પોર્ટ કરો.

**૫. સરકાર લેવલ પર નિયમો**
સરકારે પણ એવા નિયમો અમલમાં લાવવા જોઈએ જેથી આ ૧૦ મિનિટ ડિલિવરીનો ટ્રેન્ડ બંધ થઈ ૩૦ કે ૬૦ મિનિટનો વિકલ્પ અમલમાં આવે. એ ઉપરાંત સરકારે આ ઈ-કૉમ કંપનીઓના ઈન્સેન્ટિવના નિયમ પણ બદલવા જોઈએ. ઝડપી ડિલિવરીને બદલે સેફટી સ્કોર, ટ્રાફિક રેન્કિંગ, વગેરે અનુસાર ઈન્સેન્ટિવ આપવા જોઈએ.

**સાર**

૧૦-મિનિટ ડિલિવરી ''સુવિધા'' છે, પણ યુવાનો માટે આ ટ્રેન્ડ લાંબા ગાળે નુકસાનકારક છે, જેમ કે અયોગ્ય ખર્ચ, યોજનાવિહીન જીવન, આરોગ્યને નુકસાન, પર્યાવરણને નુકસાન, અને ટ્રાફિક તથા અન્ય અકસ્માતના જોખમના નૈતિક પ્રશ્નો.

વિચારો : શું બધું ''હમણાં'' જ જોઈએ? જો ૩૦-૬૦ મિનિટ રાહ લઈ શકાય તો planning કરી સસ્તો, સ્વસ્થ અને જવાબદાર વિકલ્પ પસંદ કરો. વહીવટ, શિસ્ત અને ધીરજ-આ ત્રણ ગુણ યુવાનીમાં ઘૂંટાવા જરૂરી છે. ૧૦-મિનિટની લાલચમાં યુવાનીના આ ગુણોને સસ્તામાં વેચી ન નાખશો.

**- સંજય ચંદનબેન વિસનજી છેડા**
- રતાડિયા ગણેશવાલા, **મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**

# પ્રમુખશ્રીની કલમે

ડૉ. ચંદ્રકાંત મણિબેન નાનજી લાલન

## વિચારકણિકા

## વસિયતનામું

વસિયતનામું એટલે કોઈ પણ વ્યક્તિ સ્વઘોષણા થકી પોતાના મૃત્યુ પછી પોતાની મિલકતની વહેંચણી કેવી રીતે અને કોને આપવી એ માટેનો લેખિત - કાનૂની દસ્તાવેજ. વસિયતનામું વીલના નામે પણ ઓળખાય છે. કોઈ વ્યક્તિ મરી ગયા પહેલાં મૌલિક રીતે પોતાની મિલકત કોને, કેટલી મળે તે કહી ગયા હોય તો તે કાયદાને માન્ય નથી હોતું એટલે વ્યવસ્થિત રીતે લખાણ કરી વસિયતનામું બનાવ્યું હોય તો તે સંપૂર્ણ રીતે આધારભૂત દસ્તાવેજ ગણાય છે.

વસિયતનામું બનાવવું ખૂબ જ સરળ છે. તેને ગમે એટલી વાર બદલાવી શકાય છે. વસિયતનામું કે વીલ બનાવવા કોઈ નિર્ધારિત ફૉર્મ કે અરજીપત્રક નથી. એ હાથથી પણ લખી શકાય. એના માટે લખાણ સ્ટેમ્પપેપર પર હોવું જરૂરી નથી. વ્યક્તિ પોતાના જીવનકાળમાં જ્યારે જરૂર પડે ત્યારે આગળનું વસિયતનામું રદ કરી નવું બનાવી શકે છે અને ફક્ત છેલ્લામાં છેલ્લું વીલ-વસિયતનામું કાયદા પ્રમાણે અમલમાં આવી શકે છે. વસિયતનામું કે વીલ રજિસ્ટર એટલે કે સરકારી ચોપડે નોંધાવવું જરૂરી નથી, છતાં મિલકત વધુપડતી હોય કે કાંઈ આંટીઘૂંટી હોય તે રજિસ્ટર કરાવવું ઈચ્છનીય છે. એ એક દસ્તાવેજ બની જાય છે.

જો કોઈ વ્યક્તિ વસિયતનામું કર્યા વગર અવસાન પામે તો તેની મિલકતની વહેંચણી એમની ઈચ્છા અનુસાર નહીં, પણ તેના ધર્મના આધારે લાગુ પડતા કાયદાઓ અનુસાર કરવામાં આવે છે.

વસિયતનામું દરેક વ્યક્તિનો અંગત દસ્તાવેજ છે અને વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ ગમે તેને પોતાની જિંદગી દરમિયાન મેળવેલ સંપત્તિ આપી શકે છે. હિંદુ વારસા ધારા પ્રમાણે કોઈ સ્થાવર કે જંગમ મિલકત પોતાના વડીલો પાસેથી વારસામાં મળી હોય તેવી માલ-મિલકતમાં તેના કાયદેસરના બધા જ વારસદારોનો સરખો હક્ક લાગે છે. વસિયતનામામાં સંપૂર્ણ ચોખવટ કરી મિલકતની વહેંચણી કરવામાં આવેલ હોય તો ઝઘડ્યા વિના તેનો અમલ કરી શકાય.

આપણા દેશમાં આપણા કાયદા મુજબ દરેક પુખ્ત વ્યક્તિ જેની પાસે સ્થાવર કે જંગમ મિલકત હોય તે વસિયતનામું બનાવી શકે છે. વસિયતનામું બનાવતી વખતે વ્યક્તિ સ્થિર મગજની હોવી જરૂરી છે. વીલમાં લખાયેલ વિગતોની સંપૂર્ણ જાણકારી તેને હોવી જરૂરી છે. અને દરેક વિગત પોતાની ઈચ્છા મુજબ લખાયેલ છે એવી સંપૂર્ણ સમજ હોવી જરૂરી હોય છે. આ દસ્તાવેજ કોઈના માનસિક દબાણ હેઠળ બનેલો ન હોવો જોઈએ વસિયતનામામાં લાભાર્થી ફક્ત કાયદેસરના વારસદાર સિવાય અન્ય કોઈ પણ હોઈ શકે.

વસિયતનામામાં વસિયત કરનાર વ્યક્તિની સહી સાથે બે સાક્ષીઓની સહી હોવી જરૂરી છે. સાક્ષીઓની સહી અને જરૂરી વિગત વગરનું વસિયતનામું રદ થાય છે.

સાક્ષી તરીકે વસિયત કરનાર વ્યક્તિના જાણકાર અને ખાનદાન વ્યક્તિની પસંદગી આવકાર્ય છે. વસિયત કરનાર વ્યક્તિના સાક્ષીઓ નાની ઉંમરના હોવા ઈચ્છનીય છે. વસિયત કરનાર વ્યક્તિએ સાક્ષીઓની હાજરીમાં વસિયતનામા ઉપર સહી કરવી જરૂરી છે. સાક્ષીઓને વસિયતનામું વાંચવા આપવું જરૂરી નથી.

વસિયત કરનાર વ્યક્તિના મૃત્યુ બાદ વસિયતનામાનો અમલ કરવા માટે વસિયત કરનાર વ્યક્તિ એક્ઝિક્યુટર નીમી શકે છે અને તેના નામ સહિતની સંપૂર્ણ માહિતી વીલમાં લખેલી હોવી જરૂરી છે અને એ માટે વસિયત કરનાર વ્યક્તિની જાણકાર અને ભરોસેમંદ વ્યક્તિની પસંદગી કરવી અને પોતાથી નાની ઉંમરની વ્યક્તિની નિમણૂક ઈચ્છનીય છે.

વસિયતનામાનાં દરેક પાનાને નંબર આપવા અને દરેક પાનાં અને લખાણમાં સુધારા વધારા કર્યા હોય તો ત્યાં વસિયત કરનાર અને બંને સાક્ષીઓની સહી હોવી જરૂરી છે.

પ્રોબેટ એટલે વસિયતનામાના અમલીકરણ માટે મુંબઈ-કોલકતા અને ચેન્નાઈ જેવાં શહેરોમાં વસિયતનામું કરનાર વ્યક્તિના મૃત્યુ બાદ તેમાં લખેલ માલ-મિલકતની વહેંચણી માટે ખાસ કરીને સ્થાવર મિલકત માટે પ્રોબેટ નામનો પરિપત્ર અદાલતમાંથી મેળવવાનો જરૂરી છે.

વસિયતનામાની સામાન્ય જાણકારી આપવાનો પ્રયત્ન કરેલ છે.

**મો. : ૯૩૨૨૯૫૫૮૮૦**




## EVER EVOLVING

રવિવાર, ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના દિવસે, KVOSS તેમ જ પગદંડીથી દાયકાઓથી જોડાયેલા શ્રી લક્ષ્મીચંદ કસ્તૂરબેન કુંવરજી કેનિયાએ પોતાના સમગ્ર જીવનના અનુભવોનું ‘‘EVER EVOLVING’’ પુસ્તકના સ્વરૂપમાં લોકાપર્ણ કર્યું. એ પુસ્તકની પ્રસ્તાવના લખનાર પણ લગભગ બધા જ KVOSS સાથે સંકળાયેલા હોઈ, એ સૌની પ્રસ્તાવનામાંથી જ થોડાંક મોતી વીણી આપ સૌ સમક્ષ રજૂ કરીએ છીએ.

**ડૉ. ઈલા દેઢિયા**

માનવીનું જીવન ઘણી વાર ઉપાધિઓ, પદક કે લોકપ્રસંશા દ્વારા માપવામાં આવે છે, પરંતુ અમુક જીવન એવા પણ હોય છે કે જે પોતાની શાંતિપૂર્ણ રૂપાંતરશક્તિ દ્વારા અમર બને છે. આવા જીવન પૈસા કે પ્રસિદ્ધિથી નહીં, પરંતુ જીવનને સ્પર્શતી મૂલ્ય પ્રેરણાથી ઓળખાય છે. ***લેક્ષ કેનિયા***ના નામે ગામે ગામ જાણીતા લેક્ષ કેનિયા પણ એવા જ વિરલ વ્યક્તિત્વ છે. તેમની આત્મકથા ‘‘EVER EVOLVING’’ માત્ર જીવનકથા નથી, પણ એક ફિલસૂફી છે- કેવી રીતે સંતુલિત, વિનમ્ર અને સેવાભાવથી ભરેલું જીવન જીવવું.

ખિતાબો અને ગૌરવથી પરેનું એમનું જીવન, જેમાં કોઈ ડ્રામેટિક ચમક નથી. તેમની કથા ઉતાર-ચઢાવની સાદી વાર્તા છે. કચ્છના બારોઈ ગામમાં જન્મેલા લક્ષ કેનિયા બાળપણથી જૈન મૂલ્યો, શિસ્ત અને સાદગીમાં ઘડાયા. વિદેશ પ્રત્યારોપણના પડકારો, વ્યવસાયના સંઘર્ષ અને પરિવારજીવનની જવાબદારીઓ - દરેક તબક્કે તેમણે સ્વભાવની સ્થિરતા જાળવી રાખી.

સૌથી અગત્યની વાત એ છે કે પરિસ્થિતિઓએ ક્યારેય તેમને બદલ્યા નથી. અજાણ્યા દેશમાં ભોજન પકાવી જીવ્યા હોય કે વૃદ્ધ માતા-પિતાની સેવા માટે પાછા ફર્યા હોય, કે પછી આધુનિક પરિવારની દોડધામ વચ્ચે સંતુલન સાધ્યું હોય - હંમેશાં તેમણે પોતાના અંતરાત્માના દિશાસૂચકને અનુસર્યું.

લક્ષ કેનિયાનું જીવન જૈન દર્શન અને વિપાસના સાધનાથી પરિપૂર્ણ છે. કર્મ, વૈરાગ્ય અને ધર્મ પરના તેમનાં મનન માત્ર તત્ત્વજ્ઞાનમાં નહીં, પરંતુ રોજિંદા જીવનમાં ઊતર્યાં છે.

### લક્ષ મણિબેન કાકુભાઈ જૈન

વિપાસનાએ લક્ષ કેનિયાને જીવનમાં સંતુલિત રાખ્યા - ખાસ કરીને પત્નીનો વિયોગ સહન કર્યા પછી પણ તેમણે સમતોલતા ગુમાવી નહીં. લક્ષ જૈન પોતાનો અનુભવ વહેંચે છે - તેઓ પણ પોતાના જીવનસાથીને ગુમાવી ચૂક્યા છે છતાં, કેનિયાએ વિપાસના દ્વારા વ્યક્તિગત દુઃખને વિશ્વ માટેની પ્રેરણામાં ફેરવી નાખ્યું. તેમની દ્રષ્ટિએ કેનિયાનું જીવન માત્ર વ્યક્તિગત ટકી રહેવાની વાર્તા નથી, પણ આંતરિક શક્તિ વડે સમાજને શિક્ષણ, જાગૃતિ અને અર્થપૂર્ણ કાર્યો માટે યોગદાન આપવાની દિશા છે.

### CA શાંતિલાલ હીરબાઈ કુંવરજી રાંભિયા

શાંતિભાઈના દ્રષ્ટિકોણે લક્ષ કેનિયાનું જીવન પરિવારપ્રેમ અને સેવાની ભાવનાથી ગુંથાયેલું છે. માતા-પિતા, વડીલો અને નાના સભ્યો પ્રત્યેનો તેમનો આદર જીવનભર દેખાય છે. તેમણે પરિવાર સાથે *તન, મન અને ધન* વડે સમાજની સેવા કરી છે. તેમની આત્મકથામાં દરેક વડીલ સભ્યનું વર્ણન કૃતજ્ઞતા સાથે કરવામાં આવ્યું છે. આ પુસ્તક ખાસ કરીને યુવા પેઢી માટે અમૂલ્ય છે. તે ભવ્ય સફળતાની રણનીતિ નહીં, પરંતુ સરળ જીવન જીવવાની કળા શીખવે છે.

### પ્રભા સંગોઈ

પ્રમીલાબેનના અવસાન પછી માત્ર ૧૨ દિવસમાં જ પ્રભાબેનના પતિ શાંતિભાઈનું પણ અવસાન થયું. એ સમયે જે વ્યક્તિ તેમનો આધાર બન્યા તે હતાં ચંદ (લક્ષ કેનિયા). તેમની

એક અનોખી આદત છે - કોઈ પણ મદદ માગે તો તરત કહે: *“Do it. Tell me what you need.”* ઓળખાણ હોય કે અજાણ્યા, મદદ કરવી એ તેમનો સ્વભાવ છે. પ્રભા સંગોઈ કહે છે કે તેમનો આત્મા *‘‘વસુધૈવ કુટુંબકમ’’* - આખી દુનિયા એક પરિવાર છે - એ સંદેશ જીવંત રાખે છે.

**લીલાધર હાંસબાઈ માણેક ગડા, ‘અધા’**

અધા અત્યંત લાગણીસભર શબ્દોમાં લખે છે કે લેક્ષ કેનિયાની આત્મકથા *આંતરશક્તિ અને આધ્યાત્મિક ઉન્નતિ*નો દસ્તાવેજ છે. તેમના શબ્દોમાં, લેક્ષ કેનિયા એ અવસ્થાએ પહોંચી ગયા છે જ્યાં મરણનો ભય રહેતો નથી. હવે તેઓ શાંતિ, સમતોલતા અને અનાસક્તિ સાથે જીવે છે. આ સૌ વિપાસના સાધનાનો પ્રસાર છે, જેણે તેમને જીવનના દરેક પડકારમાં સ્થિરતા આપી. કેનિયા માત્ર વ્યક્તિ નથી - તેઓ સમાજ માટે એક સંતરૂપ છે, જેમનું જીવન યુવાનો માટે પ્રેરણા છે.

આ બધી વાતો એક જ સત્ય તરફ દોરી જાય છેઃ લેક્ષ કેનિયાનું જીવન બતાવે છે વિકાસ કોઈ અંતિમ મંજિલ નથી, પરંતુ સતત ચાલતી પ્રક્રિયા છે. આજના સમયમાં જ્યાં સફળતા પૈસા કે નામથી મપાય છે, ત્યાં લક્ષ કેનિયાનું જીવન એક વૈકલ્પિક માર્ગ બતાવે છે. તે દર્શાવે છે કે સાચી કિંમત સેવા, આંતરિક શક્તિ અને જીવંત મૂલ્યોમાં છે.

**EVER EVOLVING** માત્ર આત્મકથા નથી. તે આધ્યાત્મિક માર્ગદર્શિકા, સાંસ્કૃતિક દસ્તાવેજ અને વ્યક્તિગત સાક્ષાત્કાર છે. યુવાનો માટે તે દિશાદર્શક છે, દુઃખિતો માટે શાંતિનો સ્ત્રોત છે અને અર્થશોધક માટે પ્રેરણા છે.

લેક્ષ કેનિયાનો વારસો માત્ર તેમના પરિવાર કે સમાજ સુધી મર્યાદિત નથી. તે દરેક માટે છે જે માનતા હોય કે આખી દુનિયા ખરેખર એક પરિવાર છે - કરુણા, સેવા અને વિનમ્રતા વડે જોડાયેલો.

અને એટલે જ -

- યુવાઓ માટે આ પુસ્તક માર્ગદર્શન છે જે પ્રવચન નહીં, પરંતુ પોતાના અનુભવોથી ભરેલું છે.
- વડીલો માટે તે સાબિતી છે કે મૂલ્યો છોડ્યા વિના પણ જીવન જીવી શકાય.
- વૈશ્વિક સ્થળાંતર કે પેઢી-પરિવર્તનનો સામનો કરતા લોકો માટે તે દિશાદર્શક છે.
- આધ્યાત્મિક શોધક માટે તે મધ્યમ માર્ગનો સાક્ષાત્કાર છે.

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# INCREDIBLE INDIA

# કૈલાસપર્વત

**સ્થાન અને ભૂગોળ**
માઉન્ટ કૈલાસ (ઊંચાઈ અંદાજે ૬,૬૩૮ મીટર) (તિબેટ સ્વાયત્ત પ્રદેશના નગારિ (બરંગ/પુરંગ) જિલ્લામાં, ટ્રાંસ-હિમાલયની ગાંગદીસે શ્રેણીમાં સ્થિત છે. કૈલાસની બાજુમાં જ પવિત્ર માનસરોવર અને રાક્ષસ તળાવ આવેલાં છે; યમુનાના ઘાઘરા (કર્ણાલી), સરસ્વતી/સતલજ, સિંધુ અને બ્રહ્મપુત્રા જેવી ચાર મહાનદીઓ આ વિસ્તારથી જ જન્મે છે. પર્વત પર ચઢાણ સરકારી રીતે પ્રતિબંધિત છે.

**ધાર્મિક મહત્ત્વ** : હિંદુ ધર્મમાં કૈલાસ ભગવાન શિવનું નિવાસસ્થાન માનવામાં આવે છે; તિબેટી બૌદ્ધ ધર્મમાં કૈલાસને કેન્દ્રીય 'મેરુ પર્વત' અને ચક્રસમ્વર (દેમચોક) સાથે સંકળાયેલ પવિત્ર ક્ષેત્ર ગણાય છે. જૈન પરંપરામાં પ્રથમ તીર્થંકર ઋષભદેવ અહીં નજીકના અષ્ટાપદ પર નિર્વાણ પામ્યા એવું માનવામાં આવે છે. બોન ધર્મે તેને વિશ્વની ધૂરી/અક્ષ અને દેવી સિપૈમેનનું આશ્રય ગણાવ્યું છે. ભારત, નેપાળ, ચીન સહિત દક્ષિણ એશિયાના અનેક દેશોથી યાત્રાળુઓ અહીં પ્રદક્ષિણાના (કોરા) માટે આવે છે. કૈલાસ પરિક્રમા લગભગ ૫૨(બાવન) કિ.મી. (સામાન્ય ૩ દિવસ)ની હોય છે અને સૌથી ઊંચું બિંદુ દોલ્મા-લા પાસ ૫,૬૩૦ મી. એટલે ઊંચાઈ અને ઑક્સિજનની કમીને પણ ધ્યાનમાં રાખવી પડે.

**યાત્રા માર્ગો**

**ભારત સરકાર (MEA) દ્વારા - કૈલાસ -માનસરોવર યાત્રા (KMY):**
લિપુલેખ પાસ, ઉત્તરાખંડ અને નાથુલા પાસ, સિક્કીમ - બન્ને માર્ગો ૨૦૨૫માં પાંચ વર્ષના વિરામ બાદ ફરીથી શરૂ થયાં; જૂનથી ઑગસ્ટ દરમ્યાન MEA દ્વારા નોંધણી દ્વારા જ યાત્રા થાય છે.

**નેપાળ માર્ગ (ખાનગી ટૂર ઑપરેટર્સ મારફતે):**
કાઠમંડુ - ગિરૉંગ/કેરૂંગ બોર્ડર - સાગા /ડર્ચેન - ઓછા સમયમાં અને ગ્રુપ ટૂરમાં કૈલાસ - માનસરોવરની યાત્રા પણ એટલી જ પ્રચલિત. મોન્સૂનમાં નેપાળ તરફ રસ્તાઓ થોડા જોખમી હોઇ શકે એનું રિસ્ક સમજવું જરૂરી. કેટલાક ઑપરેટર્સ મોસમ અને પરવાનગીઓ પર આધારિત હિલ્સા/સિમિકોટ હેલી-લૂપ પણ ચલાવે છે.

**પરવાનગીઓ અને નિયમો**
તિબેટ પ્રવેશ માટે ચાઈના વિસા તિબેટ ટ્રાવેલ પરમિટ ફરજિયાત; કૈલાસ (પશ્ચિમી તિબેટ/નગારિ) માટે વધારાના એલિયન ટ્રાવેલ પરમિટ, મિલિટરી એરિયા પરમિટ અને ફૉરેન અફેર્સ પરમિટ જોઈએ. ભારતીય યાત્રાળુઓ માટે MEA-માર્ગે અથવા નેપાળ/ભારતની માન્ય એજન્સીઓ મારફતે જૂથમાં જ પ્રવાસ માન્ય છે. સ્વતંત્ર રીતે જવું માન્ય નથી.

**શ્રેષ્ઠ સિઝન અને હવામાન**
સામાન્ય રીતે મે - જૂન અને સપ્ટેમ્બર - ઑક્ટોબર કૈલાસ માટે સૌથી અનુકૂળ - આકાશ સ્વચ્છ, દૃશ્યતા સારી. જુલાઈ-ઑગસ્ટ દરમ્યાન નેપાળ તરફ મોન્સૂનને કારણે રસ્તા / બ્રિજ પર અસર થઈ શકે છે, જ્યારે તિબેટ તરફ પ્રવાસ ચાલુ રહે છે.

ફોટો અને માહિતી : મહેશ સાકરબેન નાનજી શાહ, મોટી રાયણ

# પગ મેં ભ્રમરી

લીલાધર માણેક ગડા-અધા

## ઑટિઝમ : લક્ષણો, કારણો અને સારવાર

કરણનો જન્મ સામાન્ય બાળકની જેમ થયો હતો. જન્મ વખતે એ રડ્યો હતો. દોઢ વર્ષ સુધી મા-બાપને કરણના વિકાસ અંગે ચિંતા ન હતી. બે વર્ષે કરણની વર્તણૂકમાં મા-બાપને કંઈક ફરક દેખાયો. કોઈ ચીજ-વસ્તુને કરણ ટગર ટગર આંખે જોતો રહેતો. એની નજર સામેથી વસ્તુ હટાવી લેવાય તો રડવા લાગતો. ચોક્કસ વસ્તુ પ્રત્યે વધારે પડતો માલિકીભાવ દર્શાવતો. એ વસ્તુ માટેની એની જીદ સંતોષાય ત્યારે એની સાથે પોતાનું વિશ્વ ગોઠવી લેતો. કરણ ત્રણ વર્ષનો થયો ત્યારે એના માવિત્રો કરણને બાળરોગ નિષ્ણાત પાસે લઈ ગયા અને બાળરોગ નિષ્ણાતે કરણ ઑટિઝમ બાળક હોવાનું નિદાન કર્યું.

ચાર વર્ષની દીપાલી ઘરની ચોક્કસ બારીમાં બેસી બહાર જોયા કરતી માતા જમવા ટાણે હાક મારી એને બોલાવે, પણ દીપાલીનું ધ્યાન જરી પણ વિચલિત ન થાય. આખરે માતા દીપાલીને હાથ પકડી ભાણે બેસાડે. ભાણે બેઠેલી દીપાલી માતાની નજર ચુકાવી થાળી લઈ બારીએ બેસી જાય જમવાને બદલે એનું ધ્યાન બહાર પોતાની દુનિયામાં હોય. દીપાલીની માતાની બહેનપણીને થોડુંક મેડિકલ જ્ઞાન હતું જેને આધારે એણે કહ્યું કે દીપાલી ઑટિઝમ બાળક છે.

આરીફની ઉંમર સાત વર્ષની છે. એને ચાર ભાઈ-બહેનો છે. પાંચ બાળકોની માતા દરેક બાળકના ઉછેર પર પૂરતું ધ્યાન આપી શકે નહીં. મોડે મોડે આરીફનાં માતા-પિતાનું ધ્યાન આરીફની અન્ય બાળકો કરતાં નોખી વર્તણૂક તરફ ગયું. આરીફ બહુ ઓછાબોલો બાળક હતો. તે એકલો બેઠોબેઠો કશુંક સતત ગણગણતો. પોતાનાં ભાઈ-બહેનો સાથે બહુ ભળતો નહીં. એની આસપાસ અવાજ આવે, નજીકથી કોઈ વાહન પસાર થાય એના અવાજની આરીફને ખબર ન પડે. બહુ કર્કશ અવાજ આવે ત્યારે વિચિત્ર પ્રતિક્રિયા આપી કાન બંધ કરી દે. ડૉક્ટરે નિદાન કર્યું કે આરીફ ઑટિઝમથી પીડાય છે.

કરણ, દીપાલી, આરીફ જેવા ઑટિઝમથી પીડાતાં બાળકોની સંખ્યામાં છેલ્લા દાયકામાં ઘણો વધારો થયો છે. પરંતુ ઑટિઝમનાં કારણો, નિદાન પ્રક્રિયા અને સારવાર અંગે સમજ અને જ્ઞાન ઘણાં ઓછાં છે.

કરણ, દીપાલી કે આરીફ જેવાં બાળકોને મંદબુધ્ધિ બાળકો તરીકે ગણવામાં આવે છે;

પરંતુ આ બાળકો મંદબુધ્ધિ ધરાવતાં નથી. આવાં બાળકોનું અસામાન્ય વર્તન, ક્યારેક અતિચંચળતા, ક્યારેક સૂનમૂનતાને કારણે તેમને ગાંડપણ કે મંદબુધ્ધિનું લેબલ લાગી જાય છે. વાસ્તવમાં ઑટિઝમ ધરાવતાં બાળકો કોઈ ચોક્કસ ક્ષેત્રમાં પ્રભાવશાળી હોય છે. કોઈ વિષયમાં વિશેષ રુચિ ધરાવતાં હોય છે. આવાં ક્ષેત્ર કે વિષયની આપણને સમજ આવે કે જાણ થાય અને તેવાં ક્ષેત્રોની ઓળખ કરી, તે ક્ષેત્રે કાબેલિયત દર્શાવવાની બાળકને તક મળે તો તેમાં તે વિશેષ કામગીરી કરી શકે છે, પારંગત થઈ શકે છે. ઑટિઝમ બાળકને મંદબુધ્ધિ બાળક તરીકે ગણીએ છીએ ત્યારે સંભવતઃ એક હોનહાર પ્રતિભાના વિકાસમાં અવરોધ ઊભો કરીએ છીએ.

## ઑટિઝમ શું છે?

ઑટિઝમની ચોક્કસ વ્યાખ્યા આપી શકાય નહીં. આ એક પ્રકારનો માનસિક વિકાર છે પરંતુ એનો સંદર્ભ હકારાત્મક છે. મગજનાં ચેતા કોષો વચ્ચે યોગ્ય સંકલનના અભાવમાં બાળક જે જુએ છે, અનુભવે છે એનો યથાયોગ્ય પ્રતિભાવ આપી શકતો નથી, જે એની ચોક્કસ વર્તણૂકીય સમસ્યાનું કારણ બને છે.

વ્યાપક સંશોધનો છતાં ઑટિઝમનાં કારણો જાણી શકાયાં નથી. ઑટિઝમ સંબંધી અત્યાર સુધી પ્રાપ્ત જ્ઞાનને આધારે કહી શકાય કે આ રોગ સાથે આનુવાંશિક પરિબળો સંકળાયેલાં છે. ખોરાકમાં અમુક વિટામિન્સ, ખનીજ તથા તત્ત્વોને પચાવવાની અસમર્થતા

પણ એક કારણ સંભવી શકે. સીસા જેવી ભારે ધાતુઓ અને જંતુનાશક દવાઓનું ભોજનમાં હોવું એ પણ કારણ હોઈ શકે. આ બધી સંભાવનાઓ છે.

## ઑટિઝમ બાળકનાં જરૂરી પરીક્ષણોઃ

ઑટિઝમ બાળકની સાંભળવાની ક્ષમતા, હોજરીમાં સીસાનું તથા અન્ય રસાયણોનું પ્રમાણ કેટલું છે તેની તપાસ જરૂરી છે. બાળકની બૌધ્ધિક ક્ષમતા અને માનસિક વિકૃતિ માટે ન્યુરોલૉજિસ્ટનું માર્ગદર્શન લેવું હિતાવહ છે.

## ઑટિઝમની સારવારઃ

ઑટિઝમ ધરાવતા બાળકોમાં ચોક્કસ વિષય કે પ્રવૃત્તિમાં નિપુણતા હોય છે જે બહાર લાવવી જરૂરી છે. બાળકની સ્વકેંદ્રિત પારંગતતાને ઓળખવા, સમજવા અને બહાર લાવવાનું કાર્ય કઠિન છે જે એક વ્યક્તિ કરી શકે નહીં. આ કાર્યવાહી માટે નિષ્ઠાવાન ટીમની જરૂર પડે છે. એક વખત એના રુચિકર વિષયની

જાણ થાય પછી એને અનુરૂપ કામગીરી કરવા ઓક્યુપેશનલ થેરાપિસ્ટ સાથે સંકલન કરવું પડે છે. બાળકનાં માતા-પિતા, ઑટિઝમ પર કામ કરનાર ટીમ અને ઓક્યુપેશનલ થેરાપિસ્ટ ત્રણ પરિબળોનું સંકલન એને યોગ્ય કાર્યવાહી ઑટિઝમ બાળકની ક્ષમતા અને કુશળતાઓ કેંદ્રિત કરી વિકસાવી શકે અને ચમત્કાર સર્જી શકે.

આવાં બાળકો સાથે કેમ વર્તવું એની તાલીમ અને સલાહ (Training & Counceling)ની માતા-પિતાને બહુ જરૂર રહે છે. શરૂઆતના તબક્કે મા-બાપે ધીરજ ધરવી જોઈએ અને સમયનો ભોગ આપવો જોઈએ.

પશ્ચિમના દેશોમાં ઑટિઝમ ધરાવતા બાળકો માટે વિશિષ્ટ કેંદ્રો હોય છે. અહીં સારવાર માટે જુદીજુદી થેરેપીઓ ઉપલબ્ધ હોય છે. ભારતમાં આવાં કેંદ્રોની શરૂઆત થઈ છે, પરંતુ ઑટિઝમ બાળકોની સંખ્યાની સામે આવાં કેંદ્રોનું પ્રમાણ જૂજ ગણી શકાય. આવાં કેંદ્રોના અભાવમાં ઑટિઝમ ધરાવતી પ્રતિભાઓ ઢંકાઈ જાય છે, વેડફાઈ જાય છે.

સરિતાબેનનો ફોન માનસી સંસ્થાનાં ગીતાબેનને આવે છે. ઉદેપુરથી સરિતાબેનનો દીકરો હેમંત ઑટિઝમ બાળક છે. હેમંતને છ વર્ષની વયે ઑટિઝમનું નિદાન થયું. માતા-પિતાએ ત્યાર પછીનાં છ વર્ષ હેમંતની કુશળતા અનુસાર એનું જીવન અને પિતાનું જીવન પણ ગોઠવ્યું. હેમંતને સંગીતનો શોખ છે. આજે હેમંત ૧૨ વર્ષનો થયો. હેમંતને માટે વિશિષ્ટ સંગીત થેરેપીની જરૂરત છે. હેમંત જેવા બાળકોની જિજ્ઞાસા અને ઈચ્છા સંતોષવા જે પ્રકારનું સેન્ટર જોઈએ તે ત્યાં નથી. મા–બાપે લગભગ પંદરેક વ્યક્તિઓ અને સંસ્થાઓનો સંપર્ક કર્યો છે જે હેમંતને સાચવી શકે અને એની વિશિષ્ટતા અનુરૂપ એને જીવનમાં ચાર કદમ આગળ લઈ જાય. બે-ત્રણ કેંદ્રો પાસે આવી વ્યવસ્થા છે, પરંતુ તે બહુ ખર્ચાળ છે અને સરિતાના પરિવારને પરવડે નહીં. અત્યારે જેની કુશળતાને ઢાળ આપી શકાય તે હેમંતની ઊર્જાને જો આવિષ્કાર નહીં આપી શકાય તો એક હોનહાર બાળક હેમંત નજીકના ભવિષ્યમાં મા-બાપ માટે સમસ્યા બની જશે. ઑટિઝમની યોગ્ય સારવાર અથવા થેરેપી કિફાયત ખર્ચે પ્રદાન કરી શકે તેવાં કેંદ્રોના અભાવમાં હેમંત જેવાં સેંકડો બાળકોના વાલીઓ નિરાશ થઈ ઈશ્વરના ભરોસે બાળકને મૂકી દે છે. જે બાળક સમાજ માટે અસ્કયામત બની શકવાનું હતું તે ભાર બની રહે છે.

થોડા કિસ્સાઓમાં એવું બને છે કે ઑટિઝમ બાળકના માવિત્રો સ્વયં બાળકમાં ઓતપ્રોત બની જાય છે. ઘાયલકી ગત ઘાયલ

જાનો એ ન્યાયે પોતાના બાળક સાથેના અનુભવો અને સારવારની વિગતો અન્ય બાળકોના વડીલો સાથે વહેંચે છે, માહિતીની આપ-લે કરે છે અને ધીરેધીરે ઑટિઝમ તાલીમ કેંદ્ર શરૂ કરે છે. અલબત્ત આવું કેંદ્ર વ્યક્તિગત ધોરણે શરૂ કરવા માટે માવિત્રો પાસે નિવૃત્ત સમય અને પૂરતું ભંડોળ જોઈએ. પ્રાપ્ત માહિતી મુજબ આવાં ખાનગી સારવાર કેંદ્રોની સંખ્યા મર્યાદિત છે અને બહુ ખર્ચાળ છે તથા જરૂરી થેરેપી માટે સાધનનો પણ અભાવ છે. ક્યાંક સંસ્થાઓ કે વ્યક્તિગત ધોરણે ઓનલાઈન (ONLINE) સારવાર તથા માર્ગદર્શન આપવાની તજવીજ થઈ છે પરંતુ ઓનલાઈન સલાહ-સૂચનો બહુ ઓછી વ્યક્તિઓ સમજી શકે છે. ONLINE સલાહની પૂરેપૂરી સમજણના અભાવમાં વડીલો ગેરમાર્ગે દોરાઈ જાય એની સંભાવના નકારી શકાય નહીં. શહેરમાં રહેનાર પરિવારો ઑટિઝમ બાળકો માટે ઈચ્છે તોપણ પૂરતી સારવાર કે તાલીમ આપી શકતા નથી તો ગામડાનાં બાળકોની તાલીમ અને સારવાર અંગે શુન્યાવકાશ જ છે.

કચ્છમાં માનસી સંસ્થા મંદબુધ્ધિની દીકરીઓ માટે તાલીમશાળા ચલાવે છે. એકથી વધારે શારીરિક અને માનસિક ક્ષતિ ધરાવતા છ મહહિના થી છ વર્ષનાં બાળકોનાં નિદાન અને સારવાર તથા યોગ્ય થેરેપીની ભલામણ બાળકના વાલીને મળી શકે તે માટે પ્રતિવર્ષ આઠથી નવ અર્લી ઈન્ટરવેનશન કેંદ્રોનું આયોજન કરે છે. આ મેડિકલ કૅમ્પમાં સાયકેટ્રીસ, સાયકો-થેરાપિસ્ટ, બાળરોગ નિષ્ણાત, ઓપ્ટીમેટ્રીસ, ઓક્યુપેશનલ થેરેપિસ્ટ દ્વારા તપાસ, નિદાન અને સારવાર તથા માર્ગદર્શનની સુવિધા દરદીને એક છત્ર નીચે મળે છે. કૅમ્પ પછી સૂચવવામાં આવેલ વિશિષ્ટ તપાસ, વિવિધ થેરેપી બાળકને મળી રહે તેનું યોગ્ય સંકલન માનસી સંસ્થા કરે છે. છેલ્લાં બે વર્ષ દરમ્યાન અર્લી ઈન્ટરવેનશન કૅમ્પમાં આવતા દરદીઓમાં ઑટિઝમ બાળકોની સંખ્યા મોટા પ્રમાણમાં વધી છે. બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત જયા રીહેબ સેન્ટરમાં વિવિધ થેરેપી દ્વારા સારવાર લેતા બાળકોમાં પણ ઑટિઝમનાં લક્ષણો હોય એવાં બાળકોની સંખ્યા વધી છે.

**માનસી અને જયા રીહેબ સેન્ટર સાથે મળી ઑટિઝમ બાળકો માટે નક્કર કાર્યવાહી કરવા તાલીમ અને પુનર્વસન કેન્દ્ર માનસીમાં શરૂ કરવા ઈચ્છુક છે. બન્ને સંસ્થાઓની વિશેષતાઓ આ દિશામાં ચોક્કસપણે સારું કામ કરી શકશે એ નિઃશંક છે. અહીં ઑટિઝમ બાળકને તાલીમ તથા માવિત્રોને માર્ગદર્શન આપવામાં આવશે. ઑટિઝમ કેંદ્રમાં કાર્ય કરનાર સ્વયંસેવકને ભારતભરનાં શ્રેષ્ઠ સેન્ટરો દ્વારા તાલીમ આપવામાં આવશે. આ સ્વયંસેવકો સવેતન કાર્ય કરશે. આ કેંદ્રમાં ઑટિઝમ બાળકને સુખનું નવું સરનામું મળે, એના જીવનમાં આશાનું કિરણ પ્રગટે, વાલીઓની ચિંતા હળવી થાય એવા પ્રયત્નો થશે. સવેતન સ્વયંસેવકો તરીકે જોડાવા ઈચ્છનાર યુવાન ભાઈ-બહેન લીલાધર ગડા : ૯૮૭૯૫૦૬૦૫૯ અથવા ગીતાબેન ગાલા ૯૮૨૫૦૮૯૩૦૬નો સંપર્ક કરે એ વિનંતી.**

**મો.: ૯૮૭૯૫૦૬૦૫૯**



# 'કાગડો અને શિયાળ' ની વાર્તા મને નથી ગમતી

ગુલાબ પાનબાઈ રવજી દેઢિયા

તમને ગમે છે ને? મને સારી રીતે ખબર છે. તમે કાગડાને મૂર્ખ અને શિયાળને ચતુર સમજો છો, પણ એવું નથી. મૂળ વાતની જ તમને ખબર નથી.

શિયાળ ભૂખ્યું હતું. એણે સંસ્કૃતમાં કહ્યું: 'અહો રૂપમ! અહો ધ્વનિ!' કાગડાએ ગિર્વાણ ગિરા સંસ્કૃત ભાષાની ગરિમા જાળવવા પૂરી આપી દીધી, કહો કે જવા દીધી. અંગ્રેજીમાં કોઈ બે સારા શબ્દ તમારાં વખાણમાં કહે તો તમને પણ ગમે છે ને!

મુખ્ય મુદ્દો પ્રસંશા છે. પૂરીની ઈચ્છા તો ગમે ત્યારે પૂરી થઈ જાય, પૂરી તો ગમે ત્યારે મળી રહે. પૂરી વગર ભૂખ્યા રહી પણ શકાય. વખાણ વગર, કદાપિ નહીં.

કાગડો પગ નીચે પૂરીને દબાવીને કાં... કાં... કરી શક્યો હોત, પરંતુ ના, કાગડો પોતાનાં વખાણથી પૂરો પ્રસન્ન હતો. એને દિલચોરી નહોતી કરવી. પ્રસન્નતા જીવને ઉદાર બનાવે છે. શિયાળની દાનત શિયાળ જાણે.

કાગડો ભૂખની પીડા સમજતો હતો. ભૂખ વેઠ કરાવે, કંઈ પણ બોલાવડાવે, બીજાનાં ખોટાં-સાચાં વખાણ કરાવડાવે.

કદાચ એવું પણ હોય... પૂરી જાડી હોય, કાં વાસી હોય, કાં તેલ વધુ હોય... કાગડાને લાગ્યું હશે નિકાલ કરવાનો આ માર્ગ સારો છે. કદાચ કાગડાને સંગીત સભામાં ગીત ગાવા માટે ગળું સાચવવાનું પણ હોય... એક જ વસ્તુના ઘણા બધા દૃષ્ટિકોણ હોય છે.

લોકો બીજા પાસેથી બીજું કંઈ નહિ ને વખાણ ઝંખે છે. એ ભૂલ છે. વખાણમાં પરાવલંબી નહિ સ્વાવલંબી બનવું જોઈએ. આપણે બ્રશ જાતે કરીએ છીએ. સ્નાન-ભોજન-અભ્યાસ જાતે કરીએ છીએ તો જાતે જાતનાં વખાણ ન થઈ શકે? થઈ શકે, વધુ સારી રીતે થઈ શકે.

મૂળ વાત જુદી છે. બીજા લોકોને આપણાં વખાણ કરતાં નથી આવડતું. પ્રસંશા કરે છે તેમાં કંજૂસાઈ કરે છે. વિશેષણોની તાકાતનો એમને પરિચય નથી. પાછાં અધૂરાં વખાણના બદલામાં ઘણુંબધું માગે છે, ઈચ્છે છે. પૂરીઓ આપો તોય અધૂરી લાગે છે. વખાણ કરનાર એની ગરજ પ્રમાણે વખાણ કરે એના કરતાં જાતમહેનત ઝિંદાબાદ છે.

આપણે જ આપણાં વખાણ કરી લેવા. એમાં સમય, શક્તિ અને ધનનો કોઈ વ્યય

નથી. 'ઝીરો ગાર્બેઝ' કહે છે ને તે આ. બગાડ કંઈ જ નહિ. આપણો જ વક્તા ને આપણો જ શ્રોતા.

દૂરંદેશી વાપરીએ કદાચ આવતી કાલે મોબાઈલવાળા કહેશેઃ વખાણ સાંભળવાથી ડાયબિટીસ મટી જાય છે. શરીર હળવું ફૂલ બની જાય છે. આ તો તમને આજે કહીએ છીએ. પછી કહેતા નહિ કે મોડું થઈ ગયું. બધા લઈ ગયા ને અમે રહી ગયા.

'આત્મશ્લાઘા' જેવા અદ્‌ભુત શબ્દનો અર્થ કરનાર કોઈ દ્વેષી કે દુઃખી જીવ હશે. આત્મશ્લાઘા એટલે પોતાનાં વખાણ. અરે ભાઈ! એમાં આત્માને જો, શ્લાઘાને પડતી મૂક. આત્મ શબ્દ પહેલાં છે ને!

પ્રસંશા કરવામાં, સાંભળવામાં પૉઝિટિવ એટિટ્યૂડ છે. ગુણ જોવામાં જાય છે શું? ગુણ હોય કે ન હોય એ વિષય અપ્રસ્તુત છે.

આટલી બધી મહેનત કરીએ છીએ શા માટે? કોઈને ડીનર કે લંચ પર બોલાવીએ છીએ શા માટે? બે મીઠા શબ્દો માટે જ ને!

ઓળખાણ એ મોટી ખાણ છે તેમ વખાણ એ એનાથીય મોટી ખાણ છે. તરત ફળ આપનાર કોઈ ખાણ હોય તો વખાણ છે. વખાણ કરો કે સાંભળનાર તરત રાજી થાય. માગો તે આપે. માગ્યા વગર પણ આપે.

માણસ આમ તો વિસ્મૃતિના વનમાં વિચરનાર પ્રાણી છે. ઘણુંબધું ભૂલી જાય છે. છતાં કોઈએ એની પ્રસંશા કરી હશે તો તેને નહીં ભૂલે.

નાના બાળકથી લઈ વયોવૃદ્ધ સુધી, સાહેબથી લઈ નોકર સુધી સૌ કોઈને પ્રસંશા પ્રિય છે. એમાં કંઈ જ ખોટું પણ નથી. જરાક વખાણ થયાં, કોઈએ પીઠ થાબડી કે આપણામાં નવચેતન આવી જાય છે. બધો થાક ઊતરી જાય છે.

શિયાળને ભૂખ લાગી હતી. બે શબ્દ પ્રસંશાના કહ્યા, એનું કામ થઈ ગયું. કાગડાને જે ગમ્યું એ બધાને ગમે એવું છે. પ્રસંશા કરવામાં આપવાનું કંઈ નથી. બે શબ્દ, બે, સારા શબ્દ બોલવાથી જીભ કંઈ ઘસાઈ નથી જવાની.

'કાગડો અને શિયાળ'ની વાર્તા મને નથી ગમતી એવું નથી, ગમે છે, પણ હું કાગડાના પક્ષમાં છું. મને પ્રસંશા ગમે છે. તમે કોના પક્ષમાં છો?

ચાલોને, આપણે એકમેકની પ્રસંશા કરીએ. નિંદા, ટીકા, અપમાન, કવેણ તો ઘણાં કહ્યાં. અતિરેક નહીં, વિવેકથી પ્રસંશા કરીએ.

શિયાળ તો જંગલમાં રહેતું હતું. જંગલમાં કાગડા પાસે પૂરી આવી ક્યાંથી, આ પ્રશ્ન કોઈએ ઘરાર પૂછવાનો નથી.

વાર્તાનો બોધ છે. પ્રસંશા કરો, પ્રસંશા સાંભળો. તો કરો શરૂઆત....

**મો. ૯૮૨૦૬૧૧૮૫૨**

# પૂરે પચાસ સાલ...

✳ રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ ✳

ગયા મહિને ૧૫ ઑગસ્ટ, ૨૦૨૫ના ભારત સરકારે ફિલ્મ શોલેનાં ૫૦ વર્ષ પૂરાં થયાં એના સન્માનમાં ટપાલ ખાતાએ શોલે ફિલ્મની ટપાલટિકિટ બહાર પાડી. કદાચ કોઈ ફિલ્મ પર ટપાલટિકિટ બહાર પડી હોય એ ભારતના ફિલ્મ ઈતિહાસનો પહેલો પ્રસંગ હતો.

૬૦થી ૭૦ વર્ષની થયેલી પેઢી માટે ૫ વર્ષ સુધી હાઉસ ફૂલ રહેતી આ ફિલ્મ મિનર્વા થિયેટરમાં જોવી એક ઉપલબ્ધિ ગણાતી અને લોકો એક અભિમાનથી પોતાના મિત્રવર્તુળમાં કહેતાં કે અમે શોલે ફિલ્મ મિનર્વા થિયેટરમાં જોઈ આવ્યા. મને યાદ છે, ઑગસ્ટ મહિનામાં ભારે વરસાદમાં મિનર્વા થિયેટરમાં પાણી ભરાયાં ત્યારે ગુંઠણ સુધી પાણીમાં પણ એક અઠવાડિયા સુધી આ ફિલ્મ જોવાઈ હતી.

શોલેનાં ૫૦ વર્ષની ઉજવણીમાં આ લેખમાં એવાં ઓછાં જાણીતા તથ્યો વિશે વાત કરશું.

**તો જોણીએ શોલેનાં ૫૦ વર્ષ પર શોલે ફિલ્મની ૫૦ વણકહી વાતો:**

(૧) શોલે અગાઉ સોલે નામની ફિલ્મ ૧૯૫૬માં બી. આર. ચોપરાના નિર્દેશનમાં રજૂ થયેલી જેનાં ડિસ્ટ્રીબ્યૂટર શોલેના પ્રોડ્યુસર G. P. Sippy હતા અને એ ફિલ્મે પણ સારી કમાણી કરી હતી ત્યારથી સોલે નામ G. P. Sippyના મનમાં હતું પણ એમણે Soley નામમાં થોડો સુધારો કરી ફિલ્મના લેખક સલીમ-જાવેદની જોડીને શોલે નામ સૂચવ્યું.

(૨) શોલે ફિલ્મની વાર્તા સલીમ-જાવેદે સીતા ઔર ગીતાની સિલ્વર જ્યુબિલીની પાર્ટીમાં ફક્ત ૪ લાઈનમાં G. P. Sippy અને રમેશ સિપ્પીને કહી હતી.

(૩) ત્યારે સલીમ-જાવેદ પાસે ૨૦૦ પાનાંની ફિલ્મ મજબૂરની હાર્ડ બાઉન્ડ સ્ક્રિપ્ટ તૈયાર હતી. તે પણ એમણે પ્રોડ્યુસર G. P. Sippy અને Director રમેશ સિપ્પીને બતાવી.

(૪) રમેશ સિપ્પીની ઈચ્છા મજબૂર ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર હોવાથી એના પર ફિલ્મ બનાવવાની હતી, પણ G. P. Sippyની એક Mega Canvas પર ફિલ્મ બનાવવાની ઈચ્છા હતી. એમણે ફક્ત ૪ લાઈનની શોલેની સ્ક્રિપ્ટમાં એમને એ શક્યતા દેખાતા એમણે શોલેની સ્ક્રિપ્ટ પર પોતાની પસંદગી ઉતારી હતી.

(૫) આ ૪ લાઈનની સ્ક્રિપ્ટ આ અગાઉ બલદેવ પુણ્યકર્ણાએ ૨૦૦૦૦ રૂપિયામાં ખરીદી

હતી. પણ તેમના ડાયરેક્ટર મનમોહન દેસાઈ હતા. જે મનોરંજક ફિલ્મો બનાવવા માટે જાણીતા હતા એમને આ સ્ક્રિપ્ટમાં એન્ટરટેઈનમેન્ટ વૅલ્યૂ ન દેખાતાં એમણે સલીમ-જાવેદને ચાચા-ભતીજા ફિલ્મ બનાવવાનો આઈડિયા આપ્યો હતો.

(૬) ત્યારબાદ એમણે આ સ્ટોરી આઇડિયા પ્રકાશ મહેરાને આપ્યો હતો પણ એ ઝંઝીર ફિલ્મમાં વ્યસ્ત હોવાથી એમણે ના પાડી હતી. મનમોહન દેસાઈ અને પ્રકાશ મહેરાને શોલે ફિલ્મ ન બનાવવાનો અફસોસ જીવનભર રહ્યો હતો.

(૭) છેલ્લે G. P. Sippy એ આ વાર્તાના રાઈટ્સ રૂ.૭૫૦૦૦માં ખરીદી શોલે ફિલ્મ માટે ૧ કરોડ, અત્યારના (૧૦ કરોડ)નું બજેટ ફાળવ્યું હતું. જે એ સમયનું મેગા બજેટ હતું.

(૮) અઢી વર્ષમાં આ ફિલ્મના નિર્માણમાં ૩ કરોડનો ખર્ચ થયો. જે એ સમયમાં સૌથી વધારે બજેટ હતું.

(૯) પહેલી વાર ૧૫ રૂપિયાની ટિકિટ કાળાબજારમાં ૨૦૦ રૂા. સુધી વેચાઇ હતી, જે પણ એક રેકૉર્ડ હતો.

(૧૦) પહેલી વાર ભારતીય સિનમા જગતમાં ૭૦ MMમાં સ્ટિરિયોફોનિક સાઉન્ડ સાથે રજૂ કરવામાં આવી હતી.

(૧૧) દરેક સિનેમાઘર ૭૦ એમ.એમ. માટે પડદો (Screen) ન હોવાથી ફિલ્મનું શટીંગ ૭૦MM અને૩૫ MM બન્નેમાં કરવામાં આવ્યું હતું અને દરેક શોટનું શૂટિંગ ૭૦ MMમાં કરી ૩૫MMમાં રીટેક લેવામાં આવ્યું હતું.

(૧૨) આ ફિલ્મનું શૂટિંગ ૧૯૭૩ થી ૧૯૭૫ લગભગ અઢી વર્ષ ચાલ્યું હતું.

(૧૩) ફિલ્મમાં ઠાકુર બલદેવ સિંહની વિધવા પૌત્રવધૂનું પાત્ર ભજવનાર જયા ભાદુરી ફિલ્મનું શૂટિંગ શરૂ થયું ત્યારે ૧૯૭૩માં શ્વેતા બચ્ચન અને ૧૯૭૫માં ફિલ્મ રિલીઝ થઈ ત્યારે અભિષેક બચ્ચન, બન્ને વખતે ગર્ભવતી હતાં.

(૧૪) ૩ કરોડના બજેટની આ ફિલ્મે ૩૫ કરોડનો (આજના લગભગ ૩૫૦ કરોડનો) વકરો કર્યા જે એક રેકૉર્ડ હતો અને ૩૫ કરોડનો રેકૉર્ડ છેક ૨૦ વર્ષ પછી ૧૯૯૫માં હમ આપકે હૈ કોનથી તૂટ્યો હતો.

(૧૫) શોલે ફિલ્મ માટે ડાયરેક્ટર રમેશ સિપ્પી જે એ વખતે માત્ર ૨૮ વર્ષના હતા તેમણે ૩ લાખ ફૂટનું શૂટિંગ કર્યું હતું અને એમાંથી એડિટિંગ કરી માત્ર ૧૮૦૦૦ ફૂટ (૩ કલાક ૨૦ મિનિટ)ની ફિલ્મ સ્ક્રીન પર દર્શાવવામાં આવી હતી.

(૧૬) આ સુપર હિટ ફિલ્મને ૧૯૭૬ના ફિલ્મફેર એવૉર્ડમાં ફક્ત એક ફિલ્મફેર એવૉર્ડ શોલે ફિલ્મનાં એડિટર માધવ શિંદેને ૩ લાખ ફૂટની ફિલ્મનું ૧૮૦૦૦ ફૂટની ફિલ્મનું ઉત્કૃષ્ટ એડિટિંગ કરવા માટે મળ્યો હતો.

પણ ૫૦ વર્ષથી શોલેને ૧૯૯૫માં ભારતીય સિનેમાની ૫૦ વર્ષની સર્વ શ્રેષ્ઠ ફિલ્મનો એવૉર્ડ મળ્યો હતો.

**ફિલ્મની સ્ટાર કાસ્ટ**

(૧૭) ડાકુ ગબ્બરનો રોલ ખલનાયક ડેનીને ઑફર કરાયો હતો, પણ ડેની ધર્માત્મા ફિલ્મની શૂટિંગ માટે વ્યસ્ત હોવાથી એ ફિલ્મ કરી શકયા ન હતાં.

(૧૮) સંજીવકુમારે પણ ગબ્બરનો રોલ કરવાની ઈચ્છા દર્શાવી હતી પણ આ પાત્ર મૂળ ફિલ્મમાં ક્રૂર અને હિંસાત્મક હોવાથી તેમની હીરોની ઈમેજને હાનિ પહોંચાડશે એમ રમેશ સીપ્પીએ સમજાવતા તેમણે ઠાકુર બલદેવ સિંહનો રોલ સ્વીકાર્યો હતો.

(૧૯) ધર્મેન્દ્રને ઠાકુર બલદેવ સીંહનો રોલ કરવાની ઇચ્છા હતી. પણ ત્યારે તે હેમા માલિનીના પ્રેમમાં હતાં. તેથી રમેશ સિપ્પીએ એમને હેમા માલિની સાથેનાં પ્રેમ દ્રશ્યો ભજવવા નહીં મળે. એમ સમજાવતાં ધમેન્દ્રે વીરુનો રોલ સ્વીકાર્યો હતો.

(૨૦) ગબ્બરના રોલ માટે ડેની પછી પ્રાણ, પ્રેમનાથનો પણ વિચાર કરવામાં આવ્યો હતો. પણ સલીમ-જાવેદે દિલ્હીમાં આઈએનટીની નાટ્ય સ્પર્ધામાં લગભગ ૧૦ વર્ષ પહેલાં ફિલ્મ અભિનેતા જયંતના પુત્ર અમજદ ખાનને એક નાટકમાં અભિનય કરતા જોયો હતો અને એમનો પ્રભાવશાળી અભિનય એમને સ્પર્શી ગયો હતો. તેથી તેમણે અમજદ ખાનનું નામ સૂચવ્યું હતું. તેમને દિલ્હી થી મુંબઈ બોલાવી, મુંબઈમાં એમને આ રોલમાં સ્ક્રીન ટેસ્ટ માટે બોલાવવામાં આવ્યો હતો અને પહેલાં જ સ્ક્રીન ટેસ્ટમાં તેઓ પાસ થયા હતા.

(૨૧) જયના રોલ માટે રામપુર કા લક્ષ્મણ અને ભાઈ હો તો ઐસા જેવી બે ફિલ્મો સતત હીટ રહેતા રમેશ સિપ્પી માટે પહેલી પસંદ શત્રુઘ્ન સિંહા હતા, પણ સલીમ-જાવેદે ઝંઝીર ફિલ્મ જે હજુ પ્રદર્શિત થઈ ન હોતી એમાં અભિતાભના અભિનયથી પ્રભાવિત રહેતાં એમણે અમિતાભનું નામ સૂચવ્યું હતું, પણ એ અગાઉ અમિતાભની સતત ૯ ફિલ્મો નિષ્ફળ રહી હતી, જેથી રમેશ સિપ્પી જયના રોલ માટે અમિતાભની કાસ્ટિંગ માટે આશ્વસ્ત નહોતા. અમિતાભે ત્યાર બાદ ધર્મેન્દ્રને સંપર્ક કરી આ રોલ એમને આપવા માટે રમેશ સિપ્પીને સમજાવવા કહ્યું હતું અને ત્યારબાદ સલીમ-જાવેદ અને ધર્મેન્દ્રના આગ્રહથી જયનો રોલ મેળવવામાં અમિતાભ સફળ રહ્યા હતા.

(૨૨) જયા બચ્ચન આ ફિલ્મમાં પોતાને વધુ સંવાદ ન મળવાથી આ રોલ કરવા તૈયાર ન હતાં પણ ઝંઝીર અને અભિમાન આ બે ફિલ્મનું શૂટિંગ ચાલુ હતું અને આ ફિલ્મનું શૂટિંગ બન્ને સાથે કરી રહ્યાં હોવાથી અમિતાભે એમને આ રોલ કરવા સમજાવ્યું હતું.

(૨૩) ફિલ્મની આ મુખ્ય સ્ટાર કાસ્ટ નક્કી થતાં ફિલ્મમાં નાનાં પાત્રોમાં જેલર (અસરાની), સુરમા ભોપાલી (જગદીપ), કાલિયા (વિજુખોટે) અને સાંભા (મેકમોહન), સચીન, એ. કે. હંગલ વાર્તાનો સ્ક્રીનપ્લે લખતી વખતે ઉમેરવામાં આવ્યાં હતાં.

(૨૪) આ નાનાં પાત્રોના સવાલો જેમ કે સાંભાનો પૂરે પચાસ હજાર (સંપૂર્ણ ફિલ્મમાં ફક્ત આટલો જ સંવાદ મેક મોહનને મળ્યો હતો) અબ તેરા ક્યા હોગા કાલિયા માટે એ સાંભા (મેકમોહન) અને કાલિયા (વીજુ ખોટે) 'સરદાર મૈંને આપકાં નમક ખાયા હૈ', અસરાની (જેલર) 'હમ અંગ્રેજો કે જમાના કે જેલર હૈ' નાના રોલ હોવા છતાં આ પાત્રોએ કથાને મનોરંજક બનાવી આગળ વધારી..

(૨૫) ફિલ્મમાં સચીન (અહેમદ)નું પાત્ર જે પાછળથી ઉમેરવામાં આવ્યું હતું ત્યારે તે માત્ર ૧૫ વર્ષના હતા, પણ ૧૦ વર્ષથી ફિલ્મોમાં કામ કરતા હોવાથી તેમનો અનુભવ અમિતાભથી પણ વધારે હતો તેથી અમિતાભે તેમને એક સિનિયર કલાકાર કરતાં પણ વધારે માન આપ્યું હતું.

**શોલે ફિલ્મનાં પાત્રોની પરિકલ્પના**

(૨૬) ગબ્બરનું પાત્ર ફિલ્મમાં વાર્તાલેખક સલીમે તેમના પિતા મધ્ય પ્રદેશમાં પોલીસ ખાતામાં ઓફિસર હતા ત્યારે ડાકુ ગબ્બર સિંગનો આતંક એ વિસ્તારમાં હતો એ પરથી ગબ્બરની પરિકલ્પના કરી હતી.

(૨૭) જય-વીરૂના પાત્રો ફિલ્મના વાર્તા સંવાદ લેખક જાવેદની સાથે કોલેજમાં ભણતા બે મિત્રોની જોડી પરથી લેવામાં આવ્યાં હતાં.

(૨૮) સુરમા ભોપાલીનું પાત્ર વાર્તાકાર જાવેદ અખ્ખર જ્યારે ભોપાલ રહેતા ત્યારે લાકડાના વેપાર કરતા એક વેપારી પરથી લેવામાં આવ્યું હતું. તે વેપારીની ભોપાલીમાં હિંદી બોલવાની છટા ફિલ્મમાં સુરમા ભોપાલીનું પાત્ર ભજવતા જગદીપને શીખવવા છેક ભોપાલ મોકલવામાં આવ્યા હતા.

(૨૯) જય-વીરૂનું પાત્ર ખરેખર મિલિટરીમાં શિસ્તભંગ થયેલા, પણ પરાક્રમી બે મિલિટરી ઓફિસરો પર આધારિત હતું અને ઠાકુર બલદેવ સિંહનું પાત્ર મિલિટરીના રિટાયર્ડ મેજર પર આધારિત હતું, પણ અમૂક દૃશ્યો માટે ભારતીય સૈન્યની મંજૂરી લેવામાં મુશ્કેલી પડે એમ હોવાથી ઠાકુર બલદેવ સિંહને રિટાયર્ડ પોલીસ ઓફિસર અને જય- વીરૂને જેલમાંથી ભાગી છૂટેલા કેદી તરીકેની પરિકલ્પના કરી સ્ક્રિપ્ટ લખાઈ.

(૩૦) ઠાકુર બલદેવ સિંહ નામ વાર્તા લેખક સલીમના સસરા જે જમ્મુ વિસ્તારના ઠાકુર હતા એમની ઉપરથી રાખવામાં આવ્યું હતું.

(૩૧) જેલરના પાત્રની પ્રેરણા ચાર્લી ચેપ્લીન અને હિટલરના પાત્રો પરથી લેવામાં આવી હતી અને અસરાનીને કપાયેલી મૂછો રાખવાનું અને ચાર્લી ચેપ્લીનની ફિલ્મો જોઈને અભિનય કરવાનું કહેવામાં આવ્યું હતું. અસરાની એ અસરકારક રીતે એ પાત્રને અભિનિત કર્યું હતું અને માત્ર ત્રણ દિવસમાં જેલનું શૂટિંગ પૂરું કર્યું હતું. પણ 'આધે ઈધર જાવ અને આધે ઉધર જાવ'ના સીનમાં એક બાજુ એક પોલીસ ઓછો હોવાથી એ પાછળથી ધ્યાનમાં આવતા સમગ્ર સીનનું શૂટિંગ ફરીથી કરવામાં આવ્યું હતું.

## ફિલ્મના પાત્રોનો પહેરવેશ

(૩૨) 'મેરા ગાંવ મેરા દેશ' અને 'ખોટે સિક્કે'માં ડાકુ ધોતી પહેરેલા હોવાથી અને બંને ડાકુ ફિલ્મો હિટ ગઈ હોવાથી ડાકુ ગબ્બર સિંગનાં પાત્ર માટે ઉપર શર્ટ અને નીચે ધોતીનો પહેરવેશ નક્કી થયો હતો, પણ જી.પી. સિપ્પીનો આગ્રહ હતો કે આ પાત્ર મૉડર્ન લૂકમાં હોવું જોઈએ માટે ગબ્બરે મિલિટરી ટાઈપનો ડ્રેસ નક્કી કરવામાં આવ્યો હતો.

(૩૩) અમિતાભ અને ધર્મેન્દ્રના ડ્રેસ માટે સંવાદ લેખક જાવેદે તેમણે પોતાની કોલેજમાં જોયેલા બે મિત્રો પરથી ડેનિમ લુકનો આગ્રહ રાખ્યો હતો.

(૩૪) જેલરના પાત્ર માટે હિટલરના યુનિફૉર્મ પરથી ડ્રેસની પરિકલ્પના કરવામાં આવી હતી પણ ત્રણ વખત અસરાનીના એ ડ્રેસથી સંતોષ ન થતાં રમેશ સિપ્પી એ માટે એમને ટ્રાયલ્સ માટે મોકલ્યા હતા. ફક્ત ૧૦ મિનિટના સીન માટે રમેશ સિપ્પીના આટલા પરફેક્શનના આગ્રહથી અસરાની આશ્ચર્ય પામ્યા હતા.

## ફિલ્મનો લોકશનની પસંદગી

(૩૫) ડાકુ ફિલ્મો ઉત્તર ભારતનાં વિસ્તારની હોવાથી મેરા ગાંવ મેરા દેશ અને ખોટે સિક્કેમાં રાજસ્થાનના લોકેશનમાં ડાકુ ફિલ્મ હીટ થતા રમેશ સિપ્પીએ આર્ટ ડાયરેક્ટર રામ યેડેકરને રાજસ્થાનમાં લોકેશન શોધવા કહ્યું હતું, પણ રામ યેડેકરે સ્ક્રીપ્ટનો સારાંશ વાચી અનેક ડાકુ ફિલ્મો ચંબલમાં કે ઉત્તર ભારતમાં બની હોવાથી શોલે પણ એ જ પ્રકારની ડાકુ ફિલ્મ બની રહેશે માટે આપણે દક્ષિણ ભારતનું લોકેશન શોધીએ તો કેમ એમ કહેતાં રમેશ સિપ્પી, રામ યેડેકરના આ આઈડિયા સાથે સંમત થયા હતા. લગભગ ૨૦૦૦૦ કિ.મી.ના કારના રોડ પ્રવાસમાં એમણે લગભગ ૨૦૦ થી વધારે લોકેશન્સના ફોટોગ્રાફ લીધા હતા. પણ લોકેશન પસંદ પડ્યું નહોતું. એક દિવસ બેંગલોરથી ૮૦ કિ.મી. દૂર પ્રવાસ કરતાં એક ટેકરી દેખાઇ હતી ત્યાં જઈ ગ્રામજનો સાથે વાત કરતાં, એમને રામનગરનું આ લોકેશન ગમતાં એમણે બેંગ્લોરથી એક કલાકના રસ્તે આવેલ રામ નગર પર પસંદગી ઉતારી હતી.

(૩૬) રામનગરમાં જ એક ગામ બાંધી એને રામગઢ નામ આપવામાં આવ્યું હતું. આજે પણ આ ગામ રામગઢ તરીકે એક ટૂરિસ્ટ સ્થળ તરીકે જાણીતું છે.

(૩૭) શોલે ફિલ્મની સફળતામાં પટકથા લેખક સલીમ-જાવેદ, દિગ્દર્શક રમેશ સિપ્પી અને કલાકારો જેટલો જ ફાળો સિનેમેટોગ્રાફર દ્વારકા પ્રસાદ દિવેચાનો હતો તેમણે ઇંગ્લીશ ફિલ્મ 'Macanass Gold'થી પ્રેરણા લઈ રમેશ સિપ્પીને ૭૦ એમ.એમ.માં આ ફિલ્મ શૂટ કરવાની સલાહ આપી હતી.

(૩૮) આર. ડી. બર્મન (પંચમદા)એ પહેલા સંપૂર્ણ વાર્તા સાંભળી ગીતોની સિચ્યુએશન નક્કી કરી. દરેક ગીતની દસ ધૂન તૈયાર કરી હતી. ત્યાર બાદ ગીતોના શબ્દો આનંદ બક્ષીએ લખ્યા હતાં.

(૩૯) આ ફિલ્મી સંગીતના રાઇટ્સ Polydorએ ૫ લાખમાં ઍડવાન્સ આપી ખરીદ્યા હતા. ભારતીય ફિલ્મ જગતમાં પહેલી વાર એવું થયું હતું કે કોઈ મ્યુઝિક કંપનીએ ઍડવાન્સ આપી મ્યુઝીકલ રાઈટસ ખરીદ્યા હોય.

(૪૦) શોલેમાં એક કવ્વાલી ગીત પણ ફિલ્માંકન કરવામાં આવ્યું હતું. જે ગીતકાર આનંદ બક્ષી, મન્નાડે અને ભુપેન હઝારિકાએ ગાઇ હતી, પણ પાછળથી એડિટીંગમાં એ કટ કરવામાં આવી હતી.

(૪૧) મહેબૂબા ગીતની ધૂન અંગ્રેજી પોપસિંગર Demmy Russoની હતી, ધૂન જે રમેશ સિપ્પી અને એમના પત્ની ગીતાએ લંડનમાં રમેશ સિપ્પીના ભાઇ અરજિતના ઘરે સાંભળી હતી અને એ ભારત આવી પચમદા અને આનંદ બક્ષીને સંભળાવતાં તેમણે એક દિવસમાં આ ગીત તૈયાર કર્યું હતું.

(૪૨) ફ્રેન્ડશિપ ડેની કે મિત્રતાની વાત આવે ત્યારે દરેકને મોઢે ગવાતું ગીત 'યે દોસ્તી હમ નહીં તોડેંગે' માટે શૂટિંગ ૨૨ દિવસ ચાલ્યું હતું.

(૪૩) ગબ્બરના દૃશ્યો પર ક્રૂરતાં ઉપસાવવા હોરર મ્યુઝિક કરતાં એક Signature tune બનાવવાનો પંચમનો આઈડિયા સફળ રહ્યો હતો. પોલીડોરે ફક્ત ફિલ્મ સંગીત નહીં શોલે ફિલ્મના ડાયલોગની કૅસટો બહાર પાડી હતી. ભારતીય ફિલ્મના ઈતિહાસમાં કોઈ ફિલ્મના ડાયલોગની કૅસેટો રિલીઝ કરી હોય એ પહેલો પ્રસંગ હતો. પોલીડોરે પોતાની ધારણા કરતાં ૫ ગણી કૅસટો અને ગ્રામોફોન રેકૉર્ડસનું વેચાણ કર્યું હતું.

(૪૪) ફિલ્મમાં જાવેદ અખ્તારના સંવાદોમાં ઉર્દૂની છાંટ વર્તતાં સંવાદોમાં અવધ બોલીનો જી. પી. સિપ્પીનો આગ્રહ હોવાથી જાવેદ અખ્તરના આસિસ્ટંટે તેમને અવધ બોલીમાં સંવાદો લખવામાં મદદ કરી હતી.

(૪૫) શોલે ફિલ્મના યાદગાર સંવાદો

(૧) મુજે ગબ્બર ચાહિએ, વો ભી જિંદા

(૨) તુમ્હારા નામ ક્યા હૈ બસંતી

(૩) અરે ઓ સાંભા કિતના ઇનામ રખે હૈ સરકાર હમ પર

(૪) પૂરે પચાસ હજાર

(૫) અબ તેરા ક્યા હોગા કાલિયા

(૬) સરદાર મૈંને આપકા નમક ખાયા હૈ

(૭) હમ અંગ્રેજો કે જમાને કે જેલર હૈ

(૮) ગોલી દો, આદમી તીન, બહુત નાઈન્સાફી હૈ

(૯)સોચ લો ઠાકુર હમ સે દુશ્મની મહેંગી પડેંગી

(૧૦) જબ પચાસ પચાસ કોસ દૂર ગાંવમેં બચ્ચા રોતા હૈ તબ માઁ કહતી હૈ, બેટા સો જા નહીં તો ગબ્બર સીંગ આ જાયેગા

(૧૧) હોલી કબ હૈ ?

(૪૬) ફિલ્મમાં શરૂઆતમાં આવતું ટ્રેન ફાઇટનું શૂટિંગ ઉરણ પનવેલ રેલ્વે લાઇન પર એક મહિનો કરવામાં આવ્યું હતું અને એ માટે ઈંગ્લિશ ફિલ્મના Stunt Director Jim Alien અને Gerry Cromptonને વિશેષ લંડનથી બોલાવવામાં આવ્યા હતાં.

(૪૭) ફિલ્મના અંતમાં ઠાકુર ગબ્બરને મારે છે, પોતાના પરિવારની હત્યાનો બદલો લે છે એમ ફિલ્માવવામાં આવ્યું હતું, પણ ફિલ્મ વધારે પડતી હિંસાત્મક લાગે છે એવા સેન્સરબોર્ડના નિર્ણયથી એ દશ્યો એડિટ કરી ફરી આ દશ્ય શૂટ કરી રિલીઝ કરવામાં આવ્યાં હતાં.

(૪૮) ફિલ્મને પહેલા અઠવાડિયામાં ખૂબ જ નબળો પ્રતિસાદ મળ્યો હતો. અમુક ફિલ્મ સમીક્ષકોને અમજદ ખાનનો અવાજ નબળો લાગ્યો હતો પણ એ જ અવાજ અને સંવાદ પછી ચિરંજીવી સ્મૃતિ બન્યા હતા. ફિલ્મના નબળા પ્રતિસાદથી રમેશ સિપ્પી ફિલ્મનો અંત “Happy Ending” તરીકે રિશૂટ કરી. જય (અમિતાભ)ને જીવતો બતાડી રાધા (જયા) સાથે લગ્ન કરે છે જેથી વિધવા વિવાહનો ક્રાંતિકારી વિચાર પણ સમાજ સમક્ષ મૂકી શકાય એ રીતે રિશૂટ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, પણ સલીમ-જાવેદ ફિલ્મનો અંત ના બદલવા મક્કમ હતા અને અઠવાડિયા પછી ફિલ્મને માઉથ પબ્લિસિટીથી સુપરડુપર પ્રતિસાદ મળ્યો હતો.

(૪૯) ભારતીય ફિલ્મ ઈતિહાસની આ Timelsss ફિલ્મ એક દંતકથા બની ગઈ હતી અને મિનર્વા થિયેટરમાં પૂરાં ૫ વર્ષ, ૧૯૮૦ સુધી ચાલી એક ચિરંજીવ સ્મૃતિ બની ગઇ હતી.

(૫૦) છેલ્લે જાણીતા ફિલ્મ નિર્માતા શેખર કપૂરના શોલે ફિલ્મ વિશેના વિધાન ‘‘ભારતીય ફિલ્મનો ઈતિહાસ લખવામાં આવશે ત્યારે એ બે કાળમાં વહેચવામાં આવશે. શોલે ફિલ્મ પહેલા (Sholay BC) અને શોલે ફિલ્મ પછી (Sholay AD)’’ સાથે આ લેખ પુરો કરું છું.

ગામ : લુણી

મો.: ૯૮૨૦૫ ૩૫૨૭૧

# ચાલો પાછા વળીએ

પન્નાલાલ લક્ષ્મીબેન ખીમજી છેડા

નમસ્કાર, આ પહેલાંની ખબરપત્રિકામાં ''પ્રાર્થના સભા : બદલાતાં પરિમાણ'' એ લેખ વાંચીને અનેક જણાએ ફોન અને વૉટ્સઍપ દ્વારા આ વિષયમાં કઈ રીતે ફેરફાર થાય એની ચર્ચા કરી હતી.

વર્ષોથી રૂઢ બની ગયેલી અનેક સામાજિક રૂઢિઓ અને રિવાજો માટે લખતો રહ્યો છું. છ વર્ષ પહેલાં તા. ૨૦-૩-૨૦૧૯ ની ખબર પત્રિકામાં ચાર પાનાંમાં લખેલા વિચારોનું પુનરાવર્તન કરી માહિતીદાયક લેખ વાંચવા સહુને ભલામણ કરું છું.

સદર લેખમાં જ્ઞાન અને માહિતી ક્ષેત્રે તેનાં અનેક ક્ષેત્રોના ઘટકોમાં તેની ક્ષિતિજે જે ફેરફારો જણાય છે તેની અસર વિશ્વનાં દરેક સામાજિક ક્ષેત્રોમાં જણાશે તેનો ઈશારો કર્યો હતો. તાજેતરમાં એક વિદ્વાને તેમના ચિંતનાત્મક લેખમાં પરિસ્થિતિની સમાલોચના કરતાં જણાવ્યું હતું, કે મુખત્વે આભાસી સત્યતા (વર્ચ્યુઅલ રિયાલ્ટી), કૃત્રિમ બુદ્ધિમત્તા (આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્સ) સૂક્ષ્મ અણુતંત્ર જ્ઞાન (નેનો ટેક્નૉલૉજી) અને જૈવિક તંત્રજ્ઞાન (બાયો ટેક્નૉલૉજી) - માનવીનું ભવિષ્ય આ ચાર વિજ્ઞાન અને તંત્રજ્ઞાનની અસરમાં વિકસશે જેનો પ્રભાવ વર્તમાનમાં જોવા મળી રહ્યો છે.

જ્ઞાનની આ સવારી પર અનેક દૂરગામી પરિબળોની અસર પડવાની છે. નવીનવી વિચારધારાઓ આકાર લઈ રહી છે, ત્યારે દરેક રિવાજની પાછળ રહેલા આ વિચારોના ફેરફારને ક્યાં સ્થાન છે એ દરેક વ્યક્તિએ બુદ્ધિના સ્તરે જાણવું પડશે.

અહીં આપણો પ્રશ્ન છે, કે મૃત્યુ પછી યોજાતી પ્રાર્થના સભા સામાજિક પરિબળોમાં હવે આવનારા ભવિષ્યમાં તેનું સ્થાન ક્યાં મુકરર કરશે તે જાણવા માટે અને તેમાં આવનારી વ્યવહારુતા કેટલી સુસંગત રહેશે ? અત્યારે પ્રવર્તતી સંવેદનાઓ સાથે વહેતી રહેશે કે સામાજિક જગતમાં બહુમત પામેલા વિચારોની વચ્ચે વિમુખ બનેલા પરિબળોની સાથે રહેશે ?

પ્રશ્ન સમાજનો છે, ઉત્તર વ્યક્તિગત છે. દરરોજ ખબરપત્રિકામાં જોઈએ છીએ કે બે પેઢીના વિચારોમાં રહેલ ઘર્ષણ જણાઈ આવે છે. આજનો યુવાન વર્ગ ચીલાચાલુ રિવાજોથી વિમુખ બન્યો છે. જ્યાં વિશાળ પરિવાર અને

સગાંસ્નેહી વર્ગમાં એકબીજા સાથે વિશેષ પરિચય નથી રહ્યો ત્યાં લાગણી કેવી રીતે ઉદ્‌ભવે? તેથી મૃત્યુ જેવી ઘટના પણ એક પારિવારિક ઘટના ગણી તેટલા પૂરતી આ સ્થિતિ મર્યાદિત રહે એ વિચાર હવે આકાર લઈ રહ્યો છે. જૂની પેઢી તેના સંબંધોના પરિપ્રેક્ષ્યમાં કંઈક અવઢવ અનુભવી રહી છે.

બે ઘટનાઓની વાત કરીશ. ૨૯-૧-૫૯માં લાયજાના શ્રી ખીમજીભાઈ તેજુ કાંઈયાના અવસાન પછી તેમના પરિવારજનોએ ૩૧-૧-૫૯ના બેસણાનો સમય ૨ થી ૮નો નક્કી કર્યો. આમ થતાં રોજિંદી કૌટુંબિક વ્યવસ્થા સરળ બની. સમયના પરિવર્તનની આ વાત સમાજે સ્વીકારી.

૨૯-૯-૭૧ના મેરાઉનાં માતુશ્રી ભચીબાઈ કરમશી ફરિયાના અવસાન સમયે શોકસભા આયોજક શ્રી શ્યામભાઈ શાહે નપ્પુ હૉલમાં ભક્તિગીતોની સાથે સભાનું આયોજન કર્યું. પ્રસંગને ખૂબ જ પ્રતિસાદ મળ્યો. સમાજના અગ્રણીઓ શ્રી ભુજપુરિયા શેઠ અને શ્રી વેલજીબાપાને આ ઘટના ઉચિત લાગી માત્ર પાંચ રૂપિયાના ભાડામાં મહાજન વાડીનો હૉલ અને નપ્પુ હૉલ આપવાની શરૂઆત કરી, ધીરે ધીરે સાદડી પ્રથાનો અંત આવ્યો જેનો સિલસિલો આજ દિવસ સુધી ચાલુ છે.

છેલ્લાં ચોપ્પન વર્ષથી ચાલુ રહેલો આ સિલસિલો-પરંપરા આપણા રિવાજો અને વ્યાવસાયિક જીવનમાં આવેલા ધરમૂળ ફેરફારોને હવે અનુકૂળ ન રહ્યા. સમાજ અનેક વ્યવસાયો સાથે ઉદ્યોગો ભણી વળતાં કૉર્પોરેટ ક્ષેત્ર વિશાળ બનતાં અત્યારની વ્યવસ્થાને હવે ધીરેધીરે બદલવાના વિચારોને સ્થાન મળ્યું.

મુંબઈ અનેક નાના-મોટા વિસ્તારોથી ઓળખાય છે. દરેક સ્થળે જુદી જુદી જ્ઞાતિના તેમ જ નાના-મોટા વ્યાવસાયિક હૉલ જોવા મળે છે જે અન્ય સમાજમાં સારા-માઠાં પ્રસંગોએ વપરાતાં હોય છે. રવિવારે અને રજાના દિવસોમાં શાળાઓના હૉલ ખાલી હોય છે. જેઓ વિશાળ પરિવાર અને સામાજિક સંબંધો ધરાવતા હોય, આત્મીયતા જાળવી રાખવાનું વલણ ધરાવતાં હોય તેઓ પોતાના રહેઠાણની આસપાસના પરિસરમાં આવા હૉલમાં ૧ થી ૮ દરમ્યાન અથવા પોતાને યોગ્ય લાગે તેવા લાંબા-ટૂંકા ગાળાના સમય માટે આવા હૉલ ભાડે રાખી, ગીતો કે સંગીતની પ્રથાથી દૂર રહી આવનાર દરેક વ્યક્તિને મોઢું આપી શકે તેવી વ્યવસ્થાનું આયોજન કરે તો પોતાના પરિવારજનો, અને સગાં-વહાલાં અને હેતુ–સંતોષીઓમાં સંતોષની લાગણી પ્રેરી શકે.

અહીં બીજી એક વાત કરવી જરૂરી છે કે જ્યારે આવી પ્રથા પસંદ કરો ત્યારે માત્ર નજીકના પરિવારજનો, વ્યાવહારિક દૃષ્ટિએ સીધી લીટીના સ્વજનો, માતા-પિતા, ભાઈ બહેનો, મોસાળ કે સાસરિયાંના અંગત સ્વજનો

અને તદ્દન નિકટની વ્યક્તિઓ હૉલમાં જુદાં જુદાં સ્થળાએ નાનાંનાનાં જૂથમાં બેસી મળવા આવનારાઓને પોતાની નજીક બેસાડી સ્વર્ગસ્થ વિષે વાત કરે.

બે પાંચ મિનિટ્સમાં આખીય વાત સમજી નવા બેસવા આવનારાઓને સ્થાન આપે, પાછળ પોતાનું સ્થાન ધારણ કરી લે, આમ વાતનું પુનરાવર્તન અને સહુને મળવાની વાત પૂર્ણ થતાં અંતે નામસ્મરણ કરી પ્રસંગ પૂર્ણતાને પામે અને સહુ છૂટા પડે. આ આખીય ઘટના આજની પ્રાર્થના સભાથી અનેક રીતે જુદી પડે.

આમ પણ ન કરવું હોય તો આજે પણ ૮૦ ટકા લોકો પ્રાર્થના સભાનું આયોજન કરતાં જ નથી અને તેમ કરી નવી વૈચારિક પ્રથાને વહેતી રાખે છે.

પારંપરિક રીતે શોક ઉતારવા માટે મર્યાદિત સંખ્યાના પરિવારજનોને ભોજન માટે જોડી શકાય તેવું આયોજન સમય અને સ્થળની દૃષ્ટિએ વિચારી શકાય.

ખર્ચાળ અને સમયની મર્યાદા જાળવવા આ મુક્તિમાર્ગ છે, સામાજિક ફેરફારો માટે આવા વિચારોને સ્થાન આપવું પડે, નિયતિનો આ તકાદો છે, પાંચ-દસ વર્ષે ફરી આ પ્રથામાં ફેરફારોને અવકાશ મળ્યા કરે તેમ પ્રચલિત જીવનમાં આ પ્રથાને સ્થાન મળતું રહે. આવા સંજોગોમાં પરિસ્થિતિ સાથે ક્યાં મેળ બેસાડવો, સામંજસ્ય જાળવવું તેવા વિચારોને આયોજિત કરવાના રહે.

મુંબઈ આ સમગ્ર વિચારના કેન્દ્રસ્થાને છે. ભૌગોલિક દૃષ્ટિએ વિસ્તાર પામી રહેલાં મુંબઈના ચીલાચાલુ જીવનમાં આ દિશાસૂચન ચાલકબળ બની યોગ્ય રાહ દેખાડે તે અગત્યનું છે.

પ્રાર્થના સભા માટે આપણા વિચારો અને દૃષ્ટિ અત્યારે મુંબઈના મધ્ય વિસ્તારો તરફ - નિશ્ચિત થયેલાં સ્થળો તરફ જાય છે, આજથી ૫૦ વર્ષ પહેલાં ત્યારના સામાજિક સંજોગોની અનુકૂળતા પ્રમાણે યોગ્ય હતા પણ આજના પરિપ્રેક્ષ્યમાં વ્યવહારુ સુસંગતતા ન હોય ત્યારે વિચારોમાં ફેરફાર કરવો જ પડે. ઉઠમણા શબ્દના શબ્દાર્થ સાથે પણ એમાં તર્કબદ્ધતા નથી.

ઈ.સ. ૧૯૫૭નાં 'જ્ઞાતિદર્શન'માં આપણી જ્ઞાતિની ગૌરવગાથામાં સમાજના અગ્રણી શ્રી ભુજપુરિયાના શબ્દો છે, ''સામાજિક રિત-રિવાજો હંમેશાં સમયને અનુકૂળ અનુસરાતાં હોય છે, વખત વખતનું કાર્ય કર્યો જાય છે અને સામાજિક રિત-રિવાજોમાં ફેરફારો થતાં જ રહે છે.''

૬૦-૬૫ વર્ષ અગાઉની આ પ્રથાઓમાં ફેરફાર થયા કરશે ત્યારે ફરી કોઈ અનુકૂળતા વિષે જરૂર વિચાર થશે, કે ''ચાલો પાછા વળીએ.''

**કુંદરોડી,**
**મો. ૯૮૨૦૨૮૪૦૪૪**

# મૌન... સાયલન્સ...નિઃશબ્દતા... અને આપણે...

પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિઃશબ્દ)

ગોડ ઑફ ક્રિકેટ તરીકે લેખાતા જગવિખ્યાત સચીન તેંડુલકરે પોતાની કારકિર્દીમાં ક્રિકેટ રમતી વખતે મેદાનમાં હંમેશાં બૅટને બોલકું રાખ્યું. તેજ ગતિએ બોલ નાખતા ફાસ્ટ બૉલરો ક્યારેક આંખથી તો ક્યારેક verbal સ્લેજિંગ કરી સચીન તેંડુલકરની એકાગ્રતા ભંગ કરી વિકેટ લેવા પ્રયાસ કરતા, પણ સચીને મેદાનમાં હંમેશાં મૌન રહી, સંયમિત રહી બૅટ વડે એ બૉલરોને પ્રત્યુત્તર આપતો. સચીન તેંડુલકરની આ મૌન સાધના એમને અલગ જ ઊંચાઈ પર પહોંચાડે છે.

વાકછટાના માણીગર તરીકે જાણીતા ભારતના પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સામાન્ય રીતે સભાઓ સહેલાઈથી ગજવી શકે છે. એ જ રીતે નરેન્દ્ર મોદી આંતરરાષ્ટ્રીય ડિપ્લોમેસીમાં હંમેશાં પોલિટિકલ કરેક્ટ રહેવામાં માહિર છે. ડોનાલ્ડ ટ્રમ્પના પ્રમુખપદે અમેરિકાની વિદેશ નીતિ વિશ્વભરમાં કંપનો પેદા કરી રહી છે. બેફામ બોલવા માટે જાણીતા ટ્રમ્પ રોજ પ્રેસ કૉન્ફરન્સમાં ભરી બેજવાબદાર નિવેદનો આપી વિશ્વ અર્થ વ્યવસ્થાને ખોરંભે ચડાવી રહ્યા છે. ટેરિફ વૉરના ઓઠા હેઠળ ભારતને નમાવવા મચી રહેલા ટ્રમ્પના કોઈ પણ સ્ટેટમેંટનો જવાબ શ્રી નરેન્દ્રભાઈ મોદી પબ્લિકલી આપતા નથી. એમનું મૌન સૂચક છતાંય દૃઢ નિશ્ચયથી છલોછલ છે. સફળ અને સફળ રાજપુરુષની આ જ લાક્ષણિકતા છે.

સુપ્રસિદ્ધ ફિલ્મ મેકર શ્રી સત્યજિત રે પોતાની ફિલ્મોમાં પોતે સર્જેલા પાત્રોના મૌનનો ઉપયોગ અસરકારક રીતે કરતા. વાર્તા અને સ્ટોરી ટેલિંગ પદ્ધતિમાં નિઃશબ્દતા ઊંડાણ ઉમેરતી.

બે ઓષ્ઠના (હોઠ) કમાડ બંધ કરી જિહ્વ (જીભ)ને કેદમાં રાખી મૂકવી એ પ્રચંડ ઈચ્છાશક્તિની નિશાની છે અને સફળતાની પણ..

વાણીનો સંયમિત ઉપયોગ જેમ જીવનમાં જરૂરી છે એમ વાણીના ઉપયોગને થોડો સમય ટાળવો પણ એટલો જ જરૂરી હોય છે.

મનમાં શાંતિ અને વિચારોમાં સકારાત્મકતા આવે એ માટે યોગ, ધ્યાન,

સાધના અને પ્રાણ સાધના કરવામાં આવે છે એ જ રીતે મૌન પણ માનસિક સ્વાસ્થ્ય અનો સ્વસ્થ શરીર માટે પોષણનું કાર્ય કરે છે.

જૈન દર્શનમાં મૌનનું અતિશય મહત્ત્વ છે. પર્યુષણ પર્વમાં અન્ય તપસ્યાની જેમ મૌન રહેવાને પણ હું એક તપસ્યા તરીકે લેખું છું. હિંદુ ધર્મમાં પણ શ્રાવણ માસમાં, પુરૂષોત્તમ માસમાં અન્ય તપસ્યાઓ કરતાં કરતાં મૌન વ્રતમાં રહેવાનો મહત્ત્વનું ગણવામાં આવે છે એ જ રીતે બૌદ્ધ ફિલસૂફીમાં વિપશ્યનાની સાધના દરમ્યાન પણ મૌન રહેવું એ પ્રાથમિક ગણવામા આવે છે.

આધ્યાત્મિક વિકાસ માટે વ્યક્તિની વાણી શુદ્ધ હોવી જરૂરી છે. વાણીની શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મૌન વ્રતનો અભ્યાસ મહત્ત્વપૂર્ણ છે.

વિશ્વભરના વિચારકો મૌનને પ્રજ્ઞા-વિકાસ, આંતરિક શક્તિની વૃદ્ધિ અને મનના અસરકારક જોડાણ કરી શકવાની ક્ષમતા સાથે જોડે છે. એટલે જ કહેવાય છે ''વાણી ચાંદી જેવી છે, પણ મૌન સોનું છે''.

આકાશનો વ્યાપ અમર્યાદિત છે. એની વ્યાપકતા વિશે એ કોઇ સંજ્ઞાન નથી આપતું આકાશનો લય એના મૌન દ્વારા પ્રગટ થાય છે. મહાપુરુષોનું પણ કાંઈક આવું જ. એમની વિશાળતા અને ઊંડાણ મૌન દ્વારા છતું થાય.

મૌન આંતરિક ખોજને Propel કરે છે. ભીતરની વ્યાપકતાને તરાસવાનું કામ કરે છે. મૌન આંતરિક સૌંદર્ય અને સત્યનો માર્ગ પણ હોઇ શકે. મૌન મનના તરંગોને શાંત કરે છે અને વ્યક્તિ વધુ આંતરિક શક્તિનો અનુભવ કરે છે.

મૌન વ્યક્તિના વ્યક્તિત્વને બદલી શકે છે. મૌન દ્વારા વ્યક્તિ ગુસ્સો અને વાણીને નિયંત્રિત કરી શકે. વધુ નિશ્ચય અને આત્મવિશ્વાસ દ્વારા વ્યક્તિ મજબૂત બને છે. આમ વ્યક્તિ વધુ શાંતિમાં રહે છે અને તણાવમુક્ત પણ. આ મૌનથી વ્યક્તિની ઊર્જાનું સંરક્ષણ થાય છે

એવું નથી કે જ્યાં અવાજો નથી ત્યાં જ મૌન રહી શકાય. અવાજો અને કોલાહલની વચ્ચે પણ મનુષ્ય મૌન રહી શકે, કારણ મૌન એક અવસ્થા છે. ઘટના કે વાતાવરણ નહીં.

વરસતા વરસાદનો ધ્વનિ હોય કે બારી બહારની પાળીએ બેસી ચહકતા પક્ષીનો કલરવ કે પછી નીરવ રાત્રીએ સંભળાતો તમરાંના અવાજ વચ્ચે નિ:શબ્દતા વિચાર શૂન્યતા નહિ પરંતુ વિચારસમૃદ્ધિ લાવે છે.

ચર્ચાઓ અને દલીલો વચ્ચે પણ મૌન આપની વાતને મક્કમતાથી કહી શકે અને પ્રતિસ્પર્ધી સુધી આપની વાત હૈયા સોંસરવી ઉતારી પણ શકે. તથ્ય કે અર્થ વગરના શબ્દો બોલવા કરતાં મૌન રહેવું વધુ ઉચિત છે.

સામાજિક ક્ષેત્રના કાર્યકર્તાઓને હું હંમેશાં કહેતો હોઉં છું કે, ''જો આપ કીડીના પગે બાંધેલા ઝાંઝરનો અવાજ સાંભળી શકો તો ખરા ગણાવ'' અર્થાત્ ઉંચા અવાજે બોલાતા અવાજો વચ્ચે પણ નાના માણસના અવાજને, વ્યથાને સાંભળી શકો, સમજી શકે તો જ ખરા કહેવાશો. કારણ મૌન જ તમારી આત્મિક તાકાતનો પુરાવો છે.

મૌન, નિઃશબ્દતા ઈશ્વરીય દેન છે, જ્યારે ઘોંઘાટ અને શોરબકોર માનવીએ ઉપજાવેલા છે.

જીવનના અસ્તિત્વને ઉત્સવ બનાવવા મૌન રહેવાની કળા અને સાધના સહુમાં વિલસે એ શુભ ભાવ સાથે.

- નિઃશબ્દ,મોટા આસંબિયા
- ૯૮૨૦૧૪૫૧૪૩

ગાલા ભણસાલી
સ્ટોક બ્રોકર્સ પ્રા. લી.
તરફથી
હાર્દિક શુભેચ્છા

# આપણા સમાજની પ્રતિભા-
# કેવલ નીલમ હિરેન કક્કા

**સંકલન: સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા**

અન્ય કોઈ સમાજમાં ટ્રેકિંગ, હાઇકિંગ કે માઉન્ટેનિયરિંગ બાબતે બિલકુલ જાગૃતતા નહોતી ત્યારે શ્રી મુલુંડ ક.વી.ઓ. સમાજે ટ્રેકિંગની શરૂઆત કરેલ. ટ્રેકિંગમાં ખાસ રસ ધરાવતી વ્યક્તિઓએ પ્રાયોગિક ધોરણે ટ્રેકિંગ શરૂ કરવામાં સારી જહેમત ઉઠાવી. શરૂઆતના વર્ષમાં સમાજે યુથ હૉસ્ટેલ ઍસોસિયેશન ઓફ ઇન્ડિયા (YHAI) મહારાષ્ટ્ર યુનિટના સહયોગથી ટ્રેકરોને કુલુ મનાલીના ટ્રેકોમાં મોકલાવેલ. ખૂબ જ સારો પ્રતિસાદ મળતાં સમિતિએ YHAIમાં પોતાની સ્વતંત્ર શાખા મેળવવા માટે અરજી કરી અને વર્ષ ૧૯૮૮માં મુલુંડ ક.વી.ઓ. યુનિટ તરીકેની માન્યતા પ્રાપ્ત થયેલ. યુથ હૉસ્ટેલ સરકારમાન્ય સંસ્થા છે અને તેની શાખાઓ દેશ-વિદેશમાં વિસ્તરેલી છે. ટ્રેકરો માટે મુંબઈથી મુંબઈ પહોંચની જવાબદારી લેનાર એકમાત્ર મુલુંડ ક.વી.ઓ. યુનિટ હતું.

વૅકેશન પડતાંને દર રવિવારે મુલુંડ ટેકરી, નાનેઘાટ, ટીકોના ફોર્ટ, સારસગઢ, કલસુબાઈ, કોટલીગઢ, અંજનેરી ફોર્ટ, સુધાગઢ, રાજમાચી તથા માથેરાન ખાતે પ્રૅક્ટિસ ટ્રેકની શરૂઆત થતી જેના કારણે કુલુ મનાલી ખાતે જતા ટ્રેકરો બધા ટ્રેક પૂર્ણ કરીને જ આવતા. થોડા સમયની અંદર જ યુનિટને સુંદર પ્રતિસાદ મળેલ. ટ્રેકરોની સંખ્યા વધવા લાગી અને યુથ હૉસ્ટેલના ટ્રેકોની સંખ્યા મર્યાદિત હોવાને કારણે અને નવા ટ્રેકો શરૂ કરવા માટે યુનિટે માઉન્ટન લવર્સના નામે એક પ્રાઈવેટ યુનિટ શરૂ કરેલ. માઉન્ટન લવર્સ સાથે ટ્રેકિંગમાં સામેલ થઈ અને પોતાનું નામ રોશન કરનાર એક પ્રતિભાવંત વ્યક્તિનો પરિચય અહીં પ્રસ્તુત છે.

**નામ: કેવલ નીલમ હિરેન કક્કા, ગામ: બેરાજા, મુલુંડ.**

બાર વર્ષની ઉંમરે કેવલનાં માતા-પિતાએ ઉનાળાની રજાઓમાં માઉન્ટન લવર્સ આયોજિત નાનેઘાટના એક દિવસીય નાઈટ ટ્રેકમાં અને મોકલાવ્યો. આ એનો પહેલો પ્રૅક્ટિસ ટ્રેક હતો. સવારે ૪ વાગ્યે નાનેઘાટ કિલ્લાની ટોચ ઉપર પહોંચ્યા. ''એના જ શબ્દોમાં કહીએ તો ટોચ ઉપરથી સૂર્યોદય થતો જોવો, પક્ષીઓનો કલબલાટ, ખુશનુમા વાતાવરણ અને




શીત લહેરની અનુભૂતિ મનને રોમાંચિત કરી દેતી હતી. અમારા ગ્રુપ લીડર પાસેથી સામેના શિખરો વિશે માહિતી મેળવી. મારા માટે કિલ્લાની ટોચ ઉપર પહોંચવું એકદમ સરળ રહ્યું. હું ખૂબ જ આનંદિત હતો, કારણકે હું જે ઈચ્છતો હતો એ જ મેળવી રહ્યો હતો. મને દોડવું હતું અને ઢાળ મળી ગયો. થોડા દિવસ પછી હિમાલય પ્રદેશ સ્થિત ૧૦,૫૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલું ચંદ્રખાની પાસ ટ્રેકને સફળતાપૂર્વક પૂર્ણ કરેલ. આ રીતે સાહસથી ભરપૂર સફરની શરૂઆત થઈ.''

કેવલ એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં હતો ત્યારે તેણે પર્વતારોહણને વ્યાવસાયિક ધોરણે અપનાવ્યું. માઉન્ટન માર્ક્સ નામના ટ્રેકિંગ યુનિટ સાથે જોડાયો અને તેણે માર્ગદર્શક તરીકે કામ કરવાનું શરૂ કર્યું. નવા ટ્રેકોનું આયોજન કરવું તથા ગ્રુપ લીડર તરીકેની જવાબદારી સાથેસાથે પોતાના લક્ષ્યની સિદ્ધિ તરફ આગળ વધવા તે કટિબદ્ધ બન્યો. અટલ બિહારી વાજપેયી ઇન્સ્ટિટ્યૂટ ઑફ માઉન્ટેનિયરિંગ ઍન્ડ એલાઇડ સ્પોર્ટ્સમાંથી બેઝિક અને ઍડવાન્સ કોર્સ ''એ'' ગ્રેડ સાથે પૂર્ણ કર્યા, પરંતુ તેનું અંતિમ લક્ષ્ય તો હતું દુનિયાભરનાં ૮૦૦૦ મી. ઊંચા ૧૪ શિખરોને સર કરવા. માત્ર વાતો કરવાથી કે સામાન્ય ટ્રેકિંગ કરવાથી આ શક્ય નહોતું. શારીરિક સજ્જતા માટે કસરત, વજન ઊંચકીને ટ્રેકિંગ પ્રૅક્ટિસ કરવી. માનસિક સજ્જતા માટે પ્રાણાયામ અને મેડિટેશન, યોગીક સામર્થ્ય માટે યોગા તથા વિપરીત પરિસ્થિતિમાં પણ અનુકૂળ થવા માટેની કવાયત ખૂબ જ જરૂરી હતી.

દિવસના સાત કલાક સખત તાલીમ લેવાનું શરૂ કર્યું. આ બધાં ઊંચાં શિખરોને ડેથ ઝોન તરીકે ઓળખવામાં આવે છે, કારણકે ત્યાં દબાણ ખૂબ જ વધારે હોય છે અને ઓક્સિજનની માત્રા માત્ર ૨૦% થી ૩૦% જેટલી હોય છે.

માનસિક, શારીરિક તથા યોગીક રીતે સજ્જ થયા પછી તેણે પોતાના લક્ષ્યની સિદ્ધિ તરફ આગળ વધવાની શરૂઆત કરી. પહેલા સાહસરૂપે માઉન્ટ મનસ્લુ સર કર્યું. આ એક સફળ સાહસ થકી એનામાં આત્મવિશ્વાસનો સંચાર થયો. તેણે બીજું શિખર માઉન્ટ જો ઓયુ શેરપા (ભોમિયા)ના સહયોગ વગર સર કર્યું.

વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૫ સુધીમાં તેણે માઉન્ટ એવરેસ્ટ સહિત એક પછી એક આઠ આઠ શિખરો સર કર્યાં છે. હજુ પણ એને ધરવ નથી થયો. એ જ કઠોર પરિશ્રમ ચાલુ છે. તેનું લક્ષ્ય બાકી રહેલાં શિખરો સર કરવા ઉપર છે!

૮૦૦૦ મીટરથી ઉપરનાં આઠ શિખરો સર કરનાર બહુ ઓછા ભારતીય હશે અને એમાંનો એક કેવલ એ પ્રથમ ક.વી.ઓ. છે. મજબૂત મનોબળ, પ્રતિબદ્ધતા, સખત મહેનત અને લક્ષ્ય પ્રત્યે સમર્પણભાવ થકી તેણે આ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. કેવલ માટે પર્વતારોહણનો આ પ્રવાસ સરળ તો નહોતો જ! પ્રતિ કલાકે ૧૦૦ કિલોમીટરની ઝડપે ફૂંકાતા ઠંડા પવન, માઇનસ ૫૦ થી ૬૦ ડિગ્રી જેટલું તાપમાન, ઑક્સિજનની ઊણપ, વિષમ ભૌગોલિક પરિસ્થિતિ અને ગમે તે ઘડીએ હવામાનમાં થતા ફેરફાર, આ બધા પડકારો વચ્ચે પોતાના ધ્યેયને તેણે સિદ્ધ કર્યું!

માઉન્ટ મનસ્લુ સર કર્યા પછી તેણે એવરેસ્ટ સર કરવા માટેની તૈયારી શરૂ કરી દીધી. શિયાળામાં લદાખમાં ટ્રેકિંગ પ્રૅક્ટિસ દરમિયાન હિમ (Frost Bite) લાગવાથી જમણા અંગૂઠાની ટોચ ગુમાવવી પડી. તેને સ્વસ્થ થતાં ચાર મહિના લાગ્યા. તેથી એવરેસ્ટનો પ્રવાસ પડતો મૂકવો પડ્યો. પહેલા તેણે માઉન્ટ ચો ઓયુ સર કર્યું. ત્યાર પછી સખત તાલીમ લઈ માઉન્ટ એવરેસ્ટ કે જે એનું મુખ્ય લક્ષ્ય હતું તે સર કરવાની શરૂઆત કરી. તેણે માઉન્ટ એવરેસ્ટ (૮૮૪૮.૮૬મી.) સર કરવાની સાથે માઉન્ટ લોહત્સે (૮૫૧૬ મી.) પણ સર કર્યું. પર્વતારોહણની આ બધી સિદ્ધિઓ માટે તેને તેનઝીંગ નોર્ગે રાષ્ટ્રીય સાહસ પુરસ્કાર ૨૦૧૯ એનાયત કરવામાં આવ્યું. એનાથી એના મનોબળમાં ખૂબ જ વધારો થયો. અત્યાર સુધીમાં ૧૪ ઊંચાં શિખરોમાંથી ૮ શિખરો સર કરેલ છે. હજી પણ કેવલનો ઉત્સાહ એટલો જ




બુલંદ છે. પરિસ્થિતિ અનુકૂળ રહી અને સ્પોન્સર્સનો સારો સહયોગ મળ્યો તો બાકી રહેતાં શિખરો સર કરી નવો આયામ સ્થાપવા માટે પ્રતિબધ્ધ છે!!!

કેવલે મેળવેલી સિદ્ધિઓ

૨૦૧૭ માઉન્ટ મનસ્લુ (૮૧૬૩ મી.)

૨૦૧૮ માઉન્ટ ચો ઓયુ (૮૨૦૧ મી.) (શેરપા વગર)

૨૦૧૯ તેનઝિંગ નોર્ગે રાષ્ટ્રીય પુરસ્કાર - ૨૦૧૯

૨૦૧૯ માઉન્ટ એવરેસ્ટ (૮૮૪૮.૮૬ મી.) માઉન્ટ લોહત્સે (૮૫૧૬ મી.)

૨૦૨૧ માઉન્ટ અન્નપૂર્ણા - ૧ (૮૦૯૧ મી.)

૨૦૨૨ માઉન્ટ ધૌલાગિરી (૮૧૬૭ મી.)

૨૦૨૩ શિવ છત્રપતિ પુરસ્કાર ૨૦૨૩ (મહારાષ્ટ્રનો સર્વોચ્ચ ખેલ પુરસ્કાર)

૨૦૨૩ માઉન્ટ મકાલુ (૮૪૮૫ મી.) ૩ દિવસમાં સર

૨૦૨૫ માઉન્ટ કાંચનજંગા (૮૫૮૬ મી.)

હાલમાં તે બિયોન્ડ એલટીટ્યુડ્સ (એક ટ્રેકિંગ ફર્મ) દ્વારા ટ્રેકિંગ પ્રવૃત્તિને વેગ આપી રહ્યા છે તથા ક્લાઈમ્બ ઓન એડવેન્ચર સ્ટોર (ટ્રેકિંગ અને પર્વતારોહણ ગિયર શોપ) ખાતે કાર્યરત છે.

બેરાજા, મુલુંડ.
મો. ૯૩૨૦૧૦૪૩૬૫

# કવીઓ છોકરીની છટણી (લેઑફ)ની વાર્તા

**✳ પ્રિયંકા નિરૂપા જયંતીલાલ શાહ ✳**

હું અમેરિકામાં ૧૦ વર્ષથી રહું છું. મેં બે મહિના પહેલાં હોમ ડીપો કંપનીમાં લીડ ડેટા સાયન્ટિસ્ટની નોકરી શરૂ કરી અને હું વિચારી રહી છું કે હું અહીં કેવી રીતે પહોંચી. અહીં જોડાતાં પહેલાં, મેં વિઝા કંપનીમાં ૬.૫ અદ્ભુત વર્ષો વિતાવ્યાં, જ્યાં મેં B2B સેલ્સ અને ક્લાયન્ટ સર્વિસિસના ક્ષેત્રમાં AI પ્રોજેક્ટ્સ પર કામ કર્યું.

દુર્ભાગ્યે ગયા નવેમ્બરમાં વિઝામાં છટણી (લેઑફ)ના કારણે મારી નોકરી ગઈ. એક એવો સમય જે ભાવનાત્મક ઉતાર-ચઢાવ, માનસિક તણાવ અને અનિશ્ચિતતાથી ભરેલો હતો. સખત મહેનત અને દ્રઢતા દ્વારા મને હોમ ડીપોમાં નોકરી મળી, જે ખરેખર મારા અનુભવ અને કુશળતા સાથે સંરેખિત છે.

મેં મારી આ સફર વિશે એક લેખ લખ્યો છે, જેમાં એક છટણી (લેઑફ)એ મને જીવન સ્વસ્થતા અને આત્મનિર્ભરતા વિશે શું શીખવ્યું એ શેર કરું છું.

આજકાલ અમેરિકામાં મોટી કે નાની કંપનીઓમાં કર્મચારીઓની છટણી (લેઑફ) કરવી સામાન્ય બની ગઈ છે કાં તો રિસ્ટ્રક્ચરિંગ અથવા AI પર વધતા ખર્ચને કારણે, દુર્ભાગ્યે હું પણ તેમાંથી એક બની. આજે હું શેર કરવા માંગું છું કે આ છટણીએ મારા જીવનને અને સૌથી અગત્યનું મારા માનસિક સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરી અને હું તેનો સામનો કેવી રીતે કરી રહી છું.

હું ડેટા સાયન્ટિસ્ટ તરીકે જનરેટિવ AI જેવી અદ્યતન ટૅક્નોલોજી પર કામ કરતી હતી, જ્યારે મારી ભૂમિકા ખતમ થઈ. શરૂઆતમાં મેં આ સમાચારને સકારાત્મક રીતે લીધા મને લાગ્યું કે મારી કારકિર્દી પર વિચાર કરવાનો અને એક જ કંપની અને ડોમેન સાથે રહેવાને બદલે વધુ સારી તકો શોધવાનો આ યોગ્ય સમય છે.

મારી આસપાસના દરેક લોકોએ મને આ સમયનો ઉપયોગ શોખ શોધવા અથવા નોકરી શોધતી વખતે કંઈક નવું શીખવા માટે કરવા માટે પ્રોત્સાહિત કર્યા. તેથી મેં તેમ કર્યું. હું HIIT વર્કઆઉટ્સ માટે જિમમાં જતી અને સ્વિમિંગ ક્લાસમાં જોડાઈ. પરંતુ બે અઠવાડિયાં પછી વાસ્તવિકતા સામે આવી. આજના બજારમાં નોકરીની શોધ અત્યંત સ્પર્ધાત્મક છે અને મને લાગ્યું કે હું અન્ય વસ્તુઓ પર વધુ પડતી શક્તિ ખર્ચી રહી છું. તેથી મેં બધું બંધ કરી

દીધું અને ઈન્ટરવ્યૂ માટે દિવસ-રાત તૈયારી કરવાનું શરૂ કરી દરરોજ લગભગ 12+ કલાક અરજીઓ અને અભ્યાસ પર ખર્ચવા લાગી.

ત્યારે જ તણાવ શરૂ થયો. મેં બહાર જવાનું બંધ કરી દીધું મારા ઘરના બેકયાર્ડમાં પણ નહીં. મારી પાસે કોઈ શારીરિક ગતિવિધિ નહોતી. ધીમેધીમે, મને દર મહિને PMS જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. વારંવાર બીમાર પડવું અને દરેક ઈન્ટરવ્યૂ રિજેક્શન પછી ઈમ્પોસ્ટર સિન્ડ્રોમનો જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવા પડ્યો. કેટલાક દિવસો હું રડતાં રડતાં જાગી. અન્ય રાત્રે હું બિલકુલ ઊંઘી શકતી ન હતી. ક્યારેક રિજેક્શનની અસર દિવસો સુધી રહેતી, જેની અસર અન્ય ઈન્ટરવ્યૂમાં પણ મારા પ્રદર્શન પર પડી.

વર્ક વિઝા પર ઈમિગ્રન્ટ હોવાથી મારી પાસે એક સખત સમયમર્યાદા હતી. બેરોજગારી પછી સામાન્ય રીતે વર્ક વિઝા પર ૬૦ દિવસનો ગ્રેસ પીરિયડ મળે છે. સદ્‌નસીબે, મારી કંપનીએ મને બે વધારાના મહિના માટે પગાર પર રાખી, જેનાથી મને વધુ સમય મળ્યો. પરંતુ ટિકિંગ ઘડિયાળના દબાણે પરિસ્થિતિને વધુ ખરાબ બનાવી દીધી.

દરેક ઈન્ટરવ્યૂ પહેલાં હું સતત બેચેન રહેતી, જેમ કે હું કૉલેજમાં અંતિમ પરીક્ષા આપી રહી છું અને બસ કોઈ પણ હાલતે પાસ થવું છે.

આ બધું મહિનાઓ સુધી ચાલુ રહ્યું. જ્યાં સુધી મને સમજાયું કે કંઈક બદલવાની જરૂર છે. એક વસ્તુ જેણે મદદ કરી તે હતી એકલા લાંબા ચાલવા જવું. શરૂઆતમાં મેં ઈન્ટરવ્યુની તૈયારીમાં મદદ કરવા માટે શૈક્ષણિક વિડીઓઝ સાંભળ્યા, પરંતુ તેઓએ મારા તણાવને ઓછો કરવા માટે ખાસ કંઈ કર્યું નહીં. આખરે, મેં તે ચાલવા દરમિયાન મારા મનપસંદ પોડકાસ્ટ અથવા સંગીત સાંભળવાનું શરૂ કર્યું અને તેનાથી મને ખરેખર શાંતિનો અનુભવ થયો. તે સમય દરમિયાન, મેં એ પણ શીખ્યું કે રિજેક્શન પછી ખરાબ લાગવું, રડવું પણ ઠીક છે, પરંતુ તે લાગણીઓને વધુ સમય સુધી ટકી રહેવા ન દેવી મહત્વપૂર્ણ છે. મેં હંમેશા બીજા દિવસે ફરીથી નવી શરૂઆત કરવાનો પ્રયાસ કર્યો.

બીજી મદદરૂપ બાબત એ હતી કે જો મને ગ્રેસ પીરિયડમાં નોકરી ન મળે તો બૅકઅપ પ્લાન બનાવવો. તેનાથી મને માનસિક શાંતિ મળી અને મારી ચિંતા ઓછી કરવામાં મદદ મળી.

આવો અનુભવ સુધી મેં ક્યારેય બેરોજગારીનો સામનો કર્યો ન હતો અને હંમેશાં મારા પતિ સાથે બિલ, EMI અને અન્ય ખર્ચાઓ જેવી ઘરની જવાબદારીઓ વહેંચી હતી. મારા પતિને મારા હિસ્સાનું સંચાલન કરવા કહેવાનો વિચાર મને અસ્વસ્થ કરતો હતો અને ત્યારે જ મને ખરેખર સમજાયું કે

નાણાકીય સ્વતંત્રતા અને આત્મનિર્ભરતા કેટલી જરૂરી છે, ખાસ કરીને એક મહિલા માટે મેં મારા હિસ્સાનું સંચાલન કરવા માટે મારી બચત પર આધાર રાખ્યો, જેનાથી અમે સ્થિરતા જાળવી શક્યા અને તે સમય દરમિયાન કોઈપણ વધારાના તણાવને ટાળી શકી.

આ સમગ્ર સમય દરમિયાન મેં શીખેલા કેટલાક પાઠઃ

- તણાવ અને ગભરાટ મદદ કરતાં નથી. સકારાત્મક રહેવાનો પ્રયાસ કરો, તમારી તૈયારીમાં સતત રહો અને ધીરજ રાખો. રિજેક્શન નુકસાન પહોંચાડે છે, પરંતુ તેમને વ્યક્તિગત રીતે ન લો. તેમાંથી શીખો અને આગળ વધતા રહો.

- સમયાંતરે વિરામ લો. મિત્રોને મળવા અથવા રાત્રિભોજન માટે બહાર જવા માટે સમય કાઢો. તમે જેમાંથી પસાર થઈ રહ્યા છો તે શેર કરો, તે ખરેખર તમને સ્વસ્થ રહેવામાં મદદ કરે છે. હું આભારી છું કે મને એક સહાયક પતિ, પરિવાર અને અદ્ભુત મિત્રો મળ્યા, જે દરેક બાબતમાં મારી સાથે ઊભા રહ્યા.

- દરરોજ ઓછામાં ઓછો એક કલાક બહાર એકલા વિતાવો. તમને ગમતું કંઈક કરો. મારા માટે લાંબા અંતર સુધી ચાલવા જવું, પ્રકૃતિમાં રહેવું, સૂર્યપ્રકાશ મેળવવો અને સંગીત અથવા પોડકાસ્ટ સાંભળવાથી મારો તણાવ ઓછો થયો.

- કોઈ પણ નોકરી માટે હતાશ ન થાઓ. ધીરજ રાખો અને જોબ સ્કેમમાં ફસાવું નહીં અથવા તમારી કિંમતથી ઘણા ઓછા પગારની ભૂમિકાઓ સ્વીકારવી નહીં. તમારી કુશળતા અને ક્ષમતા સાથે સમાધાન કરવું યોગ્ય નથી એમ કરવાથી તમે નાખુશ જ રહેશો. તેના બદલે સતત પ્રવૃત રહો, તમારો શ્રેષ્ઠ પ્રયાસ કરો, અને એવી નોકરી શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરો જે તમારાં લક્ષ્યો સાથે સંરેખિત હોય અને તમને ખરેખર લાયક પગાર આપે.

- હંમેશાં બેકઅપ પ્લાન અને બચત રાખો, યોગ્ય નોકરી શોધવામાં સમય લાગે છે, તેથી બૅકઅપ પ્લાન અને તમારા ખર્ચાઓને આવરી લેવા માટે પૂરતી બચત હોવી મહત્વપૂર્ણ છે. જો તમે વિઝા પર છો અથવા સમયની મર્યાદાઓનો સામનો કરી રહ્યા છો, તો પ્લાન 'B' રાખવાથી તમને વધારાનો સમય મળે છે અને તમને શાંત અને ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ મળે છે.

- બધી મહિલાઓ માટેઃ મેં બેરોજગારીનું વાસ્તવિક વજન અનુભવ્યું. બચત હોવા છતાં દર મહિને પગાર ન હોવો તણાવપૂર્ણ હતો. તેનાથી મને સમજાયું કે નાણાકીય સ્વતંત્રતા કેટલી મહત્વપૂર્ણ છે. Tradewife જેવાં વલણો જ્યાં ફક્ત તેમના જીવનસાથી

પર આધાર રાખે છે તે જોખમી હોઈ શકે છે. આજના વિશ્વમાં બંને ભાગીદારોએ નાણાકીય અને ઘરગથ્થુ જવાબદારીઓ વહેંચવી જોઈએ. એક જ વ્યક્તિ પર પડતા દબાણ વિશે વિચારો. જો તે વ્યક્તિ તેમની નોકરી ગુમાવે તો શું થાય છે? આરોગ્ય વીમા વિશે શું? આજના અનિશ્ચિત વિશ્વમાં ટકી રહેવા અને સમૃદ્ધ થવા માટે સ્વતંત્ર રહેવું અને તમારા જીવનસાથી સાથે જવાબદારીઓ વહેંચવી જરૂરી છે.

આપણે મુશ્કેલ સમયમાં જીવી રહ્યા છીએ જ્યાં AI નોકરીઓ બદલી રહ્યું છે અને છટણી (લેઓફ) વધુ સામાન્ય બની રહી છે. તમારા માનસિક સ્વાસ્થ્યની કાળજી લેવી અને કટોકટી માટે બચત કરવી પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ છે. છટણીના આ અનુભવે એ મને શાંત, ધીરજવાન અને સકારાત્મક રહેવાનું શીખવ્યું.

મારા કેટલાક નજીકના મિત્રો સહિત ઘણા લોકો પણ આ જ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. હું આશા રાખું છે કે મારી વાર્તા હાલમાં ખોવાયેલા અનુભવતા કોઈ પણ માટે આશા અને દ્રષ્ટિકોણ લાવે.

તમારા પોતાના અનુભવો અથવા વિચારો ટિપ્પણીઓમાં શેર કરવા માટે નિઃસંકોચ રહો. ચાલો એકબીજાને મજબૂત રહેવામાં મદદ કરીએ.

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ વૉટ્સઍપ/સંદેશ**

(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)

**CA સંજય ચંદનબેન વિસનજી છેડા**

**૯૮૯૨૮૧૫૩૬૭**

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ પત્રવ્યવહાર**

પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

- તંત્રી

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૮

**પગદંડી**

અંક : ૦૭ ઑક્ટોબર ૨૦૨૫

**તંત્રી : અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે**

**સંકલન : CA સંજય ચંદનબેન વિસનજી છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

pagdandi.kvoss.org. - email:pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)

મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**

૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**

૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# છૂટા-છેડા

✻ વસંત જેઠીબાઈ લીલાધર ગાલા ✻

આજથી લગભગ દસ-બાર દાયકાઓ પહેલાં આપણા સમાજમાં પારણાંમાં ઝૂલતાં બાળક-બાલિકાના વિવાહ નક્કી કરવામાં આવતા. બન્ને કુટુંબનાં માતા-પિતા અને વડીલો મૌખિક વચનથી બંધાઈ જતાં. થોડું ખપપૂરતું પ્રાથમિક શિક્ષણ, ખેતી કે દુકાનદારીનો વ્યવસાય, ગામડાનું અલ્લડ જીવન. સમય જતાં બાળકો મોટાં થઈ, માતા-પિતાના એ વચનને સવિનય નિભાવતાં.

દાયકાઓ વીતતા ગયા. ત્યાર બાદ સમય બદલાયો. કચ્છનાં ગામોના યુવાનો વધુ શિક્ષણ મેળવવા માટે મોટાં શહેર કે પરદેશ જવાનું વિચારતા થયા. ગામ, વડીલો અને સમાજથી દૂર શહેરોમાં આવતાં થોડી સ્વતંત્રતા મળી, સાથે વિચારોમાં આઝાદી આવી. શહેરોની આધુનિકતા પ્રત્યે અનાયાસે ખેંચાણ થતું રહ્યું. સારા-નરસાની સભાનતા સમજાવા માંડી. મુંબઈ શહેરમાં રહી વિશેષ આકર્ષક જીવન જીવવાની તક મળી, ગમા-અણગમાની અનુભૂતિ થવા લાગી, ગામ, સમાજ અને વડીલોનો ખોફ પણ થોડો વિસારે પડ્યો. શહેરોમાં ભણી, નોકરી તથા વ્યવસાયમાં જોડાઈ કમાવતા થયા, કુટુંબથી દૂર એકલા રહેતા, સ્વતંત્રતાનું રૂપ સ્વચ્છંદતામાં બદલાયું.

માવિત્રોને પુત્રોના વિવાહ નક્કી કરતાં પહેલાં, પુત્રોની સંમતિ, પૂછવાની જરૂર પડવા લાગી. પાત્રોની યોગ્યતાનાં પરિમાણ બદલાયાં. લગ્નો કચ્છમાં જ યોજાતાં તે હવે મુંબઈ શહેરમાં થાય તેવો આગ્રહ થવા માંડ્યો. (લેખકનાં ફોઈનાં લગ્ન ૧૯૦૫ની સાલમાં અનિવાર્ય સંજોગોના લીધે કચ્છમાં ''ના'' થતાં, મુંબઈમાં થયાં હતાં જે સંભવતઃ આપણા KVO સમાજમાં, મુંબઈમાં પ્રથમ લગ્ન હતાં.)

સમય બદલાતો ગયો અને આપણી વસ્તી મુંબઈમાં વધવા લાગી. યુવકોમાં ભણતર વધ્યું અને આપણા વડીલોએ ધંધા-વ્યાપારમાં સારી જમાવટ કરી. થોડાં ઘણાં કુટુંબો ભારતના અન્ય શહેરોમાં જઈ વસ્યાં અને પ્રાદેશિક અનુકૂળતા મુજબના વ્યાપારમાં ઝંપલાવી આર્થિક રીતે સદ્ધર થયા. યુવાઓમાં અર્થ અને શિક્ષણનું પ્રમાણ વધતાં, વિચારોમાં પણ આધુનિક રીતોથી રહેણીકરણીમાં બદલાવ આવ્યો.

સમય વહેતો રહ્યો, દેશ ૧૯૪૭માં સ્વતંત્ર થયો, વિદેશ સાથે વેપારની તકો વધી, સાથે વિદેશમાં શિક્ષણ લેવાની વિસ્તૃત સગવડ મળી. યુવકોને આંતરરાષ્ટ્રીય સ્તરની વિચારધારા ફાવી ગઈ. લગ્ન માટે પાત્રની યોગ્યતાના પરિમાણમાં આર્થિક, શૈક્ષણિક અને પ્રતિષ્ઠા સાથે આધુનિક વિચારધારાને પણ મહત્ત્વ અપાયું. શિક્ષિત થવા લાગતાં, હવે લગ્નની વય પણ મોટી થતી ગઈ. યુવતીઓ પણ શિક્ષિત

થઈ, યુવકોની સમકક્ષ થવા લાગી. જેથી એમનું કૉલેજનું શિક્ષણ અનિવાર્ય બન્યું. કૉલેજ જતાં, યુવતીઓમાં સ્વતંત્રતા વધી. લગ્ન અંગે એમનો અભિગમ, વડીલોથી જુદા વિચારો પર આધારિત થવા માંડ્યું. એમની અપેક્ષાઓ વધી. અન્ય સમાજની સખીઓના વૈભવી જીવનની સાથે સરખામણી કરી, એવું બધું પામવાની લાલચમાં, લગ્નની સાચી અને યોગ્ય વય નીકળી જવા લાગી.

દરેક દાયકે યુવક અને યુવતીઓનાં લગ્ન પ્રત્યેના અભિગમ બદલાતા ગયા. લગ્ન માટે પાત્રો આપસમાં ઈન્ટરવ્યૂ લઈ પસંદગી કરતાં થયાં. ઈન્ટરવ્યૂમાં ફક્ત વય, ઊંચાઈ, શિક્ષણ, શોખ અને આર્થિક પૅકેજની જ પુછપરછ થાય. મુખત્ત્વે શારીરિક આકર્ષણ કેન્દ્ર સ્થાને હોય, એકબીજાના કુટુંબ વિશે, કૌટુંબિક જવાબદારી, વડીલોને અનુકૂળ થવાની તૈયારી, ગૃહકાર્યની કુશળતા વિગેરેની ચર્ચાને સ્થાન જ નહોતું. આવા ઈન્ટરવ્યૂ બાદ જે લગ્નો થાય તેમાં કુટુંબ પ્રત્યેની ઉષ્મા કેટલી હોય? ઉષ્માનો અભાવ એ ક્યારે પતિ-પત્નીના લગ્નવિચ્છેદમાં પરિણમે એ સ્વાભાવિક છે.

ભણી-ગણી, ઉચ્ચ પૅકેજની નોકરીઓ કરતા, આ યુવાઓ સમાજથી પણ વિમુખ થતા ગયા. ગોઠવેલા લગ્ન સંબંધો બાદ, માવિત્રો સાથે રહીને પણ કેટલાંક યુગલો, અલ્પ સમયમાં, આપસી વૈમનસ્યના લીધે છૂટાછેડા લઈ જુદાં થતાં ગયાં. બાહ્ય જગતના સંપર્કે, પ્રેમલગ્ન તરફ વળતા થયા જેથી માવિત્રો અને કુટુંબીઓથી અલગ થયા. એકલાં રહેતાં આવાં યુગલોનાં લગ્નજીવન લાંબા ટકાવવાં ખૂબ જહેમત લેવી પડતી.

હવે, છેલ્લા એક દાયકાની વાત કરીએ તો એક સર્વે મુજબ આપણા સમાજમાં છૂટાછેડા થયાના દાખલા ઘણા વધી રહ્યાં છે. મારી જાણમાં બે જોડલાં, જે બંન્ને સાધન-સંપન્ન કુટુંબોની સહમતિથી લગ્ને જોડાયાં હતાં તે ચારેક વર્ષના સહવાસ પછી છૂટાં પડ્યાં. અન્ય કિસ્સામાં યુવક અને યુવતીની સંમતિથી થયેલ લગ્ન ત્રણ વર્ષ બાદ છૂટાછેડામાં પરિણમ્યા. તાજેતરમાં જ એક કિસ્સામાં બન્ને કુટુંબોની સંમતિથી તથા યુવક યુવતી એકાદ વર્ષ સાથે ફર્યાં બાદ, ખૂબ ખર્ચાળ લગ્નથી જોડાયા, એ યુગલ છ માસના સહવાસ બાદ છૂટાછેડા લે છે. હું માનું છું કે લેખના દરેક વાચક પાસે કોઈ ને કોઈ છૂટાછેડા લીધેલ યુગલની જાણકારી હશે જ. આપણા સમાજ માટે ખૂબ દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિ.

લગ્નવિચ્છેદ શા માટે થાય છે એનું સાચું કારણ ભાગ્યે જ જાહેર થાય છે. સામાન્ય રીતે બન્ને કુટુંબો પર આરોપ નાખી દેવાય છે. કોઈ હિતશત્રુ, પરિણીત યુગલને દોષી ઠેરવે છે. જે હોય તે, થોડા સમય બાદ બધું વિસરાઈ જાય છે અને આપણો સમાજ, એ બન્ને છુટાં પડેલાં પાત્રોને, સ્વીકારી લઈ પાછાં કોઈ ને કોઈ ઠેકાણે ગોઠવી પણ દે છે. મધ્યસ્થી સમિતિ અમુક કિસ્સાઓમાં સમાધાન માટે યથાશક્તિ પ્રયત્ન કરે છે, પણ પડેલી દરાર જોડાઈ જવાની શક્યતા નહિવત્ રહે છે.

સમાજમાં છૂટાછેડાની આ દૂષિત સ્થિતિ નિર્માણ થવા પાછળ મુખ્ય કારણોમાં, પાત્રની પસંદગીમાં વિચાર-વિનિમયની ઊણપ, પરિચય કેળવવામાં કરાતી ઉતાવળ, ગૃહકાર્યની અણઆવડત, પોતાનું શિક્ષણ કે માવિત્રોની

આર્થિક સદ્ધરતાનું અભિમાન, અહમ્, સ્વચ્છંદતા, સ્નેહ તથા સહનશીલતા અને કૌટુંબિક ભાવનાનો અભાવ અને આ સર્વથી ઉપર મુખ્ય કારણ પુત્રીના સાસરિયામાં, પુત્રીનાં માતા-પિતાની વારંવારની દખલ. એવા કેટલાય દાખલા આજે પણ મારી જાણમાં છે જેમાં મારું અનુમાન છે કે, આજના મોબાઈલના યુગમાં પરણાવેલી પુત્રી સાથે માતા રોજ બે-ત્રણ વાર તો મોબાઈલ પર વાત કરી સાસરિયાંમાં પુત્રીનાં સુખદુઃખ વિશે પૃચ્છા કરતી હોય છે. શા માટે આવી ઘેલછા? લગ્ન નક્કી કર્યાં ત્યારે બધી તપાસ કરેલી, એમના ઘરે પણ જઈ આવેલા, બધું સમુંસૂતરું જોઈને તો દીકરી પરણાવી. છતાં ફોન કરી રોજબરોજ એની તપાસ કરવાની? એમાં તો માતાની પરવરીશમાં ખામી ડોકાય છે. પુત્રીને કેળવી નથી.

સ્વાભાવિક છે કે માવતરના ઘર જેવી આઝાદી સાસરિયે ના હોય. એ વાતને ધ્યાનમાં રાખી પુત્રીને કેળવવી જોઈએ. માતાએ શીખવવું જોઈએ કે પુત્રી જે ઘરમાં જશે ત્યાંની રીત જુદી હશે, સૌના સ્વભાવ જુદા હશે.

વડીલોની મર્યાદા હશે, નવા ઘરને અનુકૂળ થવું પડશે, પ્રેમથી એ નવા વાતાવરણમાં સૌને જીતવા પડશે. આજે કેટલી માતાઓ આવી શીખ આપે છે? અને જો આપતી હોય તો કેટલી પુત્રીઓ એ શીખને અનુસરે છે?

લગ્નના બંધનમાંથી છૂટાછેડા લઈ ફરી બીજાં લગ્ન કરી સુખી થવાની ક્યાં ખાતરીપૂર્વક શક્યતા હોય છે?? પ્રથમ લગ્નનો ડંખ પોતાને અને નવા જીવનસાથીને સદા પીડા આપતો જ રહે છે. ઘણું સમાધાન કરવું પડે છે. તો પ્રથમ લગ્નજીવનમાં જ જરૂરી સમાધાન કરી વિશ્વાસથી સારા અને સુખી જીવનનું સર્જન કરો ને. પરિણીત જીવનમાં સુખનાં સપનાં જરૂર જુઓ, પણ સુખ શેમાં છે એ સમજો. પ્રેમભર્યું વર્તન, સહનશીલતા, વડીલોનો આદર અને ગૃહકાર્યની રુચિ વગેરે ગુણોથી સંસાર મધુર બનાવો જેથી ઘરમાં સુખનો અહેસાસ થશે.

આજે સમય ઘણો બદલાયો છે. વડીલો પણ સંતાનો પ્રત્યે ઉદારતાથી વર્તે છે. વહુની સાથે પુત્રીઓ જેવો જ વર્તન રાખે છે. ક્યાંક નગણ્ય અપવાદ હોઈ શકે. વાસણો ખખડે, અવાજ થાય, પણ એ નાદનું ગુંજન કેટલો વખત. પાછા એ જ વાસણ રસોઈ બનાવશે, પેટ ભરી જમાડશે અને પોતાની જગ્યાએ ગોઠવાઈ જશે. બહુ મીઠાઈ ખવાય તો ડાયાબિટીસ થાય. સાથે થોડું તીખું, ખાટું પણ જોઈએ. જીવનને ફિક્કું ક્યારેય બનાવતા નહીં. ખાટા, મીઠા અને તીખામાં પણ આનંદ શોધી લેજો. આજના પ્રિય યુવાઓ, મારી જીવન સંધ્યાએ, એટલું જ કહીશ કે મારા સાડા આઠ દાયકાના આયુષ્યમાં સમાજનું સારુંસારું ખૂબ જોયું છે તેથી આજના આપણા સમાજના બુદ્ધિશાળી યુવાઓની લગ્ન-વિચ્છેદની ઘટનાઓ જાણી મન વ્યથિત થઈ જાય છે.

મિત્રો, સ્નેહ, સમાધાન અને સહનશક્તિ સાથે જીવો અને સંસારનું સુખ માણો એ જ અભ્યર્થના.

(કચ્છ કેસરી), મુલુંડ - મુંબઈ,

મો.: ૮૪૫૧૦૯૮૬૭૮

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાંત હિરબાઈ શિવજી નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.<br>(અમૃતા પ્રીતમની આત્મકથા)<br>મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

**'रसीदी टिकट'** - **'રેવન્યૂ સ્ટૅમ્પ'**. **'रसीदी टिकट'** પર આલેખન છે અમૃતાની આત્મકથાનું. સાહિત્ય-જગતમાં જેનું નામ સર્વવિદિત છે એવી કવયિત્રી-લેખિકાના જીવનવૃત્તાંતનો આલેખ છે આ પુસ્તક. ટિપ્પણીઓ અને વિવરણ સમેત પુસ્તકનું આંશિક લેખન કર્યું છે આલેખકે. પાછા ફરીને આ આંશિક લેખન-પ્રવાહમાંથી પસાર થઈ સમાપન સુધીની સફર પર એક દૃષ્ટિ ઠેરવતાં એક અનોખા વ્યક્તિત્વનું ચિત્ર ઊપસે છે. આ ચિત્ર ભીતરનું નિમજ્જન આ અનોખા વ્યક્તિત્વની સાચી ઓળખ આપે છે.

અમૃતાના જીવનવૃત્તાંત માંથી ઉજાગર થતા આ અનોખા વ્યક્તિત્વને શબ્દદેહ આપવાનો યત્ન કરીએ. અમૃતાનું જીવન એક સંઘર્ષની કથા છે, શ્રદ્ધા અને નિષ્ઠાની કથા છે. અન્યાય અને ઈર્ષ્યા સામેનો આક્રોશ એની કલમમાંથી સતત વહેતો રહે છે. પ્રેમનો અમૃત-પ્યાલો એના હોઠ સુધી આવીને ઢોળાઈ જાય છે. અમૃતા, જિન્દગી નામની સરિતા પર અવિરત વહેતી વ્યથાની કથા છે. ઈશ્વરને પણ પડકાર નાખતી એ વિદ્રોહની ચીસ છે.

અમૃતાનું વ્યક્તિત્વ એના જીવનમાં ઊભી થતી પરિસ્થિતિઓ, પ્રસંગો, એના જીવનમાં આવતા અન્ય પાત્રો, મુલાકાતો અને આ બધામાં ભીતરથી વલોવી નાખતા ખળભળાટ અને અગનજ્વાળાઓમાંથી પ્રકટે છે. એના મનની અંદર સઘળું ઘૂંટાઈ ઘૂંટાઈને પછી કલમને સથવારે કાગળ પર અવતરે છે.

અમ્રીત કૌર. એનો જન્મ અખંડ ભારતના ગુજરાંવાલામાં ૧૯૧૦ ની ૩૧મી ઑગસ્ટે

થાય છે. દેશનું વિભાજન થતાં ગુજરાંવાલા પાકિસ્તાનનો પ્રદેશ બને છે. જન્મ સમયની અમ્રીત કૌર એ જ છે અમૃતા પ્રીતમ.

અમૃતાના સ્વભાવમાં ફકીરી અને અમીરીનું સિંચન પિતા પાસેથી વારસામાં મળ્યું હતું. પિતાએ સિંચેલા સંસ્કારમાં અમૃતાને અપાર શ્રદ્ધા હતી. અમૃતા ૧૧ વર્ષની થઈ. આ બાળવયે જ માતાનું મૃત્યુ થયું. મા મૃત્યુશય્યા પર હતી ત્યારે માના પલંગ પાસે ઊભી છે અમૃતા. એણે ઈશ્વરનું ધ્યાન ધર્યું અને ધ્યાનમાં પ્રાર્થના કરતાં ઈશ્વરને કહ્યું, ‘મારી માને નહીં મારતા’. એ મનોમન કહે છે, ઈશ્વર બાળકોનું કહેવું નથી ટાળતો, પણ માનું મૃત્યુ થયું અને અમૃતાના બાળમનમાં ઈશ્વર પ્રત્યે તીવ્ર રોષનો ઊભરો આવે છે અને એનું મન પોકારે છે: ‘ઈશ્વર છે જ નહીં.’ અહીં અમૃતાનો જિદ્દી સ્વભાવ પરખાય છે. બાળવયથી જ અમૃતાનું વિદ્રોહી મન ઈશ્વરને પડકારે છે.

અમૃતા ૧૧ વર્ષની હતી ત્યારે માતાનું મૃત્યુ થયું. આ આઘાત પછી પિતા જીવનથી વિરકત થઈ ગયા. પિતાની મોહ અને વૈરાગ્ય વચ્ચેની ખેંચતાણની પરિસ્થિતિમાં અમૃતા પોતાને અસહાય જોઈ રહી. એનું ભીતર રડી રહ્યું હતું. અમૃતાના જિદ્દી સ્વભાવનો એક અન્ય પ્રસંગ પણ છે. ઘરની અભેરાઈ પર કેટલાક પ્યાલાઓ અલગ મૂકવામાં આવતા. આ પ્યાલા પિતાજીના મુસ્લમાન મિત્રો માટે અલગ મૂકવામાં આવેલ. અમૃતાનું વિદ્રોહી મન હિંદુ અને મુસ્લિમ વચ્ચેનો આ ભેદ જોઈ અકળાઈ જાય છે. એણે વિદ્રોહ કરી અલગ મૂકેલા એ પ્યાલાઓમાં જ પાણી કે ચા પીવાની જીદ કરી. અંતે વિદ્રોહી અમૃતા સફળ થઈ અને પછી કોઈ પ્યાલા ન હિંદુ રહ્યા ન મુસલમાન.

‘અક્ષરોની અદબ’ના બીજ અમૃતાની બાલ્યાવસ્થામાં એની અંદર ઊભી ગયાં. અક્ષરોની અદબનો આ વારસો પણ પિતા પાસેથી જ મળ્યો હતો.

અમૃતાને જીવનમાં જે સૌથી વધુ પ્રાપ્ત થઈ એ હતી એકલતા. આ એકલતાએ જ કદાચ એને વિદ્રોહી બનાવી. અમૃતાના મનમાં એક વિદ્રોહ, એક દર્દ, એક પીડા અને એક તરસ હતી જે હંમેશ માટે વણછીપી રહી. એનો આક્રોશ સતત ઉછાળા મારી રહ્યો. અમૃતાના સમકાલીન સાહિત્યકારો સદાય એનાથી દૂર રહ્યા. એમના અહમ્ અને ઈર્ષ્યાભાવે અમૃતાને સદાય અવગણી, ઉપેક્ષિત રાખી, પરંતુ અમૃતાના જીવનમાં કેટલીક એવી વ્યક્તિઓ પણ આવી જેમણે અમૃતાના દર્દનો અનુભવ કર્યો. મોટા ભાગે આ વ્યક્તિઓ હતી તો મુસ્લીમ પરંતુ જાતના સંકુચિત સીમાડાઓ એમને નડ્યા નહીં. આવી જ એક વ્યક્તિનો ચહેરો અમૃતાની કલ્પનાની દોર પકડી હાજર રહ્યો. અમૃતા ત્યારે એકવીસ વર્ષની હશે. એના પ્રેમમાં એ ગળાડૂબ હતી. એની અભિવ્યક્તિ એની અમર કૃતિ ‘સુનેહડે’માં થઈ જેને ૧૯૫૭માં સાહિત્યનો અકાદમી પુરસ્કાર મળ્યો.

પરંતુ અમૃતાને એનો ઉત્સાહ, ઉમળકો કે આનંદ નહોતો. પુરસ્કારના ખબર સાંભળ્યા તો અમૃતા ખળભળી ઊઠી - કારણ? 'સુનેહડે'(સંદેશા) અમૃતાએ કોઈ પુરસ્કારની અપેક્ષાએ નહોતા લખ્યા અને એ કહે છે, 'સુનેહડે' (સંદેશા) જેને માટે લખ્યા હતા તેણે એ વાંચ્યા નહીં. હવે આખી દુનિયા વાંચે તોય મને શું? 'સુનેહડે'(સંદેશા) તો એણે સાહિર માટે લખ્યા હતા. સાહિર એની સ્મૃતિમાં સદા માટે અકબંધ રહ્યો. અમૃતાની કવિતાઓ, નવલકથા, લેખોમાં સાહિર હાજર જ રહ્યો છે.

દેશના ભાગલા પહેલાં અમૃતાનો પરિચય સજ્જાદ હૈદર સાથે થયો. એના સમકાલીનો તરફથી જ્યારે અમૃતાને કેવળ નફરત અને કટુતા જ મળી રહી હતી તે સમયે સજ્જાદ જેવો પવિત્ર-દિલ મિત્ર મળ્યો. સજ્જાદ માટે અમૃતા લખે છેઃ 'તે મળવા આવતો તો એક અદબ એની સાથે જ પગથિયાં ચડતી હતી'. ૨૩ એપ્રિલ અમૃતાની દીકરીનો જન્મદિવસ. દીકરી કંદલાની પ્રથમ વર્ષગાંઠ. લાહોરમાં તોફાનો ફાટી નીકળેલા દિવસ આખો કર્ફ્યુ રહેતો અને આ વાતાવરણમાં સાંજે દરવાજા પર ટકોરા પડ્યા. સજ્જાદ દીકરીની વર્ષગાંઠ માટે કેક લઈને આવેલો. દેશના ભાગલા પછી સાહિર તો હિંદુસ્તાનમાં જ હતો. પરંતુ લાંબા સમય સુધી સાહિર સાથે કોઈ મુલાકાત ન થઈ. સાહિરની મુલાકાતને અનુલક્ષીને અમૃતાએ એક નજમ લખી 'સાત વર્ષ'. પાકિસ્તાનમાં સજ્જાદને કવિતા મળી. સજ્જાદ હિંદુસ્તાન આવે છે. એ અઢાર દિવસ દિલ્હીમાં રહે છે. સજ્જાદ અને અમૃતાએ એ અઢાર દિવસના સમયની પવિત્ર સૌગાદ મેળવી અને અમૃતા એ વિતેલા સમય માટે લખે છે : 'મારી જિન્દગીનો પહેલો સમય હતો જ્યારે મેં જાણ્યું કે દુનિયામાં મારે પણ કોઈ દોસ્ત છે. પ્રત્યેક હાલતમાં દોસ્ત'.

અને પછી અમૃતાની જિન્દગીમાં ઈમરોઝ આવે છે. અમૃતા અને ઈમરોઝે એક પત્ર સજ્જાદને લખ્યો અને સજ્જાદનો ઉત્તર ઈમરોઝના નામે આવે છે. લખ્યું હતુંઃ 'મારા દોસ્ત?! મેં તમને જોયા નથી પણ 'એમી'ની આંખોથી જોઈ લીધા છે અને આજે દુનિયાના ઇતિહાસમાં જે નથી બન્યું તે બન્યું છે. હું તમારો રકીબ (પ્રેમિકાનો બીજો પ્રેમી) તમને સલામ પાઠવું છું.'

ઈમરોઝ સાથેની દોસ્તી કાયમ રહી. ઈમરોઝે એમીનો સાથ કદી ન છોડ્યો. ઈમરોઝ અલગ મિજાજનો ઈન્સાન હતો. એને ઈન્સાનના સંબોધનથી ઓળખી શકાય, કારણકે ઈન્સાનિયતની અમીરી એની પાસે હતી.

ઈમરોઝ જાણતો હતો કે અમૃતાએ સાહિરને પ્રેમ કર્યો હતો. એક વખત ઈમરોઝ સાહિરના પુસ્તક 'આવો કોઈ સપનું વણીયે'નું ટાઈટલ બનાવી રહ્યો હતો. ઈમરોઝ વાતવાતમાં કહે છે, 'સાલો સપનાં વણવાની વાત કરે છે, બનવાની નહીં'. અમૃતાનો મિત્ર દેવિન્દર હાજર હતો. અમૃતા હસે છે અને હસતાં હસતાં કહે છે 'સાલો વણકર, આખી જિન્દગી સપનાં વણતો જ રહ્યો, કોઈનું સપનું ન બન્યો'.

બધા જ કેટલીય વાર સુધી હસતાં રહ્યાં, પણ એ હાસ્યની ભીતરનું છુપાયલું દર્દ?

અમૃતા, સાહિર, સજ્જાદ અને ઈમરોઝ બધાયે કોઈ અલગ માટીના બનેલાં હતાં જ્યાં દુન્યવી સંબંધો ગૌણ બની રહે છે. અમૃતા વિચારે છે- 'શું ભગવાન આવા માણસથી કાંઈ જુદો હોય છે'?

આ પહેલાં, આ બધી જ વાતો વાચકો પાસે કરી જ છે પણ એનો પુન:ઉલ્લેખ અમૃતાના વ્યક્તિત્વનો સંસ્પર્શ પામવા માટે જ કર્યો છે.

અમૃતાને એના લખાયેલા શબ્દોને સહારે સમજવી અત્યંત કપરું છે. એના જીવનમાં જે પણ ઘટયું એ મોટે ભાગે એના મનોવિશ્વમાં જ ઘૂંટાતું રહ્યું જેણે એની જિન્દગીના વળાંકોને ઘાટ આપ્યો. સાહિત્યમાં એમાંનું ઘણું વ્યક્ત થતું રહ્યું જેમાં એક સ્ત્રીની સંવેદના સતત સ્રવી રહી હતી. જિન્દગીની થપાટોને અડગ રહી ઝીલતી અને ઝઝુમતી એક નારી હતી અમૃતા. એ એક એવી ધૂમ્રસેર હતી જે સતત આકાર બદલતી રહેતી હતી અને તેથી જ એને પૂર્ણપણે સમજવી અસંભવ છે.

અલવિદા...

| |
|---|
| હવે પછી : એક નવી સાહિત્ય કૃતિ સાથે |
| સંપર્ક ૯૩૨૩૫૪૧૩૫૧ |
| કચ્છ - બાડા |


# મુલચંદ લાલજી એન્ડ કાું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# ઊર્મિલહર

✲ સંપાદક : વિશન પાનબાઈ દેવરાજ નાગડા ✲

મિઠા,

પગ ઉપાડયોં ત પંધ ખુટેવારો જ વૅ. નૅર્યો ન પાં કાને-મંતર વિગરજેં કચ્છી શબ્દેંમેં ઠેઠ ''વલપ-વલર'' તઈ પંધ વઢી ગિડો ! ગે મેણેં પાં (૧) વલપ - વ્હાલપ, (૨) વલભ-વલ્લભ, (૩) વલર - ટોળું (પક્ષીઓનું) જી ગાલ કિઈ, વલપ ને વલભ ત સમજાણાં પણ વલર પાંકે ઠેઠ કચ્છ તઇં ખણીવ્યો. પાં મૂરેં ત ખેડૂ, હેઠ ધરતી ને મથે અભજા બાલૂડા ઇતરે પાંજે વડવેં કે જાધ કરી, અભ ડીયાં નજર કરી વલર જો સાર પામ્યાસીં, હાણે ? હાણે જેંકે પાં સોનજી મુંધ Golden Season ચિઈ સગો ઍડી વસ મંઢાણી આય.

૧) વસ (સ્ત્રી.) વર્ષા, વરસાદ (f) Rain (વાક્ય) હચાર કચ્છ મેં વસ ખાસી પિંઈ આય.

ખેડૂ, આડૂ (માલધારી, ઘેટાં-બકરાં, ગાય–ભેંસ કે ઊંટ આદિ ચરાવનાર) જી જિંધગી સૉ જે આંકડે જેડી ! પણ જ ૧૦૦ મિંજા વસ જો એકડો કઢી વિજોં ત ? હિકડે એકડે જે વિગ્રે સેં ખેડૂ-આડૂ જીવન શૂન્ય, જીવન મેં શૂન્યાવકાશ !

નોરતાં અઙણમેં અચી વ્યા ઈતરે હાણે ચોમાસો ઉતરંધો થ્યો ! વસ લા વસ કનાં પણ પ્રિય એડો શબ્દ આય મીં. એકાક્ષરી શબ્દેં મિંજાં જિજે મુલવારો મીં શબ્દ હાણે વરસાત ક વરસાધ / વરસાદ જો રૂપ ગિની ગિડેં આય પણ મીં ત મીં આય/ કચ્છીજી એકાક્ષરિતા, કચ્છી જી થોડે મેં જિજો ચિઈ સગેજી ખૂબી - લાઘવ જો ઉત્તમ ઉદાહરણ ! શબ્દજી ગાલ ત થીંધી પિઈ, અચો પાં મીં જી લોકવાણી કે જાધ કયૂં.

મીં આયો, માંધો આયો  
ધડકી ઊંછી લાડો આયો  
મીં આયો માંધો આયો  
ધરતી તૉજો લાડો આય

વસ વસ મીં ડો ડો ડીં  
ડુકારકે પાંયણૂં હણાં, સુગારીયો વસે

મીં મામલીયા મીં કર  
મૂંજે મામાંજો કોઠા ભર  
મીં આયો ને ગારો થ્યો  
ડુકારજો મોં કારો થયો !

નિંઢપણ જી લોકવાણી કૅડી બરૂકી આય ? !

પનપટી : હિકડી વસ ને સો રસ, હિકડો વરસાત ન વે, હિકડી વસ ન વે ત પોય જીવન સૂકો, રસ વિગરજો !

ભલેં તડેં કાગર લિખજા.

**- આંજો વિશન**  
**૯૮૨૦૪૫૬૮૯૯**

## 'હોળીનો રંગ'

ચાલો બધા મળીએ,
આપણા અહમ્‌ને ઠાલવીએ.
અને એક તણખાથી,
એની હોળી કરીએ.

પછી એના રંગના રંગોથી રંગાઈએ,
ચાલો આજે સૌ એક જેવા દેખાઈએ.
અરે ! ઓળખી પણ ન શકે સરજનહારો,
એવા વિચિત્ર થઈ ચિત્રાઈયે.

**પ્રવીણ જવેરબેન દામજી ગોગરી (પ્રેમ) - દહિંસર**
**ફોન: ૨૮૯૫ ૩૪૫૯**

• • • • • • • • • • • • • • • • •

## તઈં પુજાયો...

ઘણોં ડીં થેઆ માંની કે સીરે તઈં પુજાયો
સૂકો ચરી થકાસી ઘા નીરે તઈં પુજાયો

જેકે મિલોં બાર જીરા મિંજ અઈં મરેલા
બીં ભરા વે માડૂ એડે જીરે તઈં પુજાયો

ઠયો કિત તરા સેલોર ન વેં ઉર્યા પર્યા
ઉગ્યા અઈંયોં નિંઢે કો વીરે તઈં પુજાયો

મલમ અઈંયો નેં ફલી મથે રખી ડિનાં
રૂજ વારે ડીબો કેંજે ચીરે તઈં પુજાયો

કાંચજા ટુકર અસાંજે મનમેં મં ઠસાયો
'જવેરી એંયો 'કસભી' હીરે તઈં પુજાયો

**- હરેશ દરજી 'કસભી'**
નલિયા કચ્છ

## ગઝલ

કાવ્યનો કેફ લખનારમાં સાંપડે,
હોય વરસાદ, વરસાદમાં સાંપડે.

જોઈ સૌંદર્ય, લોકો કહે ચાંદ પણ!
ચાંદ તો માત્ર, અવકાશમાં સાંપડે!

ક્યાં છે બાબર, શિવાજી ને ઔરંગઝેબ!
એ તો સઘળા જ ઈતિહાસમાં સાંપડે.

સાચાં લોકો હંમેશાં રહે ચુપ અને,
હોય ખોટા એ, વિખવાદમાં સાંપડે!

કેટલાં છે દુઃખી પાંજરે પંખીઓ!
તો હંમેશાં એ, ફફડાટમાં સાંપડે!

બાળકોના પિતા હોય રત કામમાં,
'મંજુ' પણ માત, દરકારમાં સાંપડે.

- **મંજુલા એસ. રાંભિયા,** મુલુંડ

• • • • • • • • • • • • • • • • •

## હલોં

મિઠા ફલ ભાગ મ્યાં હલ લાઈંધા હલોં,
વાટ હલધેં મિણીસેં વિરાઈંધા હલોં!

કઈયું પાં હિત જીં, કરે ધુનીયાં પ તીં,
ખિલી રૂંગે જા રડપાં લિકાઈંધા હલોં,

મોર વેંધલ કે વાવડ પછોં પાં પકા,
વાટ પુઠલેં કે સચી વતાઈંધા હલોં!

બરેં નીરા-ય આગ જડેં જભરી લગે!
સુકા બરંધલ ડિસી પાં ઉજાઈંધા હલોં,

ધરધ ધિલ જા મિડે, ધારે છડીયૂં ''જયૂ''
ગજલ કીં ગીત કીં, પાં સિજાઈંધા હલો

**- જયેશ ભાનુશાલી ''જયૂ''**
સંદર્ભ- પુસ્તક - અખીયું – ૨૦૦૭

## ચોમાસું ચીરીને...

(ગીત)

ચોમાસું ચીરીને દોડે છે દન
        પણે વિચારો વહ્યાના ગાનમાં,
એટલે તો એષણાઓ આંટે ચઢીને
        પછી બેઠી છે બળબળતી રાનમાં
કોણ જાણે કેમ હવે રુંધાતા ઘાવને
        દેકારો પૂછે લગાવમાં,
અવઢવતી સાંકળને સાંકળે બાંધવા
        અંધારાં ઓળે છે દાવમાં!

કૂકડાની કૂક ઊઠી પરોઢિયે પૂછતી
        ઘંટૂલા સોહે શું તાનમાં?
ચોમાસું ચીરીને દોડે છે દન
        પણે વિચારો વહ્યાના ગાનમાં.

સાતે સાગર લઈ હાલ્યા છે દોર પણ
        લંગરે ઝાલીના પ્યાસને;
એટલે તો મુકામો દીસે છે તોય અને
        વંટોળિયો બાંધે વ્યાસને.
થાકીને થાક પછી બોલ્યો છે એમ કે
        ઝાડવું ના ઝૂક્યું નિશાનમાં,
ચોમાસું ચીરીને દોડે છે દન
        પણે વિચારો વહ્યાના ગાનમાં.

**- મંગળ રાવળ 'સ્નેહાતુર'**

• • • • • • • • • • • • • • • • •

સરીર પણ હિકડો ધવાખાનું આય 'તેજ',
તડેં તાં કાંકે ધર્ધ પિંઢઈ મીટી વંગેંતા ...!

✪✪✪

સંતે ભેરો વેજે તાં સંસાર તરા જે,
ફૂલેન જે વિચ્ચમેં તા બુસકાર માણા જે !

**કવિ 'તેજ'**

## જુગલબંધી

**(અછાંદસ)**

ઝંકાર સૂણીને તારનો,
મિજરાફને તાલનું સરનામું જડી ગયું,

ષડજ, ધૈવત, કોમળ, ગંધારને,
છેડવાનું બહાનું જડી ગયું.

તાર પર રિષભ, પંચમ, નિષાદની સરગમ અને
ડબીમાં મિજરાફને આશિયાનું જડી ગયું.

આરોહ અવરોહ સપ્તકે લહેરાયા,
સંગીતનું ઝૂમતું તરાનું જડી ગયું.

સંગતની ચીજ છે મિજરાફ,
પીરસે માલકૌંસમાં ત્રિતાલ,
શ્રોતાવૃંદ દીવાનું થઈ ગયું.

હકડેઠઠ શામિયાણો ડોલતો ઝૂમતો,
ગંધર્વોને તરંગોનું દસ્તાનું જડી ગયું.

દિવ્ય તાલની જુગલબંધીને,
'ભદ્રા' સૂરલોકનું નજરાણું જડી ગયું.

દસ્તાનું - હાથનું મોજું
મિજરાફ - તંતુવાદ્યની નખલી

**- ભાનુબેન સાવલા 'ભદ્રા'**
ગોરેગામ (ઈ)

• • • • • • • • • • • • • • • • • •

'તેજ' લિકાઈ કડેં લિકજે ન,
        ઈ જ સાધનાજી સાન,
પિંઢ હાજર ન-વૅ ને હકલ થીએ,
        ઈ સચ્ચો સનમાન !!

**કવિ 'તેજ'**

# શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
## અપડેટ

**તા. ૧ જુલાઈ, ૨૦૨૫ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫** (માનદ મંત્રીઓ)

❖ **સંજીવની સ્વાસ્થ્ય યોજના :**

મેડિકલ ક્ષેત્રે છેલ્લાં ૨૯ વર્ષથી ક.વી.ઓ. સેવા સમાજને આર્થિક કવચ પૂરું પાડતી આ ભગીરથ યોજના દાતાઓના અને સહયોગીઓના સહકારથી આ વર્ષે ૩૦માં વર્ષમાં પ્રવેશી છે.

આ વર્ષે આ યોજનાનું પ્રીમિયમ તા. ૧૪ જુલાઈથી ૨૮ જુલાઈ દરમ્યાન સેવા સમાજ ઉપરાંત વિવિધ સેન્ટર ઉપર સ્વીકારવામાં આવેલ. આ વર્ષે જનરલ ઈફકો ટોકિયો ઈન્શ્યોરન્સ કંપની અને નૅશનલ ઈન્શ્યોરન્સ કંપની બન્ને ઈન્શ્યોરન્સ કંપનીનું મળીને આશરે રૂા. ૨૬ કરોડ ૭૫ લાખની રકમ પ્રીમિયમ ચૂકવવામાં આવેલ છે અને ૬૭૫૦ મેમ્બરોએ પૉલિસી રિન્યૂ કરાવેલ.

પ્રીમિયમ દરનાં વધારાના કારણે પ્રીમિયમ ચુકવણી માટે આવેલ અડચણને ધ્યાનમાં રાખી સેવા સમાજમાંથી ૧૦૨ વ્યક્તિઓને રૂા. ૧૦,૯૮,૧૯૧ રકમની રાહત અને રૂા. ૨૬,૫૪,૩૨૩ રકમની લોન પ્રીમિયમ ભરવા માટે આપવામાં આવી છે.

આ યોજનાનાં શિખરો સહયોગીઓ દ્વારા અપાયેલ સાથ-સહકાર બદલ શ્રી. ક.વી.ઓ. સેવા સમાજ સૌનો આભાર માની અભિવંદના કરે છે.

* પ્રીમિયમમાં રાહત જાહેર કરનાર ગામનાં મહાજનો/મંડળો, સ્થાનિક સંસ્થાઓ, દાતાશ્રીઓનો
* પ્રીમિયમ કલેક્શન દરમ્યાન ચિંચબંદર મહાજન વાડી મધ્યે હૉલ અને અતિથિ ગૃહ ત્વરીત ફાળવી આપવા બદલ શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજનનો
* ખબરપત્રિકામાં સમયસર જાહેરાત પ્રસિદ્ધ કરી આપવા બદલ શ્રી ક.વી.ઓ. દે. જૈન મહાજન અને શ્રી ક.વી.ઓ. સ્થા. જૈન મહાજન સંચાલિત સંયુક્ત ખબર પત્રિકા સમિતિનો

  પ્રીમિયમ કલેક્શન માટે પોતાના પરિસર, સ્ટાફ અને સુચારુ વ્યવસ્થા ઊભી કરી આપી, ઉત્તમ સાથ-સહકાર આપનાર દરેક સેન્ટરના સંચાલક તેમ જ સંસ્થાના અધિકારીઓ
* શ્રી ડોંબિવલી ક.વી.ઓ. સેવા સમાજ
* શ્રી થાણા કચ્છી જૈન સેવા સમાજ
* શ્રી મુલુંડ ક.વી.ઓ. સમાજ

* શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન સંચાલિત શ્રી જીરાવાલા દેરાસર (ઘાટકોપર)
* શ્રી ક.વી.ઓ. જૈન મહાજન (બોરીવલી)
* શ્રી મલાડ કચ્છી જૈન યુવક સમાજ
* શ્રી ગોરેગામ ક.વી.ઓ. જૈન પ્રગતિ મંડળ
* શ્રી અંધેરી ક.વી.ઓ. સમાજ
* શ્રી કચ્છી યુવક સંઘ (નાલાસોપારા)
* શ્રી પુના કચ્છી જૈન સમાજ
* શ્રી સાંગલી કચ્છી જૈન સેવા સમાજ
* શ્રી કોલ્હાપુર ક.વી.ઓ. જૈન સમાજ
* સેવા સમાજ ઉપરાંત દરેક સેન્ટર પર પ્રીમિયમ ક્લેકશન માટે મદદરૂપ થનાર સર્વે વૉલિયેન્ટર ભાઈ-બહેનોનો
* પ્રત્યક્ષ કે પરોક્ષ, નામી-અનામી સહયોગ આપનાર સર્વે કાર્યકર્તાઓનો

**✤ બુક બૅન્ક :**

દર રવિવારે પુસ્તકોની આપ-લે કરવા માટે સેવા સમાજ મુખ્ય કાર્યાલય ઉપરાંત મુલુંડ, બોરીવલી અને વસઈ ખાતે બુક બૅન્ક ખુલ્લી રાખવામાં આવી હતી.

**✤ શૈક્ષણિક લોન યોજના :**

તા. ૨૮ જૂન, ૨૧ જુલાઈ અને ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મળેલ મિટિંગમાં ભારતમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરનાર ૫૪ વિદ્યાર્થીઓને રૂા. ૮૬,૧૩,૦૦૦/- તેમ જ તા. ૧ ઑગસ્ટના રોજ મળેલ મિટિંગમાં વિદેશ અભ્યાસ કરવા જનાર કુલ ૧૫ વિદ્યાર્થીઓને રૂા.૩૮,૦૦,૦૦૦/- રકમની લોન આપવામાં આવી.

**✤ રહેઠાણ લોન યોજના:**

તા. ૧૫ જુલાઈ અને ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મળેલ મિટિંગમાં વડાલા, ભુજપુર, પત્રી અને ડોણ ગામના કુલ ૪ વ્યક્તિને પોતીકા ઘર માટે રૂા. ૧૪ લાખની રકમ લોન પેઠે આપવામાં આવેલ.

**✤ સ્ત્રીઉત્કર્ષ યોજના :**

તા. ૧૨ સપ્ટેમ્બરના રાજે મળેલ મિટિગમાં ગામ ડુમરા અને નાની ખાખરની ૨ બહેનોને ગૃહઉદ્યોગ વિકસાવવા માટે રૂા. ૩,૦૦,૦૦૦/-ની રકમ લોન પેઠે આપવામાં આવેલ.

**✤ વૈદ્યકીય રાહત યોજના:**

તા. ૮ જુલાઈ, ૬ ઑગસ્ટ અને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મળેલ સમિતિની મિટિંગમાં ગામ મેરાઉ (૩), રતાડિયા ગણેશ, પુનડી, વિઢ, દેવપુર, વાંકી, વડાલા, ગઢશીશા, બાડા, નાગલપુર, નવીનાર (૨), સણોસરા, છસરા (૨), સાડાઉ (૨), તલવાણા, મુંદ્રા (૨), ડુમરા, ભુજપુર(૨), ભોજાય, લાખાપુર, કાંડાગરા (૨) , મોટા લાયજા, બિદડા, ચૂનડી, ડેપા, મકડા, શેરડી, મોટી ઉનડોઠ, કુલ ૩૬ ભાઈ-બહેનોનેરૂા. ૯,૧૪,૭૫૩/-ની સહાય મેડિક્લેમ ખર્ચ ઉપરાંત આપવામાં આવેલ.

# અનુદાન - આભાર

**તા. ૧ જુલાઈ, ૨૦૨૫ થી તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી આવેલ અનુદાનની યાદી**

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦,૦૦૦/- | શ્રી આસુ ગોસર અને કમલાબાઈ ટ્રસ્ટ (કોડાય-સાંતાક્રુઝ (ઈ) - વૈદ્યકીય સહાય |
| રૂા. | ૧૦,૦૦૦/- | ગોવાલિયા ટૅન્ક સખી મંડળ - વૈદ્યકીય સહાય |
| રૂા. | ૧,૧૨૧/- | તા. ૧૭ ઑક્ટોબરના સ્વ. શ્રી સુરેશ દેવરાજ ગાલા (મકડા - મુલુંડ)ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે - વૈદ્યકીય સહાય |
| રૂા. | ૧,૧૧૧/- | તા. ૨૭ જૂનનાં દોહિત્ર નિવંમ ક્ષિતિ અંકિતના પ્રથમ જન્મદિવસ નિમિત્તે પ્રોફેસર આશા ગાલા (તુંબડી/સાડાઉ - અંધેરી-ઈ) તરફથી |

દાતાશ્રીઓનો આભાર.

મળેલ અનુદાન નિમિત્તે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ દાતાશ્રીઓનો આભાર માને છે. સંસ્થાની સ્ત્રીઉત્કર્ષ યોજના, રહેઠાણ યોજના, વૈદ્યકીય સહાય, શૈક્ષણિક લોન, બુક બૅન્ક જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ અનુદાનમાં આયકર કલમ 80-G બાદ મળે છે.

Since 2000
100% Pure Vegetarian

श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी

Our Products
Bakery & Confectionery • Cakes & Patisserie
Indian Sweets • Hot Farsan
Dry Farsan • Low Calorie Food (Diet Food)

100% PURE JAIN PRODUCTS

3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092
✆ 72 77 88 33 55 / 800 9955 443

# સાંત્વન

(તા. ૧ ઑગસ્ટ, ૨૦૨૫ થી તા. ૩૧ ઑગસ્ટ, ૨૦૨૫)

ચક્ષુદાન : 👁 દેહ /ત્વચાદાન : ❂ અવયવદાન : ✹

## પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| દિનેશ વરજાંગ દેવજી શાહ /હરિયા | ૮૧ | હમલામંજલ | વડાલા |
| રાકેશ પ્રેમચંદ મેઘજી ગાલા | ૫૧ | નરેડી | થાણા |
| અ.સૌ. નયના તલકશી વીરજી ગાલા | ૫૨ | મોખા | મુલુંડ |
| ધર્મેશ ખુશાલ મુરજી છેડા | ૫૭ | દેઢિયા | થાણા |
| શામજી લખમશી વેરશી છેડા | ૮૨ | તલવાણા | થાણા |
| ચિ. રૂશીલ જયંત હેમરાજ ગંગર | ૩૩ | મેરાઉ | બોરીવલી |
| કલ્પના પ્રદીપ મુલચંદ દેઢિયા | ૫૯ | નાની તુંબડી | કલ્યાણ |
| હીરજી પાસુ આસુ રાંભિયા | ૮૮ | વિંઝાણ | સાંતાક્રુઝ |
| કલ્પેશ મુલચંદ ટોકરશી દેઢિયા | ૪૨ | મેરાઉ | ડોંબિવલી |
| અ.સૌ. ભારતીબેન રાઘવજી ખીમજી છેડા | ૭૭ | ભુજપુર | કાંદિવલી 👁 ❂ |
| હેમકુંવરબેન નાનજી તેજપાર છેડા | ૮૩ | ડેપા | ડોંબિવલી |
| સ્મિતા ભરત વશનજી શાહ /લાલન | ૬૧ | કોડાય | ચેમ્બુર |
| મા. પાનબાઈ વલ્લભજી ખીમજી મારુ | ૭૭ | ચાંગડાઈ | ડોંબિવલી |
| મંજુલાબેન હેમચંદ ખીમજી સાવલા | ૮૦ | નાની તુંબડી | દહિસર |
| કુરપાર મોણશી વીરજી દેઢિયા | ૬૬ | કાંડાગરા | અમદાવાદ |
| અરુણા જેઠાલાલ સુરજી ગાલા | ૭૩ | વડાલા | કાંદિવલી |
| પોપટલાલ કુંવરજી ઘેલા ગાલા | ૭૫ | છસરા | ડોંબિવલી ❂ |
| મગનલાલ ગણશી નંદુ | ૭૮ | વાંઢ | કાંદિવલી |
| અમૃતબેન ખીમજી ખેતશી છેડા | ૮૩ | રાયણ | સાંતાક્રુઝ |
| અ.સૌ. અલ્કા શૈલેશ નાનજી સાવલા | ૫૮ | સમાઘોઘા | મુલુંડ 👁 ❂ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| શરદ (રતાડિયા ગણેશનાં મા. શાંતાબેન શામજી વીશનજી છેડાના જમાઈ) | ૭૧ | – | ગોરેગામ |
| કેશવજી જેઠા રતનશી હરિયા | ૮૨ | શેરડી | આકોલા |
| નીતા ટોકરશી નાગજી ગંગર | ૫૭ | ગોધરા | વિલે પાર્લે |
| સુનીતા તલકશી કુંવરજી વિસરિયા | ૬૪ | મોખા | નવસારી |
| ચુનીલાલ ભવાનજી શિવજી રાંભિયા | ૮૩ | ગુંદાલા | પ્રભાદેવી |
| મણિલાલ મેઘજી વેલજી ગાલા | ૮૪ | લાખાપુર | વાશી |
| જય શશિકાંત હરશી દેઢિયા | ૩૯ | પત્રી | સુરત |
| પોપટલાલ વીજપાર લધા છેડા | ૭૦ | ગોધરા | સાંતાક્રુઝ |
| મા. ખેતબાઈ હીરજી નાનજી ગડા | ૯૯ | કોડાય | ઘોડપદેવ |
| મા. ઊર્મિલાબેન હરિલાલ વસનજી સાવલા | ૭૪ | વડાલા | કલ્યાણ |
| લાલજી મુરજી સાવલા | ૮૩ | ભીંસરા | ભીંસરા |
| મા. અમૃતબેન હીરજી જાદવજી ધરોડ | ૮૨ | પત્રી | કાંદિવલી |
| લીલાધર મેઘજી શાહ (ગડા) | ૭૪ | રાયણ | રાયણ (૪ ઉ) |
| ધનવંતી ધનજી હીરજી કારાણી | ૮૩ | ડુમરા | ઘાટકોપર |
| ભાનુબેન મગનલાલ વીરજી ગંગર | ૮૭ | બિદડા | મુલુંડ 👁 |
| દમયંતીબેન કરમશી ભાણજી ફુરિયા | ૧૦૧ | મેરાઉ | સાંતાક્રુઝ |
| હિના હિતેન્દ્ર નાનજી ગાલા | ૬૫ | મોટા આસંબિયા | વિલે પાર્લે |
| અ.સૌ. રંજનબેન લક્ષ્મીચંદ રતનશી ગોસર | ૭૧ | મંજલ રેલડિયા | નાગપુર |
| હીરાચંદ પ્રેમજી તેજપાર ગાલા (માલાણી) | ૭૧ | દેવપુર | વરલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| લાલજી કુંવરજી ઘેલા ગાલા | ૭૯ | છસરા | ડોંબિવલી |
| અમરતબેન શિવજી લાલજી નાગડા | ૯૩ | રામાણિયા | મુલુંડ |
| ઝવેરબેન ખીમજી વેલજી ધરોડ | ૯૬ | પત્રી (૧૧૭) | બોરીવલી |
| કિરીટ ગાંગજી લાલજી સંગોઈ | ૬૩ | પ્રાગપુર | ડોંબિવલી |
| અમૃતબેન પોપટલાલ કુંવરજી ગાલા | ૭૪ | છસરા | ડોંબિવલી |
| શાંતિલાલ હંસરાજ ભચુ ગોગરી | ૭૯ | કપાયા | નાલાસોપારા |
| લાલજી લખમશી દેઢિયા | ૮૬ | તલવાણા | આકોલા |
| નાનબાઈ શામજી કુંવરજી ગંગર | ૯૫ | છસરા | બોરીવલી |
| હેમકુંવરબેન મણિલાલ નાનજી ભેદા | ૮૪ | સાડાઉ | તિલકનગર |
| રાજેન્દ્ર લાલજી મેઘજી નાગડા | ૫૩ | ડુમરા | ડોંબિવલી |
| પારસ ઝવેરચંદ રતનશી નાગડા | ૩૪ | ડુમરા | ડુમરા |
| કલ્પનાબેન કાંતિલાલ ખીમજી વિસરિયા | ૬૧ | ગઢશીશા | ઘાટકોપર |
| લક્ષ્મીચંદ ખેરાજ વીરજી પાસડ | ૭૯ | દેઢિયા | જબલપુર |
| જખુ રાયશી વેલજી સાવલા | ૮૮ | નવાવાસ | મલાડ |
| અમૃતલાલ  મુરજી જેઠા ધરોડ | ૭૬ | નવીનાર | બોરીવલી |
| પ્રફુલ પોપટલાલ ભવાનજી વોરા | ૭૯ | નવીનાર | પુના (૩૭૭) |
| લીલાવંતી ધીરજ પ્રેમજી છેડા | ૮૧ | મોટી રાયણ | થાણા |
| નાનજી શામજી ધારશી ગાલા | ૯૧ | બિદડા | બેંગલોર |
| નરેશ લક્ષ્મીચંદ દામજી ગડા | ૫૯ | શેરડી | ડોંબિવલી |
| મુલચંદ વસનજી વરજાંગ દેઢિયા | ૭૬ | દેશલપુર | પવઈ |
| કાંતિલાલ તેજશી ઉમરશી ગંગર | ૮૦ | મોટી ખાખર | કર્ણાટક |
| અ.સૌ. કસ્તૂરબેન શાંતિલાલ ખીમજી વીરા | ૯૧ | ભુજપુર | કાંદિવલી |
| દિનેશ કલ્યાણજી કોરશી છેડા | ૬૩ | કાંડાગરા | ચેમ્બુર |
| વનીતા મુલચંદ માલશી ગંગર | ૭૨ | મોટી ખાખર | વાશી |
| ચુનીલાલ શામજી ખેતશી સાવલા | ૮૧ | રામાણિયા | વિરાર |
| રતનબેન નાનજી લખમશી નાગડા | ૮૭ | મોટી ઉનડોઠ | ડોંબિવલી |
| દેવમ મહેન્દ્ર તલકશી ફુરિયા | ૨૯ | ડોણ | વિદ્યાવિહાર |
| કાંતિલાલ દેવજી કાંઈયા ગાલા | ૭૧ | કાંડાગરા | બોરીવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મણિલાલ પદમશી રણશી સંગોઈ | ૭૫ | સમાઘોઘા | બોરીવલી |
| મહેન્દ્ર વિશનજી ડુંગરશી સાવલા | ૭૫ | સમાઘોઘા | મુલુંડ |
| પ્રેમજી હેમરાજ ખીમજી છેડા | ૭૯ | નાના આસંબિયા | નાલાસોપારા |
| અ.સૌ. મણિબેન કલ્યાણજી નાનજી વોરા | ૭૯ | રતાડિયા ગણેશ | સાંતાક્રુઝ (૧૮૭) |
| રત્નકુક્ષી મા. વેલબાઈ દામજી વેલજી દેઢિયા | ૯૧ | બાડા | દાદર |
| શાંતાબેન અરવિંદ દેવરાજ સૈયા | ૭૬ | સમાઘોઘા | મલાડ |
| પ્રેમજી પાલણ છેડા | ૮૭ | લાયજા | મલાડ |
| રતનબેન તલકશી મેઘજી ગોગરી | ૯૦ | કપાયા | દાદર |
| જવેરબેન ભવાનજી કેશવજી ધરોડ | ૯૦ | પત્રી | દહિંસર |
| સુષ્મા ચિરાગ પ્રેમજી શાહ (વોરા) | ૪૧ | નવાવાસ | પુણે |
| અ.સૌ. હેમલ પ્રીતુલ કાંતિલાલ શાહ | ૫૮ | મુંદ્રા | વડોદરા |
| હેમલતા ભવાનજી મુરજી પોલડિયા | ૭૮ | તલવાણા | થાણા |
| લક્ષ્મીચંદ વાલજી ગોવિંદજી મારુ | ૮૨ | ડુમરા | ભાવનગર |
| પ્રભાબેન ભોગીલાલ મગનલાલ શાહ | ૮૦ | બેરાજા | ડોંબિવલી |
| તેજસ ભરત કુંવરજી સૈયા | ૪૪ | ગેલડા | સાયન |
| કિરીટ નવીનચંદ્ર ગાંગજી મામણિયા | ૫૮ | કપાયા | મુલુંડ |
| અ.સૌ. અનીતા વિશનજી રણશી દેઢિયા | ૬૪ | તલવાણા | બોરીવલી |
| મા. સુશીલાબેન સુરજી વીરજી દેઢિયા | ૮૦ | વડાલા | કલ્યાણ |
| જિતેન્દ્ર ગાંગજી જખુ સૈયા | ૫૪ | ગેલડા | બોરીવલી |
| મુલચંદ પ્રેમજી ધારશી સંગોઈ | ૭૭ | નાની તુંબડી | મુલુંડ |
| લીલાવંતી રતિલાલ ધારશી ગાલા | ૯૨ | મોટા લાયજા | ગુંદાલા |
| અ.સૌ. જ્યોતિ ચુનીલાલ ભાણજી સાવલા | ૭૩ | નાગલપુર | કાંદિવલી |
| સવિતાબેન નરેન્દ્ર રવજી લાલન | ૭૭ | કોડાય | મદુરાઈ |
| | | | |

## પ્રાર્થના રાખેલ છે

| | | | |
|---|---|---|---|
| ગિરીશ રતિલાલ ભવાનજી સાવલા | ૬૨ | રાયણ | માહિમ |
| ભવાનજી ખીમજી નરશી ગંગર | ૭૬ | નાગલપુર | દાદર |
| નાગજી ગાંગજી હીરજી છાડવા | ૮૫ | મોટી ખાખર | ચેમ્બુર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| અ.સૌ. લીના જયેશ ભવાનજી સાવલા | ૫૦ | કોડાય | ઘાટકોપર |
| જિતેશ પ્રેમજી હંસરાજ ગાલા | ૬૪ | દેવપુર | માટુંગા |
| સરોજબેન પ્રેમજી ડુંગરશી ગાલા | ૭૦ | સાડાઉ | વિલે પાર્લે |
| કાનજી મઠુ પાંચારિયા વોરા | ૭૮ | છસરા | દહિંસર |
| એડ. નરેન્દ્ર લીલાધર કરમશી ગડા | ૯૬ | મંજલ રેલડિયા | બોરીવલી |
| ગં.સ્વ. ગુણવંતીબેન મહેન્દ્ર વીરપાર ભેદા | ૬૭ | મોખા | ડોંબિવલી |
| પ્રભાવતી દેવચંદ ભાણજી નાગડા | ૭૮ | ડુમરા | હૈદરાબાદ |
| મા. તારાબેન કે. પી. શાહ / ગડા | ૯૫ | દુર્ગાપુર | માટુંગા |
| અ.સૌ. નાનુબેન ચાંપશી હોથીભાઈ ગાલા | ૮૧ | ભચાઉ | દાદર |
| પ્રેમજી કરમશી પાસુ વીરા | ૮૯ | દેવપુર | ગ્રાન્ટ રોડ |
| ગૌરીબેન વાઘજી હેમરાજ છાડવા | ૮૨ | સામખિયારી | મલાડ |
| ઝવેરચંદ હીરજી વેરશી રાંભિયા | ૮૩ | રામાણિયા | મુલુંડ |
| અ.સૌ. કલ્પના હસમુખ દેવજી ગડા | ૬૧ | નવાવાસ | મલાડ |
| બકુલ ચાંપશી દામજી ગડા | ૫૮ | બાડા | નાલાસોપારા |
| પ્રફુલ મગનલાલ ખીમજી સંગોઈ | ૬૪ | લાખાપુર | દાદર |
| પ્રીતિબેન પ્રવીણ આણંદજી વોરા | ૭૨ | નવીનાળ | બોરીવલી |
| સુરેશ વિશનજી ખેરાજ નાગડા | ૫૪ | ભોજાય | કલ્યાણ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| મિલિન હરખચંદ તલકશી સાવલા | ૪૧ | મોટા આસંબિયા | બોરીવલી |
| લખમશી નરશી વાલજી નાગડા | ૮૩ | સણોસરા | દાદર |
| વિમળાબેન ખેરાજ આસારિયા ગડા | ૭૮ | ભોજાય | કોલીવાડા |
| અ.સૌ. હેમન હેમચંદ રતિલાલ ગડા | ૭૮ | મોટી રાયણ | અંધેરી |
| રવિશ (રિંકુ) રામજી વેલજી ગડા | ૪૪ | કોડાય | વિલે પાર્લે |
| મગનલાલ કરમશી ઘેલા દેઢિયા | ૯૩ | ગુંદાલા | પરેલ |
| ધીરજ રામજી દેવજી સાવલા | ૭૦ | ભીંસરા | હૈદરાબાદ |
| મા. હેમલતાબેન ધીરજલાલ વેરશી ગાલા | ૭૩ | સમાઘોઘા | ઘાટકોપર |
| ભરત દામજી ભવાનજી ગાલા | ૬૩ | ફરાદી | ચિંચપોકલી |
| હેમલતાબેન વેલજી હરખચંદ નિસર | ૭૮ | લાકડિયા | અંધેરી |
| અ.સૌ. ધ્વનિ પ્રશાંત લક્ષ્મીચંદ મારુ | ૩૭ | હાલાપુર | મુલુંડ |
| પ્રેમજી કોરશી રાઘવજી છેડા | ૮૪ | પુનડી | ઘાટકોપર |
| કલ્યાણજી વીરજી ચાંપશી સાવલા | ૯૩ | મોટા આસંબિયા | વાપી |
| અ.સૌ. રેખાબેન હર્ષદ હીરજી ગાલા | ૬૭ | ભોજાય | વિલે પાર્લે |
| હરખચંદ હીરજી પુનશી ગાલા | ૭૪ | દેવપુર | તાડદેવ |
| હીરાલાલ પ્રેમજી ગોવર નાગડા | ૭૫ | નરેડી | અંબરનાથ |
| શાંતિભાઈ રતનશી વેલજી સાવલા | ૮૦ | મોટા આસંબિયા | ભાયખલા |

આવતીકાલ ક્યારેય આવતી નથી.
એ જ્યારે પણ આવે છે આજ બનીને
આવે છે, માટે આવતીકાલે જે કંઈપણ
સારુ કરવાની ઈચ્છા હોય એની
શરૂઆત આજથી જ કરો.

✪ ✪ ✪

જો તમે સંઘર્ષને પોતાની આદત
બનાવી લેશો તો, સફળતા તમારી
તકદીર બની જશે.

હિંમત ન હરાશો
કારણ કે પર્વતો પરથી નીકળેલી નદીએ
આજ સુધી રસ્તામાં કોઈને પુછયુ નથી
કે સમુદ્ર કેટલો દૂર છે

✪ ✪ ✪

મંઝિલે મંઝિલે વિસામાં નથી હોતાં
સાથે ચાલનારા દરેક સથવારા નથી હોતાં
મળે છે લાખો લોકો આ ટૂકી જિંદગીમાં,
પણ તમને ગમતાં તમારા નથી હોતાં.


network techlab
Adding Values to Work
"OOPS!
ANOTHER POWER CUT!"
India's most chanted sermon during monsoons. But don't lose hope. While we may not have a savior in shining armor to miraculously bring back the electricity, we do have a powerful solution: UPS systems.
Why Choose Our UPS Systems?
Uninterrupted Productivity
Superior Protection
Energy Efficiency
Easy Installation and Maintenance
EASY TO INSTALL
Don't let power cuts dim your productivity and peace of mind. Embrace the era of UPS systems and ensure that you are always powered up, no matter what.
info@netlabindia.com
+91 88790 04536
Head- Office: - 41, Sarvodaya Ind. Est., Off. Mahakali Caves Road, Andheri (E.), Mumbai, 400093
Main Branch: - Plot no. A-142, Rd Number 23, Wagle Industrial Estate, Thane (W.), Thane, 400604
Mumbai | Navi Mumbai | Ahmedabad | Vadodara | Vapi | Pune | Bangalore | Chennai | Goa | Delhi | Kolkata

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) OCTOBER 2025 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

સંજીવની સ્વાસ્થ્ય યોજના

બુક બેંક

પગદંડી

સાંસ્કૃતિક કાર્યક્રમ

સમુહ લગ્ન

સ્ત્રી ઉત્કર્ષ લોન

શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ

રમતગમત

વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET

રહેઠાણ લોન

શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ